| | | |
|---|---|---|
| ૯૦. | મન રે તું વૃક્ષન કો મત લે | ૭૪ |
| ૯૧. | બોલો ભૈયા ગોવિંદ કૃષ્ણ હરિ | ૭૪ |
| ૯૨. | અવસર બેર બેર નહિ આવે | ૭૫ |
| ૯૩. | ભઈ અબ ગિરિધર સોં પહિચાન | ૭૬ |
| ૯૪. | પ્રભુ મેં સબ પતિતન કો ટીકો | ૭૬ |
| ૯૫. | પ્રભુ હોં સબ પતિતન કો નાયક | ૭૭ |
| ૯૬. | શ્રી વલ્લભ અબકી બેર ઉબારો | ૭૮ |
| ૯૭. | કેતે દિન વ્હે ગયે જુ બિન દેખે | ૭૯ |
| ૯૮. | હરિ તેરી લીલાકી શુધ્ધી આવે | ૮૦ |
| ૯૯. | ઉધો મન ન ભયે દશ વિશ | ૮૦ |
| ૧૦૦. | યહ માંગો સંકર્ષણ વિર | ૮૧ |
| ૧૦૧. | યહ માંગો યશોદા નંદ નંદન | ૮૨ |
| ૧૦૨. | ગુરુ બિના કોન ઐસી કરે | ૮૨ |
| ૧૦૩. | મધુર વૃજ દેશ યશ મધુર કી નો | ૮૩ |
| ૧૦૪. | શ્રી વલ્લભ પ્રભુ અતિ દયાલ | ૮૪ |
| ૧૦૫. | શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે | ૮૫ |
| ૧૦૬. | અરે મન શ્રી વલ્લભ ગુન ગાય | ૮૬ |
| ૧૦૭. | મન રે તું શ્રી વલ્લભ કહી રે | ૮૭ |
| ૧૦૮. | શ્રી વલ્લભ કે ચરન શરન ગ્રહી | ૮૭ |
| ૧૦૯. | બિરાજે શ્રીવલ્લભ મહારાજ ગોકુલ ગામ | ૮૭ |
| ૧૧૦. | શ્રીવલ્લભ લીજે મોહી બુલાય | ૮૮ |
| ૧૧૧. | ભજીયે વલ્લભ વર ચરણ | ૮૮ |
| ૧૧૨. | નિશદિન શ્રી વલ્લભ ગુન ગાયો | ૮૯ |
| ૧૧૩. | જય શ્રી વલ્લભ ચરન કમલ શિર નાઈયે | ૮૯ |
| ૧૧૪. | ભરૂસો શ્રી વલ્લભ હી કો રાખો | ૯૦ |
| ૧૧૫. | સુખ નિધિ શ્રી ગિરિરાજ તળેટી | ૯૦ |
| ૧૧૬. | દેખોગે કબ મેરી ઓર | ૯૧ |
| ૧૧૭. | શ્રી વલ્લભ લીજે મોહિ ઉબારી | ૯૨ |
| ૧૧૮. | જીન શ્રી વલ્લભ રૂપ ન જાન્યો | ૯૩ |
| ૧૧૯. | ગિરિધર લાલ શરન તેરે આયો | ૯૩ |
| ૧૨૦. | યશુમતિ સુત દીજે મોહી દરશન | ૯૪ |
| ૧૨૧. | શ્રી વલ્લભ અબકે લેહો બચાય | ૯૫ |
| ૧૨૨. | અબહી આયો હું નેરો શ્રી વલ્લભ | ૯૫ |


# દીનતા - આશ્રયના પદ


| | | |
|---|---|---|
| ૧૨૩. | શ્રી વિઠ્ઠલનાથ કે શરન મેં આવત | ૯૬ |
| ૧૨૪. | ભૂતલ અદ્ભુત વર્ષા આઈ | ૯૭ |
| ૧૨૫. | શ્રી વિઠ્ઠલનાથ જુકે ચરન કમલ | ૯૮ |
| ૧૨૬. | શ્રી વલ્લભ જૈસો હું તૈસો તેરો | ૯૮ |
| ૧૨૭. | શ્રી વલ્લભ મહા રસ સિંધુ સમાન | ૯૯ |
| ૧૨૮. | શ્રી વલ્લભ ચરન લગ્યો ચિત્ત મેરો | ૧૦૧ |
| ૧૨૯. | વૃજ કે વિરહી લોગ વિચારે | ૧૦૩ |
| ૧૩૦. | હરિ હરિ છાંડ ડે દુસરી ન કીજે બાત | ૧૦૪ |
| ૧૩૧. | જગમેં સોહી જીવ બડભાગી | ૧૦૬ |
| ૧૩૨. | શ્રી મદાચાર્ય જુ કે ચરન | ૧૦૭ |
| ૧૩૩. | વૃજ ભૂમિ મોહની મેં જાની | ૧૦૮ |
| ૧૩૪. | તુમ શરનાંગત આયો શ્રી વલ્લભ | ૧૧૦ |
| ૧૩૫. | યામેં કહા ઘટેગો તેરો | ૧૧૧ |
| ૧૩૬. | કોન રસિક હે ઈન બાતન કો | ૧૧૨ |
| ૧૩૭. | નાહિન પરત ચિત્ત ચેન | ૧૧૪ |
| ૧૩૮. | ચંદ લગ્યો દુઃખ દેન પિય બિન | ૧૧૪ |
| ૧૩૯. | હોં તન રંક તિહારો શ્રી મહા પ્રભુ | ૧૧૫ |
| ૧૪૦. | જે જન શ્રી વલ્લભ વર વર્યો | ૧૧૬ |
| ૧૪૧. | ચતુરાઈ તાકી સાચી | ૧૧૭ |
| ૧૪૨. | શ્રી વલ્લભ શ્રી વલ્લભ વલ્લભ | ૧૧૯ |
| ૧૪૩. | શ્રી વલ્લભ રોમ રોમ રસ ઝલકે | ૧૨૦ |
| ૧૪૪. | શ્રી વિઠ્ઠલનાથ ચંદ ઉગ્યો જગમેં | ૧૨૧ |
| ૧૪૫. | ઉત્તમ કુલ અવતાર કહા જો | ૧૨૨ |
| ૧૪૬. | કલિ યુગ સબ યુગ તે અધિકાઈ | ૧૨૪ |
| ૧૪૭. | શ્રી વલ્લભ અબતો ભયો તિહારો | ૧૨૫ |
| ૧૪૮. | શ્રી વલ્લભ કૃપા કટાક્ષ નિહારો | ૧૨૬ |
| ૧૪૯. | હમજો કરેં તાસો નરક ઠરે | ૧૨૭ |
| ૧૫૦. | સેવક કહાય સેવા નહી કીની | ૧૨૮ |
| ૧૫૧. | અબ કહા સોચત અજ્ઞાની | ૧૨૮ |
| ૧૫૨. | ધન હી ધન કરત સબ ખોયો | ૧૨૯ |
| ૧૫૩. | નિત ઉઠી શ્રી વલ્લભ શ્રી વલ્લભ કહીયે | ૧૩૦ |
| ૧૫૪. | શ્રીગોવર્ધન વાસી સાંવરે લાલ | ૧૩૧ |
| ૧૫૫. | દઢ ઈન ચરનન કેરો ભરોસો | ૧૪૭ |

## પદ ૯૦મું (રાગ : બિહાગ) પરોપકારી વૃક્ષ

મનરે તું વૃક્ષન કો મત લે ।
કાટે તા પર કોધ નહી સીંચે તાપર નહી સ્નેહ ॥૧॥
જો કોઇ વા પર પત્થર ચલાવે તાહીકો ફલ દેત ।
આપ શિર પર ધુપ સહત હે ઔરન કું સુખ દેત ॥૨॥
ધન ધન જડ એ પરમ પદારથ વૃથા માનુષ દેહ ।
'સૂરદાસ' મન વચન કર્મ કરી ભક્તન કો મત એહ ॥૩॥

**ભાવાર્થ** - સંસારમાં આવી પરોપકારી જીવન જીવવાનું અત્રે વૃક્ષનું દ્રષ્ટાંત આપ્યું છે કે વૈષ્ણવો આવા ગુણવાળા હોય છે. જેવી રીતે વૃક્ષ કોઈથી કાંઈ લેતુ નથી તેમ તેને માટે નાનુ મોટું કોઈ નથી તેમ માનવ પશુ પંખી કોઈનો ભેદ નથી પોતાનું કે પારકું કોઈ નથી કોઈ તેને કાપે છે તો તેના ઉપર તે ક્રોધ કરતું નથી કોઈ જળથી સીંચન કરે છે તેના ઉપર તેને સ્નેહ નથી. કોઈ તેને પત્થર મારે છે તેનો રોષ નથી ઉલટાનું ફળ આપે છે. ઉનાળામાં ધોમ તડકો પોતાને માથે ઝેલી અને એને આશરે બેઠેલાને શિતલ છાંય આપે છે તેને ભેદ નથી, મનુષ્ય હોય કે પશુ હોય પાપી હોય કે પૂન્યશાળી હોય, તે તો તેને આશ્રયે આવેલાને ઠંડી હવા અને શિતળ છાંહથી તેનું સન્માન કરે છે. સૂરદાસજી કહે છે ધન્ય છે તેને વૃક્ષયોનિમાં આવી કેવળ પરમારથનું જ આવું કામ કરે છે. આવું ઉદાહરણ બીજું ગોત્યું નહીં જડે તેનાથી ઉલટું માનવ દેહધારી બનીને કેવળ પોતે જ સુખી થવા માટે સારા નરસા કામો કર્યા, સ્વાર્થી જીવન જીવ્યા, પરમાર્થ ન કર્યું, તો કર્યું શું ? વૃથા જન્મ ગુમાવ્યો.

## પદ ૯૧મું (રાગ : બિહાગ) આશ્રય

બોલો ભૈયા ગોવિંદ કૃષ્ણ હરિ ।
માલ દામ કછુ લાગત નાહી ના છુટત ગઠરી ॥૧॥
યહ કાયા કાગજ કી પુતરી છીનમેં જાત જરી ।
જા મુખ 'સૂર' પ્રભુ નહી સુમરત તા મુખ ધુર પરી ॥૨॥

**ભાવાર્થ** - માનવ દેહ ધરીને બીજુ કોઈ સાધન ન મળે તો કેવળ ગોવિંદનું નામ સ્મરણ કરવું પ્રભુ નામ સ્મરણમાં કોઈ માલદામનું ખરચ આવતું નથી મુખથી વૃથા લાપ કરવાને બદલે પ્રભુનું નામ લેવું. મનનું કામ ભટકવાનું છે. તે કાબુમાં રહેવું મુશ્કેલ છે તે ભલે ભટકે પણ મુખથી નામ સ્મરણ કરવું તો પણ જીવન કૃતાર્થ થાય છે આ દેહમાં મોહ છે તેને સુખી રાખવા અનેક પ્રયત્નો કરાય છે પરંતુ કાગળની પુતળી સમાન બળીને ભસ્મ થઈ જશે કેમ કે ભીતર બેઠેલો જીવ



ક્યારે છોડીને ચાલ્યો જશે તે કોઈ જાણતું નથી.પછી કાયા નકામી થઈ પડે છે જીવની સાથે ઈંદ્રિયોનાં દેવો ચાલ્યા જાય છે પછી બોલાશે નહી માટે જ સૂરદાસજી કહે છે પ્રભુનામ સ્મરણ કરો. જે કોઈ આ તત્વ ન જાણે તેનાં મુખમાં ધુળ પડી.

## પદ ૯૨મું (રાગ : બિહાગ) વૈરાગ્ય

અવસર બેર બેર નહી આવે ।
જો જાને તો કરલે ભલાઇ જનમો જનમ સુખ પાવે ॥૧॥
સુત દારા અંજલીકો પાની ઘટત બેર નહી લાગે ।
છુટ્યો તન ધન કોન કામ કો કૃપણ કહાજી કહાવે ॥૨॥
જાકો મન લાગ્યો શ્રી કૃષ્ણસુ તાહી ઔર નહી ભાવે ।
'સૂરદાસ' પ્રભુ આનંદ સાગર ક્યોં ન પ્રેમ ધરી ગાવે ॥૩॥

**ભાવાર્થ** - મનુષ્ય જન્મ દુલર્ભ છે વારંવાર મળશે નહી આવો અવસર તારા હાથમાં આવ્યો છે તેનો સાર સમજીને સદ્ઉપયોગ કરી લે જેનાથી જનમો જનમ સુખ પ્રાપ્ત કરીશ આ જગત પ્રભુનું ક્રિડા ભાંડ છે તેમાં અનેક સ્વભાવનાં મનુષ્યો પોતાને ગમતાં સારા નરસા કર્મો કરી તેને ભોગવે છે. તેમાં કોઈ તો કર્મનાં બંધન વધારે છે અને કોઈ આવેલા અવસર નો લાભ લઈ પ્રભુ ભક્તિ રૂપી સત્કર્મ કરીને જીવન કૃતાર્થ બનાવે છે. કેમકે બીજી યોનિમાં કોઈ સમજ આવી હોતી નથી તેથી આત્મ કલ્યાણ થઈ શકતું નથી. તેમજ જીવ કઈ કઈ યોનિમાં ક્યારે ફરે છે તે કાંઈ સમજ રહેતી નથી કર્મ પ્રધાન તે કેવળ માનવ દેહથી જ શુભ અશુભ કર્મ બંધાય છે.

કર્મનાં બંધનથી એક જ ઘરમાં એકત્ર થયેલા કાળે કરી ભેગા થાય અને કાળે કરી એક પછી એક જુદા પડતા જાય અને જુદા પડયા પછી બધી સગાઈ પૂરી થઈ જીવ આ ખોળીયા માંથી નીકળી બીજે ગયો, ત્યાં નવી દેહ નવા માતા પિતા મલ્યા જુનું બધું ભુલાઈ ગયું પરંતુ કરેલા કર્મો તો સાથે જ રહે છે. અત્રેનું મેળવેલું ધન અહીં જ રહ્યું. જયારે દેહ પડી ગઈ ત્યારે અહીંનું કાંઈ પણ તારૂ રહ્યું જ નહી. સંસારમાં આવી તું તો કૃપણ કહેવરાવ્યો નિંદાને પાત્ર બન્યો. કમાવાવાળો ચાલ્યો ગયો અને ભોગવવાળા જુદા જ રહ્યા જેમ કીડી ભોંયમાં કણ એકઠું કરે ને ખાય તેતર આવું બને છે માટે પ્રભુનું સુમરણ કરી લે સૂરદાસજી કહે છે જેનું મન ભગવાન શ્રી કૃષ્ણમાં લાગે છે તેને માયાનાં ગુણો બાધા કરી શકતા નથી પ્રભુ આનંદ સાગર છે તેને પ્રાપ્ત કરવા પ્રભુ ભજન કરી લે.

## પદ ૯૩મું (રાગ : બિહાગ) આશ્રય

**ભઇ અબ ગિરિધર સોં પહિચાન ।**
**કપટ રુપ વ્હે છલવે આયો પુરૂષોત્તમ નહી જાન ॥૧॥**
**છોટો લગે કછુ નહી સમજ્યો છાઇ રહ્યો અજ્ઞાન ।**
**'છીતસ્વામી' દેખત અપનાયો શ્રી વિઠ્ઠલ કૃપા નિધાન ॥૨॥**

**ભાવાર્થ** - આ પદ, જયારે ચિત્ત સ્વામી ગોકુલમાં આવી શ્રી ગુસાંઇજીનાં સન્મુખ થયા ત્યારનું છે, જેમને સાક્ષાત્કારમાં પૂર્ણ પુરૂષોત્તમનાં દર્શન થયા હતા ત્યારે તેનું મલિન મન શુધ્ધ થયું ને આ પદ ગાયું.

હવે મને ગિરિધરથી ઓળખાણ થઈ. હું કપટી છું કપટ કરવા આવ્યો હતો. ખોટું નાળીયેર અને ખોટો રૂપીયો ધરી પરિક્ષા લેવા આવ્યો હતો. મને એવી ભાન ન રહી કે હું કેની પાસે કપટ કરવા આવ્યો છું. અત્રે તો સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમ કોટી કંદર્પલાવણ્ય ગિરિરાજને ધારણ કરવાવાળા બિરાજમાન છે. મારૂં કપટ મનુષ્ય સામે ચાલે, પ્રભુ સામે ચાલે નહી. નાના મોટાનું ભાન ન રહ્યું. ક્યાં જીવ અને ક્યાં ઈશ્વર ! શ્રી ગુસાંઈજી તો સાક્ષાત ગિરિધર છે. હું તો કપટ અને અજ્ઞાનતાથી ભરેલો આંધળો બની પરિક્ષા કરવા આવેલ હતો. પરંતુ પ્રભુએ પોતાનો માની કૃપા વિચારી મને અપનાવ્યો મારી અવિદ્યા દૂર કરી. આવી રીતે કૃપા નિધાન શ્રી ગુસાંઇજી લીલાનાં જીવને શરણે લીધો. શ્રી ગુસાંઈજી એવું કૃપા બળ બતાવતાં કે જે કોઈ સન્મુખતા પ્રાપ્ત કરે તેમનો દર્શન થતાં જ સાક્ષાત કોટી કંદર્પ લાવણ્યરૂપે દર્શન દેતા શરણે તો પછી આવતા સન્મુખ થતાં લીલાનાં જીવોની લીલાની સ્મૃતિ થઈ આવતી, તેથી તેઓ શરણે આવતાં જ અનન્યતા પ્રાપ્ત કરી લેતા.

## પદ ૯૪મું (રાગ : બિહાગ)

**પ્રભુ મેં સબ પતિતન કો ટીકો ।**
**ઔર પતિત સબ ઘોસ ચાર કે હોં તો જન્મત હીંકો ॥૧॥**
**બધિક અજામિલ ગણિકા તારી ઔર પૂતના હી કો ।**
**મોહિ છાંડ તુમ ઔર ઉધ્ધારે મિટે શૂલ કૈસે જીયકો ॥૨॥**
**કોઉ ન સમરથ શુધ્ધ કરન કો ખેચી કરત હોં લી કો ।**
**મરિયત લાજ ''સૂર'' પતિતનમેં કહત સબે મોહે નીકો ॥૩॥**

**ભાવાર્થ** - પ્રભુ આપનો આશ્રય છોડી દૂર રહેવાવાળા બધા પતિતો જ હોય છે. તેથી તેની કૃતિ જોવા લાયક હોતી નથી. આવા મહાન પતિતોમાં હું શ્રેષ્ઠ પતિત છું. બીજા પતિતો થોડા દિવસથી બનેલા હશે. પરંતુ હું તો જન્મથી જ



પતિત છું. મહાન પાપી અજામિલ, ગણિકા, પૂતના આદિનો આપે ઉધ્ધાર કર્યો. જેથી આપનું નામ પતિત ઉધ્ધારન પડ્યું છે. એવા અનેકોનો ઉધ્ધાર કર્યો પતિતોમાં મને એકનેજ છોડી દીધો છે. જેથી મારા મનમાં ઉંડુ શૂલ રૂપી ખેદ થાય છે. તો શું? પતિત બનવામાં હજુ કોઈ ખામી રહી ગઈ છે ! હું કેવો પતિત બનું ત્યારે મારો ઉધ્ધાર કરો ! હું તો લખીને આપું છું કે મારો ઉધ્ધાર કરવા આપના સિવાઈ બીજો સમર્થ નથી. હું તો લાજે મરૂં છું કે બધા પતિતોમાં હું શિરમોર કહેવરાવું છું. બધા મને ઉત્તમ પતિત કહે છે.

## પદ ૯૫મું (રાગ : બિહાગ)

**પ્રભુ હોં સબ પતિતન કો નાયક ।**
**કો કરી શકે બરોબરી મેરી ઇતે માન કે લાયક ॥૧॥**
**જો તુમ અજામિલ સોં કીની સો પાંતિ લીખ પાઉં ।**
**હોય વિશ્વાસ ભલો જીય અપને ઓરહી પતિત બુલાઉં ॥૨॥**
**સિમિટ જહાં તહાંતે સબ કોઉ આય જુરે એક ઠોરે ।**
**અબ કે ઇતને આન મિલાઉ ફેર દુસરી ઔરે ॥૩॥**
**હોડા હોડી મગ હુલાસ કરી કરે પાપ ભરી પેટ ।**
**સબ હીન લે પાયન તર પર હું યહી હમારી ભેટ ॥૫॥**
**ઐસી કેતીક બતાઉ પ્રાનપતિ સુમરિત વ્હે ભયો આડો ।**
**અબકી છોર નિબેર લેહુ પ્રભુ 'સૂર' પતિતન મેં ઠાડો ॥૬॥**

**ભાવાર્થ** - પ્રભુ હું બધા પતિતોનો નાયક (ઉપરી છું) તેથી નાયકની પદવી મળી છે મારી બરોબરી પતિતોમાં કોઈ કરી શકે તેમ નથી. જેમ આપે અજામિલનો ઉધ્ધાર કર્યો તેમ મારો એક નામથી ઉધ્ધાર કરો. હું કોઈ બીજા પતિતોથી ઓછો નથી મારી પાસે પતિતોની ફોજ છે. કહોતો, આપની સામે લાવી હાજર કરું. જે મારી સાક્ષી રૂપ છે તેથી ખાત્રી થઈ જશે કે હું એનો નાયક છું. મેં તો વિણી વિણીને ફોજ એકત્રિત કરી છે. અત્યારે તો આટલા લાવું પાછા વળી હું બીજા લાવીશ. જેઓ પાપ કર્મ કરી પેટ ભરે છે. જેઓ હોડા હોડી કરીને અને એક બીજાથી ચઢીયાતા થવા ચાહે છે. આવા પતિતોની હું આપને ભેટ ધરીશ જેને હું મારી મુડી સમજું છું. તેનો આપ મારા તરફની ભેટરૂપે સ્વિકાર કરો. આવી ભેટ હું એકવાર નહી અનેક વાર કરી બતાવું કે અમે કેવા પતિત છીએ કેવડી મોટી ફોજ તેનો હું નાયક છું. અમે એટલાં બધા અધમ છીએ કે સત્કર્મ થી દૂર રહેવાવાળા આપનું નામ શુધ્ધા લઈ શકતા નથી, માટે આવેલા આટલાનો આપ સ્વિકાર કરો પછી બીજીવાર વધારે લાવી ભેટ કરીશ.

ટીપ : સૂરદાસજી મહાન ભગવત ભક્ત થયા. પહેલાં પોતે સ્વામી હતા, સેવકો કરતાં. પરંતુ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા ત્યારથી સ્વામીપણું છોડી દીધું. સેવક બન્યા ત્યારે તેણે જે અજ્ઞાનતામાં સેવકો બનાવ્યા હતા તે બધાનો ઉધ્ધાર થાય તે માટે શ્રી વલ્લભ પ્રભુની સન્મુખ આ રીતે હું પતિત છું એમ કહી અને તેનાં સેવકોનો ઉધ્ધાર કરવાની ઈચ્છા કરે છે. સૂરદાસજી આપ તો તરી ગયા અને તેનાં સાથીઓનો પણ ઉધ્ધાર કરાવ્યો. તેમનો જે સંગ કરે તેને પ્રેમ ભાવભક્તિનો લાભ આપતાં. ભક્તિ વગરનું જીવન તે પતિત સમાન માનતા, પતિત કહેતાં પ્રભુ ન ભજે તેનુ મોઢું કાળું આમ સમજી પશ્ચાતાપ કર્યો છે. જેમ ભટકતો તરસ્યો કોઈ ગંગાજીને કિનારે પહુંચે ત્યારે પેટ ભરીને પ્યાસ બુઝાવે, તેમ સૂરદાસજીને સમર્થ ગુરૂ રૂપે શ્રી વલ્લભ ચરણ સરોવર પ્રાપ્ત થયું તેનો લાભ લઈ પોતે તો કૃતાર્થ બન્યા પરંતુ બીજા અનેકોને શ્રી વલ્લભના શરણે લાવી તેઓને કૃતાર્થ કર્યા.

## પદ ૯૬મું (રાગ : બિહાગ)

**શ્રી વલ્લભ અબકી બેર ઉબારો ।**
**સબ પતિતનમેં વિખ્યાત પતિતહું પાવન નામ તિહારો ॥૧॥**
**ઔર પતિત નાહી મેરે સહ અજામિલ કોન બિચારો ।**
**ભાજ્યો નરક નામ સુન મેરો યમને દીયો હડતાલો ॥૨॥**
**કૃપા સિંધુ કરૂણા નિધિ કેશવ અબ ન કરોગે ઉધ્ધારો ।**
**'સૂર' અધમકો કહું ઠોર નહી બિના શરણ તિહારો ॥૩॥**

**ભાવાર્થ** - નિરાધારનાં આધાર રૂપ અશરણ શરણ એવા શ્રી વલ્લભ પ્રભુ આ વારે તો આપ પોતાનો માની મારો ઉધ્ધાર કરો આપ પતિત ઉધ્ધાર છો, હું પતિતોમાં પણ મહાન પતિત છું આપ પતિત પાવન, પાવનકારી એવું આપનું નામ છે. ત્યારે મારા સમાન પતિત બીજે ક્યાંય ગોત્યો નહી જડે. જેનાં એક નામે આપે ઉધ્ધાર કર્યો તે અજામિલ બાપડો મારી હોડ કરી શકે તેમ નથી, આવો પ્રબળ પતિત છું મને જોઈને નર્કનાં દરવાજા પણ બંધ થઈ જાય છે. યમરાજ પણ વિચારે છે કે આવા પતિતને રાખવો ક્યાં ? તેમ હતાશ થઈ બેસી જાય છે. કરૂણાનાં કરવાવાળા કૃપાનાં સાગર રૂપ હવે શરણે આવ્યો છું સૂરદાસજી કહે છે કે નિરાધારના આધાર રૂપ છો માટે શ્રી વલ્લભ અબકી બેર ઉબારો.



## પદ ૯૭મું (રાગ : ગોરી) પ્રિત પરસ્પર-વિરહનું પદ

**કેતે દિન વ્હે ગયે જુ બિન દેખે ।**
**તરૂણ કિશોર રસિક નંદનંદન કછુક આવત મુખ રેખે ॥૧॥**
**યહ સૌભાગ્ય ઔર કાન્તિ વદનકી કોટીક ચંદ વિશેખે ।**
**વહ ચિતવની ઔર હાસ્ય મનોહર વહ નટવર વપુ ભેખે ॥૨॥**
**શ્યામ સુંદર મિલિ સંગ ખેલનકી આવત જીય અપેખે ।**
**'કુંભનદાસ' પ્રભુ લાલ ગિરિધર બિનાં જીવત જન્મ અલેખે ॥૩॥**

**ભાવાર્થ** - આ પદની પૂર્વ પિષ્ટિકા - કુંભનદાસજી શ્રી મહાપ્રભુજીનાં સેવક હતા. અષ્ટસખા માનાં એક હતા. એકવાર શ્રી ગુસાંઈજીએ તેમને પોતાની સાથે પરદેશ આવવાનું કહ્યું. શ્રી નાથજીના સખા હતા જેને સંપૂર્ણ આસકિત હતી તેઓ સદા લીલા રસમાં છક્યાં રહેતા, જેથી રસકન્દ કુંભનદાસજી સૌ કોઈ કહેતા. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી સાથે ચાલ્યા, પહેલો મુકામ પુંછરી પર રહ્યો હતો. ત્યાં સાંઝ પડી, અને શ્રીજીનાં વિયોગમાં તાવ ચઢી આવ્યો ત્યારે શ્રી ગુસાંઈજી તેની પાસે આવ્યા તેમની વિરહ દશા જોઈ આજ્ઞા કરી કે તમારો પરદેશ પૂરો થયો. ત્યાં શ્રીજી પણ તમને યાદ કરે છે, તે સમયે કુંભનદાસજીએ વિરહમાં આ પદ ગાયું હતું. આજ્ઞા લઈ શ્રીજી પાસે પહોંચ્યા, શ્રીજીનાં દર્શન કરતાં જ જાણે કેટલો સમય થઈ ગયો. શ્રીજીથી જુદા પડ્યા તેની મને ભાન નથી. કે તે દિન વ્હેજુ ગયે બિન દેખે પ્રભુ હું તો આપનાથી દૂર થઈ ગયો છું વિખુટા પડ્યે કેટલો સમય ગયો હશે. મારી સામે આપનું સુંદર મુખારવિંદ દશ્ય માન થાય છે. રસિક નંદનંદન કાંઈક મુખારવિંદ પર રેખા દર્શાવે છે આ મુખની શોભા ઉપર કોટી ચંદ્રમાની છટા વારી જાઉં તોપણ ઉપમાં આપી શકાતી નથી આપની ચિતવની. મનોહર હાસ્ય અને નટવર વેષ ધારણ કરી અનેક આનંદમય લીલા કરવાવાળા આપની એક છટામાં અનેક લીલાની સ્મૃતિ થઈ આવે છે. હે, શ્યામસુંદર કમલદલ લોચન આપની સાથે રહીને રમવાની અભિલાષા વધતી જાય છે આપનો વિરહ મારાથી સહન થઈ શકતો નથી તેથી આપનાથી દૂર રહી જીવન જીવવું અશક્ય છે. આવી દશા કુંભનદાસજીની જોઈ શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી હતી કે તમે જાઓને શ્રીજીને રીઝાવો. તમારી યાત્રા પુરી થઈ ગઈ ત્યારે કુંભનદાસજી પુંછરીથી જતીપુરા દોડતા પહોંચ્યા હતા. તાવ તો તાપ કલેશનો હતો. જેમ કુંભનદાસજી વિરહ દશામાં હતા તેમ ત્યાં પણ શ્રીજી કુંભનદાસજીની યાદમાં જ હતા, આ મર્મ શ્રી ગુસાંઈજી જાણતા હતા.

## પદ ૯૮મું (રાગ : સોરઠ)

હરિ તેરી લીલાકી શુધ્ધી આવે ।
કમલ નયન મન મોહન મુરતિ મન મન ચિત્ર બનાવે ॥૧॥
એકવાર જાહી મિલત કૃપા કર સો કૈસે વિસરાવે ।
મુખ મુસકાની બંદ અવલોકની ચાલ મનોહર ભાવે ॥૨॥
કબહુંક નિબિડ તિમિર આલીંગન કબહુંક પિક સૂર ગાવે ।
કબહુંક સંભ્રમ કવાસી કવાસી કહી સંગહી ઉઠ ઉઠ ધાવે ॥૩॥
કબહુંક નેન મુંદી અંતર ગતિ મણિમાલા પહેરાવે ।
'પરમાનંદ' પ્રભુ શ્યામ ધ્યાન કરી ઐસે વિરહ વિતાવે ॥૪॥

ભાવાર્થ - વિરહ વ્યાકુલતામાં ભક્ત, ભગવાનની સ્મૃતિમાં મગ્ન બની જાય છે. કોઈવાર મનમાંજ ભાવનાં સંજોવી રાખે, કોઈ કીર્તનનાં રૂપમાં બહાર પ્રગટ થાય, પોતાનાં પ્રાણ પ્રિય પ્રભુની મનોહર મુરતિ મનોમન ચિત્ર બનાવે છે. જેણે એકવાર દર્શનાદીનું સુખ લીધું છે, જેઓ કૃપાનાં પાત્રરૂપ બન્યા છે, તે કેવી રીતે ભુલી શકે ? તેમને તો સ્મૃતિ આવતાં જ નજરની સામે પ્રભુનું સુંદર સ્વરૂપ, મૃદુ મુસકાની બંદનું તિરછી દૃષ્ટિ કરીને ભક્ત સામું જોઈને તેનું મનહરણ કરવું સુંદર નયન કટાક્ષ, બંને મનોહારી ચાલ જે મુસકાનથી વિશેષ સુંદર શોભાયમાન રહે છે. આવા પ્રભુને મનહી મન ભક્ત ભેટીને ગાઢ આલીંગન કરે છે, પ્રેમાવેષમાં કયારેક કોકિલ કંઠથી ગાન કરે છે. તો કોઈવાર વિરહ વધવાથી કવાસી કવાસી, ક્યાં છો ! ક્યાં છો ! કૃપા કરો, કૃપા કરો, તેમ કહેતા પ્રિય જ્યાં બિરાજતાં હોય ત્યાં પહોંચી જાય છે. કયારેક નેત્રો વીંચીને માનસીમાં મણિયોની માળા લઈ પહેરાવે છે. આવી રીતે પરમાનંદદાસજી પ્રભુનાં વિરહમાં સમય વિતાવે છે. પ્રભુની લીલાની સ્મૃતિ આવતાં વિરહમાં સ્વરૂપ ધ્યાન, દર્શન, સ્પર્શ, વિગેરે માનસીમાં સુખ પ્રાપ્ત કરે છે.

## પદ ૯૯મું (રાગ : કાન્હરો) વિરહ

ઉધો મન ન ભયે દશ વિશ
એક હતો સો ગયો શ્યામસંગ કોન ભજે જુગદીશ ॥૧॥
ભયે શિથિલ સબે માધો બિન જયોં દેહી બીન શીશ ।
શ્વાસ અટક રહ્યો આશા લગ રહી જીયો કોટી વરીશ ॥૨॥
તુમ તો સખા શ્યામ સુંદર કે સકલ યોગ કે ઇશ ।
'સૂરદાસ' રસિકનકી બતિયાં કો બુઝવે યહ રીસ ॥૩॥



ભાવાર્થ - કાર્ય કોઈ પણ હોય તે કરવામાં મનનો સાથ જરૂરી હોય છે, ઉધ્ધવજી સંદેશો લઈ આવેલા ત્યારે, ગોપીજનો સાથે વાર્તાલાપમાં જેટલી પોતાની બુધ્ધિ હતી, તેટલો જ્ઞાનનો વિષય સંભળાવ્યો, ત્યારે કહેતા કે મારી વાત ધ્યાન દઈને સાંભળો. ત્યારે જવાબ ગોપીજનોએ દીધો હતો કે આપનાં કહેવા મુજબ ધ્યાન દેવું જરૂરી છે, પરંતુ મન તો એક જ છે તે તો શ્યામની સાથે જ છે. કોઈ દશ વિશ મન હોત તો ઘણી જગ્યાએ ધ્યાન આપી શકત. જગદીશને પ્રાપ્ત કરવા ધ્યાન દેવું તે પણ સત્ય છે. પરંતુ બીજું મન લાવવું ક્યાંથી ? અમારી દશા શ્યામ વિયોગે, માથા, વગરનાં ધડ જેવી છે. જેમ માથા વગરનો દેહ કોઈ કામનો નથી તેમ શ્યામ વિયોગે શિથિલ થઈ ગયો છે કાંઈ કરવા સમર્થ નથી ફક્ત ધમણ ચાલુ છે એટલે શ્વાસ આવે જાય છે, તે કેવળ શ્યામ સુંદરનાં આવવાની રાહમાં અટકી રહ્યો છે. એમનાં વચન ઉપર વિશ્વાસ રાખ્યો છે, નહીં તો વિયોગ થતાં જ પ્રાણ દેહથી જુદા થઈ જાત. તમે તો કૃષ્ણનાં અંતરંગ સખા છો. જુગ જુગ જીઓ. સૂરદાસજી કહે છે યોગ માર્ગ જુદો છે. અમે તો પ્રેમ ભાવ ભકિતના ભોગી છીએ. તમારી પાસે યોગ હતો. તે તમે સંભળાવ્યો. અમારી પાસે પ્રેમ ભાવ છે તે અમોએ તમને સંભળાવ્યું. ટુંકમાં યોગમાં જ્ઞાન વૈરાગ્યની જરૂર રહે છે. પ્રેમ માર્ગમાં સ્નેહથી જ સ્નેહીની પ્રાપ્તિ કરવાની હોય છે પ્રેમીની વાતો ઉધ્ધવ પ્રેમીજન જાણે.

## પદ ૧૦૦મું (રાગ : બિલાવલ) વિનતી પદ

યહ માંગો સંકર્ષણ વિર ।
ચરન કમલ અનુરાગ નિરંતર ભાવે મોહે ભક્તનકી ભીર ॥૧॥
સંગ દેહો તો હરિભક્તન કો વાસ દેહો તો શ્રીયમુના તીર ।
શ્રવણ દેહો તો હરિ કથા રસ ધ્યાન દેહો તો શ્યામ શરીર ॥૨॥
મન કામનાં કરો પરિપૂરન પાવન મજ્જન સૂર સરી નીર ।
'પરમાનંદદાસ'કો ઠાકુર ત્રિભુવન નાયક ગોકુલપતિ ધીર ॥૩॥

ભાવાર્થ - સંકર્ષણ બલરામજી વીર=તેના ભાઈ શ્રી કૃષ્ણ સુરસરી=ગંગા પ્રભુનંદકુમાર, આપની પાસે હું એટલું માંગુ છું સંસારમાં આવીને મને સંસારી મોહ માયાથી દૂર રાખજો. પ્રીત જરૂર આપજો પણ કેવલ આપનાં ચરણ કમલમાં મારી પ્રીતિ રહે તે સિવાઈ અન્ય જગા પર અનુરાગ નહી. તદુપરાંત આપના ભક્તોનો મને સંગ આપજો અને વાસ આપો તો શ્રી યમુનાજીને તીરે આપજો. સાંભળવાનું આપો તો હરિ કથા સાંભળું માટે જ શ્રવણ આપજો. જે દ્વારા શ્યામ સુંદર કમલદલ લોચનની લીલાઓનું શ્રવણ કરૂં. ગંગા સ્નાનથી પાવન કરે છે તેમ શ્રી યમુનાજીના પાન મળે પ્રભુ ! આપ તો ત્રણે ભુવનનાં નાથ છો. ગોકુલ

પતિ છો, ગોકુલ વૃંદાવન આપનાં લીલા સ્થાનો છે જ્યાં નિત્ય આપની નવિનતમ લીલાઓ થાય છે તે લીલાનું ધ્યાન ધરૂં તેમજ મગ્ન બની જાઉં ઉપર મુજબનું પરમાનંદદાસજીએ ગોકુલપતિથી માંગ્યું છે.

### પદ ૧૦૧મું રાગ બિલાવલ વિનતી કે પદ

**યહ માંગો યશોદા નંદ નંદન ।**
**વદન કમલ મેરો મન મધુકર નિત્ય પ્રતિ છિન છિન પાઉં દરશન ॥૧॥**
**ચરણ કમલકી સેવા દીજે દોઉજન રાજત વિધુલ્લતા ઘન ।**
**નંદનંદન વૃષભાન કિશોરી મેરે સર્વસ્વ પ્રાન જીવન ધન ॥૨॥**
**બ્રજ વસવો યમુના જલ પિયવો શ્રી વલ્લભ કુલકો દાસ યહીપન ।**
**મહાપ્રસાદ પાઉં હરિ ગુન ગાઉં 'પરમાનંદદાસ' દાસી બન ॥૩॥**

**ભાવાર્થ** - નંદનંદન યશોદાજીનાં ઉછંગમાં ખેલવાવાળા યશોદા પુત્ર હું આપની પાસે યાચના કરું છું. વિનતી કરું છું કે મારા મનરૂપી મધુકર (ભ્રમર) આપનાં મુખરૂપી કમલનું વારંવાર દર્શન કરતું રહે. આપનાં ચરણ કમલની મને સેવા આપજો, યુગલ સ્વરૂપ જ્યાં કુંજલતામાં ગહેરી સઘન છાંહમાં બિરાજમાન રહે છે, અનેક ભક્તોથી વિટાયેલા નંદનંદન, વૃષભાન, કિશોરી રાધિકા જેમને ભક્તોની ભીડ ગમે છે, તેવા આપજ મારૂ સર્વસ્વ પ્રાણ, જીવન ધન રહે. આ માટે, મને વૃજમાં વાસ, શ્રી યમુના જલ પાન નિત્ય મળે. શ્રી વલ્લભ કુળનો હું દાસાનુંદાસ બની રહું. મહાપ્રસાદ પ્રાપ્ત કરું અને હરિનાં ગુણગાનમાંજ આનંદ માનું. પરમાનંદદાસજી કહે છે કે આપનાં દાસ દાસી બની સેવા કરૂં.

### પદ ૧૦૨મું (રાગ : સારંગ) ગુરૂ મહિમાં

**ગુરૂ બિના કોન ઐસી કરે ।**
**માલા તિલક મનોહર બાનો લે શિર છત્ર ધરે ॥૧॥**
**ભવ સાગર તે ડુબત રાખે દિપક હાથ ધરે ।**
**'સૂર શ્યામ' ગુન ઐસે સમરથ છિનમેં લે ઉધરે ॥૨॥**

**ભાવાર્થ** - ગુરૂનું કામ એવું જ છે. જે ડુબતાનો હાથ પકડી ઉધ્ધાર કરાવવો. ગુરૂની કૃપા આવી રીતે બીજું કોણ કરી શકશે ? ગમે તેવી કરણીવાળો જીવ આવીને ગુરૂને શરણે આવે છે. તેને ગુરૂ અભય આપે છે. પોતાના કરી કરી માને છે. કંઠમાં તુલસીનાં માળા કપોળ ઉપર સુંદર ભગવદ્ ચરન ચિન્હરૂપી તિલક જે આપનો શૃંગાર છે તે જ ભક્તને આપે છે. માથા ઉપર શ્રીહસ્ત ધારણ કરી અભયદાન આપે છે કે હવે તારે સંસારરૂપી સાગરમાં ડુબવાનો ભય નથી આમ



જીવનું જીવન કૃતાર્થ બની જાય છે. પુષ્ટિમાર્ગીય આચાર્યો શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી જ જીવને શરણે લઈ "ગ્રહી સોંપત શ્રી ગોવર્ધનનાથે" તે મુજબશ્રી ઠાકુરજીને સોંપે છે. ગદ્ય મંત્રથી તુલસી લઈ ચરણારવિંદમાં પધરાવે છે. આવી રીતે પ્રભુમાં ભાવનાં રાખી સેવા સુમરન કરાવે છે. આશરે આવેલાને પોતાનો માને છે. પછી જીવ ગમે તેવો હોય. દૃષ્ટાંત શ્રી ગોકુલેશજીના હાસ્યામૃત.

ગુજરાતથી એક વૈષ્ણવ આવ્યો ચરણોમાં પડીને માંગ્યું કે પ્રભુ મને એકવાર કહોકે તું અમારો છો. ત્યારે ગોકુલેશજીએ આજ્ઞા કરીકે તું અમારો છો એટલે જ અમારી પાસે નિવેદન કરાવ્યું ત્યારથીજ અમારો થયો તેમાં સંશય નથી તારા ગામમાંથી તું એક જ નિવેદિત હતો તો એકલો જ આવ્યો. બીજા નથી, તે ક્યાંથી આવે. આમ ગુરૂનું મહત્વ ભાવનાથી વિચારવું જરૂરી છે. કદાચ પ્રભુ રૂઠે તો ગુરૂ મનાવે પરંતુ ગુરૂ રૂઠે તો કોઈ સહાય કરશે નહી આ મર્મ છે તે જાણીને ગુરૂની આજ્ઞાનું પાલન કરવું તેમણે બતાવેલ રસ્તે સેવા કરવી. તે બાબત નવરત્નમાં શ્રી મહાપ્રભુએ આજ્ઞા કરી છે કે 'સેવાકૃતિ ર્ગુરોરાજ્ઞા બાધનં વા હરિચ્છયા' ગુરૂની આજ્ઞા મુજબ સેવા કરવી તે વૈષ્ણવોને સ્વધર્મ છે. છતાં કોઈ બાધા આવી જાય તો હરિ ઈચ્છા માનવી. ગુરૂની સેવા કરી તેમને પ્રસન્ન રાખવા ગુરૂ રિસાઈ જાય તો કોણ મનાવશે. પ્રભુને તો ગુરૂ મનાવી લેશે આ સુત્ર ધ્યાનમાં રાખી ગુરૂના અપરાધથી બચવું બને તેટલી સેવા કરવી.

### પદ ૧૦૩મું (રાગ : બિહાગ)

**મધુર વૃજ દેશ યશ મધુર કી નો ।**
**મધુર ગોકુલ ગામ મધુર વલ્લભ નામ**
**મધુર વિઠ્ઠલ ભજન દાન દીનો ॥૧॥**
**મધુર ગિરિધરન આદી સપ્ત તનું**
**વેણુ નાદ સપ્ત રંધ્રન મધુર રૂપલીનો ।**
**મધુર ફલ ફલિત અતિ લલિત**
**'પદ્મનાભ' પ્રભુ મધુરઅલી ગાવત સરસ રંગ ભીનો ॥૨॥**

**ભાવાર્થ** - આ પદ અતિ ગુઢ રહસ્ય મય છે. જેમાં મધુર શબ્દની વ્યાખ્યા સમજવી એ તો જેણે મધુરાષ્ટકની વ્યાખ્યા સમજી હશે તેને માટે તુરત સમજાય તેવી છે.

શ્યામ સુંદર યશોદાજીનાં ઉછંગમાં ખેલવાવાળા શ્રીકૃષ્ણ જેમણે વૃજમાં અનેક પ્રકારની લીલાઓ કરી છે. વૃજ દેશ આખો લીલા સ્થળી છે તેથી વૃજદેશ મધુર છે, જેથી ગોકુલ મધુર તેમજ શ્રીવલ્લભ નામ મધુર છે. જેમણે સારસ્વત

કલ્પની લીલાનું અનુસંધાન આ વિપરિત કાળમાં કર્યું છે. કૃષ્ણાવતારમાં મુરલીનાં નાદથી સર્વને પોતાનાં તરફ આકર્ષિત કર્યા હતા. જેમ કે પશુ, પક્ષિયો, વૃક્ષો, મનુષ્યો વિગેરેને મધુર બનાવ્યા હતા. તે તે લીલાનું શ્રી ગુસાંઈજીએ મુખ્ય સ્વર રૂપે બિરાજી અને તે રસનું ગુંજન કર્યું. શ્રી વલ્લભ રૂપે વેણુનાદ કર્યો. તેમાં મુખ્ય સ્વર વિઠ્ઠલેશ અને સાતો સ્વર તે સાતો બાળકો, શ્રી ગિરધરજી, શ્રી ગોવિંદજી, શ્રી બાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામજી એ સાત સ્વરો સાત બાળક રૂપે પ્રગટ થઈ નાદ ગજાવ્યો. તેથી મધુર વૃજમાં મધુર લીલાનો ગુંજારવ ફેલાયો. તે રસનાં અધિકારી પોતાનાં મનરૂપી ભ્રમર દ્વારા તે રસનું પાન કરીને કીર્તનો દ્વારા મધુર રસને ફેલાવ્યો. તેથી તે ફલફલિત થયો. જે સદાને માટે ભાવિ ભક્તોને સુલભ રીતે પ્રાપ્ત થાય. કૃષ્ણાવતારમાં વેણુ દ્વારા યશ ફેલાવ્યો હતો. તે રસ મધુર હતો તે રસને શ્રી મહાપ્રભુજીએ શ્રીવલ્લભ અવતારે મધુર ને મધુર બનાવ્યો લીલા રસ અમૃત શ્રી સુબોધિનિજી પ્રગટ કરી તેનાં ઉપર શ્રી ગુસાંઈજીએ ટીપ્પણીજીની રચનાં કરી. યશનાં ફેલાવા માટે જ આપ મુખ્ય સ્વર રૂપે બિરાજ્યા જે રસ શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કર્યો તે રસને ફેલાવવા માટે સાત બાલકો સાત સ્વર રૂપે બીરાજીને યશનો વિસ્તાર કર્યો, ગજવી દીધો જેથી ભક્તોના હૃદયમાં તે રસનું પાન થયું. પદ્મનાભદાસજી કહે છે મધુર ફલ ફાલ્યું ફૂલ્યું. તેથી તે રસનું મધુર પાન કરવામાં યશ પ્રાપ્ત કરેલ ભક્તોએ મનરૂપી ભ્રમરથી ગ્રહણ કરી કીર્તનો દ્વારા ગુંજારવ કરી મધુરને મધુર બનાવ્યું પ્રભુને પોતાનો યશ ભક્તોનાં મુખથી સાંભળવામાં વિશેષ આનંદ આવે છે ઉપર મુજબ પદ્મનાભદાસજીએ મધુર ગાન કર્યું છે.

## પદ ૧૦૪મું

**શ્રી વલ્લભ પ્રભુ અતિ દયાલ દીજે દર્શન કૃપાલ,**
**દીન જાન કીજે અપનો, દોષ જીન વિચારો ।**
**હોં તો અપરાધ ભર્યો, ધર્મ સબે પરિહર્યો,**
**કીયો ન કછુ ભલો કાજ, જાહી ચિત્ત ધારો ॥૧॥**
**દૂરી પરે પલપલ, દુઃખ પાવત હો પ્રાણનાથ,**
**તુમહીતે હોઇએ પ્રભુ, 'રસિક' કો નિવારો ।**
**મેરો પકર્યો હે હાથ, બાંધ્યો પદકમલ સાથ,**
**નાથ હોં અનાથ, તાહી ભૂલ જીન વિસારો ॥૨॥**



ભાવાર્થ - આ પદમાં શ્રી હરીરાયજી (રસિક) દૈન્ય ભાવથી શ્રી વલ્લભને વિનતી કરે છે. પ્રભુ, આપ તો દીન પર દયા કરવાવાળા છો. મને દીન જાણીને દર્શન આપો. આપનાં દર્શન કરવાની યોગ્યતા મારામાં નથી, માટે તે બદલ વિચારશો નહી. કેવળ આપ આપનો સ્વધર્મ દયા કરવાનો છે. તે વિચારીને મને દર્શન આપો. હું તો આપનો અપરાધી છું શરણે આવીને આપની આજ્ઞાનું કોઈપણ પાલન કરી શક્યો નથી. તેમજ બીજું કોઈ એવું ઉત્તમ કામ કર્યું નથી. કે જેથી મારમાં કોઈ એવી પાત્રતા આવે. આ કારણથી આપનાથી દૂર રહીને દુઃખ પ્રાપ્ત કરું છું. પ્રાણી માત્રનાં નાથ આપ છો તે રીતે મારા પણ આપજ નાથ છો. શરણે લઈને મારો હાથ પકડ્યો છે. જેથી આપનાં પદકમલથી બંધાયેલો છું. નાથ હું અનાથ તે એવી રીતે કે શરણાગત તો સ્વધર્મ છે તેનું મેં પાલન કર્યું નથી, જેથી અનાથ ઠરૂં છું, આપનાં સિવાઈ મારૂ બીજું કોઈ નથી, તેથી આપ શરણે આવ્યાની લાજ રાખજો.

## પદ ૧૦૫મું (રાગ : બિહાગ) વિનતી

**શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે ।**
**સદા બસો મન યહ જીવન ધન સબ હીનસોં હોં કહત હું ટેરે ॥૧॥**
**મધુર વચન ઔર નયન મધુર ભ્રૌંહ યુગ મધુર અલકન કી ।**
**મધુર ભાલ અરુ તિલક મધુર નાસિકા મધુર કહી ન જાત ॥૨॥**
**અધર મધુર રસમય મધુર છબિ મધુર દોઉ લલિત કપોલ ।**
**શ્રવણ મધુર કુંડલકી ઝલકન મધુર મકર દોઉ કરત કલોલ ॥૩॥**
**મધુર કટાક્ષ કૃપા રસ પૂર્ણ મધુર મનોહર વચન વિલાસ ।**
**મધુર ઉગાર દેત દાસનકો મધુર બિરાજત મુખ મૃદુહાસ ॥૪॥**
**મધુર કંઠ આભુષિત ભૂષિત મધુર ઉર સ્થલ રૂપ સમાજ ।**
**અતિ વિશાલ જાનું અવલંબિત મધુર બાહુ પરિરંભણ કાજ ॥૫॥**
**મધુર ઉદર કરી મધુર જાનુ મધુર ચરણ ગતિ સબ સુખ રાસ ।**
**મધુર ચરનકી રેણુ નિરંતર જનમ જનમ માંગત 'હરિદાસ' ॥૬॥**

ભાવાર્થ - આ પદમાં હરિદાસજી શ્રી વલ્લભનાં નખ શિખ પર્યંત સર્વાંગ મધુર રૂપ છે આવી સુંદર ભાવનાંમય કીર્તન, મહાનુભાવિયે શ્રી વલ્લભ ચરણરજ જેમને પ્રાપ્ત થયેલ છે, તેથી સુંદર ગાન કર્યું છે. શ્રી વલ્લભનું સ્વરૂપ જાણવું તો તે જેટલું જણાવે, તેટલું જ ગાન કરી શકે. જેમ કે કૃષ્ણદાસજીએ વસ્તુતઃ કૃષ્ણ જો બંધી દામી આવા કૃપા પાત્ર ભગવદીઓ ગાન કરી શકે. જેઓ દામડાથી

બંધાણા હતા. તેજ અત્રે વલ્લભ રૂપે પ્રકટ થયા છે. તે બધું અદ્‌ભુત છે. અગમ્ય છે. કેવળ કૃપા સાધ્ય છે. શ્રી ગુસાંઈજીયે, શ્રી વલ્લભાષ્ટક, સ્ફુરદકૃષ્ણપ્રેમામૃત, સૌન્દર્ય પદ સર્વોત્તમ સ્તોત્ર વિગેરેમાં યશોગાન કર્યું છે. જેનાં ઉપર ગુરૂકૃપા હોય તેમને જ ગુરૂદેવનાં મુખારવિંદથી સાંભળવાં મળે ને કાંઈક સમજાય.

શ્રી વલ્લભ મેરે-અત્રે મારા શ્રી વલ્લભ અગર શ્રી વલ્લભ આપનું મધુરાકૃતિ સ્વરૂપ મારૂ જીવન ધન છે, તે હું બધાને ઉત્સાહથી જોરજોરથી કહું છું. કૃષ્ણ રૂપે જેને દર્શન થયા છે, તેથી કૃષ્ણ રૂપે જ ગાન કર્યું છે. કૃષ્ણ લીલામાં રૂપ, ગુણ લીલા, વિગેરે સર્વ મધુર રૂપ છે. શ્રી વલ્લભનું રૂપ અનુપ મધુર છે. વચન મધુર છે. નેત્રો મધુર છે. બંને ભ્રોંહ મધુર છે. અલક (કેશ) મધુર છે. કેશોની પાંતિ મધુર છે. ભાલ મધુર છે. તિલક મધુર છે, નાસિકાની મધુરતાનું વર્ણન અશક્ય છે. રસરૂપ અધરો મધુર છે, અદ્‌ભુત છબિ મધુર છે. કાનોમાં ઝલકતાં કુંડલો મધુર છે. નયન કટાક્ષ મધુર છે, આપનાં વચનો રસપૂર્ણ મધુર છે, કૃપા કટાક્ષ રૂપી નયનોની ઉપમાં મળતી નથી. ભક્તો પર કૃપા કરી દાસને ઉગાર આપતા મધુર હાસ્ય કરતા સર્વ રીતે મધુર છે, આભુષણ મધુર છે ઉર સ્થલ મધુર છે. વિશાલ બાહુ મધુર છે. જે બાહુથી પરિરંભણ અપાય તે બાહુ મધુર છે, ઉદર, કટી પ્રદેશ, મધુર છે. યુગલચરણો મધુર છે. ચરણોથી ચલાતી ચાલ મધુર છે. આમ શ્રી હરિદાસજી ગાન કરતા કહે છે કે, પ્રભુનું સર્વાંગ, સુંદર છે, ચરણારવિંદની રેણુ મધુર છે તેથી મને પ્રભુનાં ચરણોની રેણુકા જન્મો જન્મ પ્રાપ્ત થાય, આમ માંગવું પણ મધુરજ છે.

## પદ ૧૦૬મું (રાગ : બિહાગ) વિનતિ

**અરે મન શ્રી વલ્લભ ગુન ગાય ।**
**વૃથા કાલ કાહે કો ખોવત વેદ પુરાન પઢાય ॥૧॥**
**શ્રી ગિરિરાજ ધરન પૈવેકું નાહિન ઔર ઉપાય ।**
**'રસિક' સદા અનન્ય હોય કે ચિત્ત ઈત ઉત ન ડુલાય ॥૨॥**

**ભાવાર્થ** - અરે મન તું શ્રી વલ્લભનું ગુન ગાન કર, શા માટે વેદ, પુરાણો શાસ્ત્રોમાં સમય વિતાવે છે. જે કાંઈ તું જાણવા ચાહે છે તે બધાનો સાર શ્રી મહાપ્રભુજીએ પ્રકટ કરેલ છે. જો તારે ગિરિરાજને ધારણ કરવાવાળાને પ્રાપ્ત થવું હોય તો અન્ય કોઈ ઉપાય નથી. માટે રસિક કહે છે તારાથી બીજું કાંઈ ન બને તો શ્રી વલ્લભના યશોનું, નામનું તું સદા ગાન કર. અને અનન્ય ભાવ રાખી ચિત્તને અન્ય જગો ભટકવા દેવું નહી, આ એક સરસ ઉપાય છે.



## પદ ૧૦૭મું (રાગ : બિહાગ) આશ્રય

**મન રે તું શ્રી વલ્લભ કહી રે ।**
**જો કરત કામનાં જીયમેં સો તતક્ષન લહી રે ॥૧॥**
**સકલ સુકૃત કો યહ ફલ ઓર કછુ નહિ રુચિ ચહિરે ।**
**'રસિક પ્રિતમ' ઐસે પ્રભુકો ચરન શરન ગ્રહી રે ॥૨॥**

**ભાવાર્થ** - રસિક પ્રીતમ (શ્રીહરિરાયજી) મનને ઉદેશીને કહે છે કે હે મન, તું હવે સ્થિર થઈને શ્રી વલ્લભ પ્રભુનું નામ સ્મરણ કર કામનાઓ ઉત્પન્ન થવી તે જીવનો સ્વભાવ જ છે. તે માટે બીજે ક્યાંય જવાની જરૂર જ નથી. બધા સુકૃતનાં ફલરૂપે શ્રી વલ્લભનામ સર્વોપરી છે. હવે એમનું ચરણ શરણ ગ્રહણ કરી સ્થિર થા આવેલો સમય ભટકીને ગુમાવવો નથી કેવળ વલ્લભ નામથી જ તારો જન્મ સુફલ થઈ જશે.

## પદ ૧૦૮મું (રાગ : બિહાગ) આશ્રય

**શ્રી વલ્લભ કે ચરન શરન ગ્રહી કયોં ન રહે મનમેં નિશ્ચય ધર ।**
**બિન સાધન તે આય રહેંગે હીયે યશુમતિ સુત કરૂણાકર ॥૧॥**
**કાહે કો ભટકત ડોલત હે કયોં ન રહે અતિ આનંદ સોં ભર ।**
**'રસિક' વિશ્વાસ આસ ફલકી કર અનાયાસ ભવસાગર કો તર ॥૨॥**

**ભાવાર્થ** - હે મન તારે સાધન વગર પ્રભુને પ્રસન્ન કરવા હોઈ તો શ્રી વલ્લભનાં ચરણ કમલમાં દઢતા રાખી નામ સ્મરણ કર, તેથી યશોદાનંદ શ્રી કૃષ્ણ પ્રસન્ન થઈ તારા હૃદયમાં પધારશે. શા માટે જ્યાં ત્યાં ભટકીને વ્યથા શ્રમ કરે છે ? જો તારે સદા આનંદમય જીવન ગુજારવું હોય તો શ્રી વલ્લભ આનંદ પરમાનંદ રુપ છે. તે સિવાઈ ક્યાંય સુખ મળશે નહી. રસિક (શ્રીહરિરાયજી) કહે છે ફલની આશા તો અનાયાસે સિધ્ધ થઈ જશે. પછી સાગર પાર કરવાની ચિંતાજ ક્યાં રહી માટે જેનાં ચરણોમાં સર્વ સુખ સમાયેલું છે. એવા શ્રી વલ્લભનું ચરણ, શરણમાં દઢતાથી રહે.

## પદ ૧૦૯મું આશ્રય

**બિરાજે શ્રી વલ્લભ મહારાજ ગોકુલ ગામ ।**
**બિરાજે શ્રી ગોપીનાથ શ્રી વિઠ્ઠલનાથ ભક્ત જન પૂરણ કામ ॥૧॥**
**શ્રી ગિરિધર ગોવિંદ શ્રી બાલકૃષ્ણ ગોકુલનાથ અભિરામ ।**
**શ્રી રઘુપતિ યદુપતિ ઘનશ્યામ પુરૂષોત્તમ પ્રભુ નામ ॥૨॥**

ભાવાર્થ - આ પદ, માનો પ્રાતઃસ્મરણની જેમ સુતી વખતે નામ લેવાય શ્રી મહાપ્રભુજી સદા ગોકુલ ગામ બિરાજે છે. આપના બંને પુત્રો શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી ગોકુલ બિરાજતાં હતા તે સમયનું આ પદ છે. ભાવનાની રીતે તો સદા શ્રી વલ્લભ ગુસાંઈજી, ગોપીનાથજી, શ્રી ગુસાંઈજીના સાતો લાલજી તેમાં મોટા ગીરધરજી, ગોવિંદજી, શ્રી બાલકૃષ્ણજી, ગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામજી વિગેરે સદા ગોકુલવાસ કરીને નિજ ભક્તોને સેવા સ્મરણ દર્શન સ્પર્શનો આનંદ આપ્યો છે તે સદા આપતા જ રહેશે.

### પદ ૧૧૦મું (રાગ : બિહાગ) વિનતી

**શ્રી વલ્લભ લીજે મોહી બુલાય ।**
**બહુત દિનન દરશન ભયે ન મોકું તાતે મન અકુલાય ॥૧॥**
**નિશદિન અતિહી ક્ષીણ હોત તન સુઝ બુઝ ગઇ ભૂલાય ।**
**'ગોવિંદ' પ્રભુ તુમ્હારે દરસબિન છિન ભર કલ્પ વિહાય ॥૨॥**

ભાવાર્થ - દર્શનની અભિલાષામાં આ પદમાં વિનંતી કરી છેકે શ્રી વલ્લભ મને આપની પાસે બૂલાવી લ્યો. જો મારૂ સામર્થ્ય હોત તો પળવાર દેર ન કરતાં તુરત પહોંચી જાત, પ્રભુ આપનાથી વિખુટો પડ્યો તેને કેટલો સમય ગયો તે કાંઇ સુઝબુઝ મારામાં રહી નથી. પરંતુ હવે વિનતી કરું છું કે પ્રભુ મને આપની પાસે બોલાવી લ્યો આપનાં દર્શનની લાલસા તીવ્ર ઉઠી છે. હવે તો પળ ભારી જાય છે. માટે કૃપા કરો. મને આપનાં ચરણોમાંજ સદા નિવાસ આપો ઉપર મુજબ ગોવિંદદાસજી કહે છે.

### પદ ૧૧૧મું (રાગ : બિહાગ) આશ્રય

**ભજીયે શ્રી વલ્લભવર ચરણ ।**
**સકલ પતિત ઉધ્ધારન કારન પ્રકટ કીયો અવતરણ ॥૧॥**
**ગૂઢ શ્રી ભાગવત પ્રતિ પદારથ પ્રકટ કરણ ।**
**આશરો કર રહે જે જન તિનકે મિટે જન્મ મરણ ॥૨॥**
**અખિલ લીલા પ્રેમ સંયુત દિખાયે ગિરિધરણ ।**
**'રસિક' વિનતી કરે માનો ચરણ કમલ અનુસરણ ॥૩॥**

ભાવાર્થ - આ પદમાં શ્રી મહાપ્રભુજીનાં ચરણ કમલનું ભજન કરવું તેમ કહ્યું છે. ભૂતલ પર આ કલી કાળમાં આપનું પ્રાગટ્ય તે કાળ દોષથી વિમુખ બનેલા, પતિત થઈ ગયેલા હતા તેઓનો ઉધ્ધાર કરવા થયું હતું. તેમજ વેદ માર્ગ દુષિત થયો હતો. શ્રીમદ્ ભાગવતનો ગુઢાર્થ પ્રકટ કરવા, શ્રી શુકદેવજીની હાર્દવાણીને



સ્પષ્ટ રૂપે અર્થ જણાવવા મર્મ અર્થ જણાવી લેશ માત્ર સંદેહ ન રહે. અને જીવ શ્રી કૃષ્ણનાં આશ્રયે રહી સેવા સ્મરણ દ્વારા જીવન જેમણે કૃતાર્થ કરાવ્યું. આવા શ્રી વલ્લભ પ્રભુના ચરણ શરણ રહેવાથી પ્રેમ લક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે. આવા સમર્થ પ્રભુની વિનતી કરી રસિક ચરણ શરણ રહેવાનું કહે છે.

### પદ ૧૧૨મું (રાગ : કાન્હરો) આશ્રય

**નિશદિન શ્રી વલ્લભ ગુન ગાયો ।**
**ભક્ત કમલ પ્રકાશિત કર નિજ જનહી સુધા પિવાયો ॥૧॥**
**જ્ઞાન, યોગ, જપ, તપ, અન્ય ભજન ભજાયે ।**
**'વૃજાધિશ' વિલાસ શ્રી વલ્લભ ચરન કમલ ચિત્ત લાયે ॥૨॥**

ભાવાર્થ - આ પદમાં શ્રી વૃજા ધિશજીએ પોતાનો નિર્ણય બતાવ્યો છે. જ્યારથી મેં શ્રી વલ્લભ પ્રભુમાં ધ્યાન આપ્યું ત્યારથી હું તો સદા શ્રી વલ્લભનાં જ ગુણ ગાઉં છું. મને સમજાયું કે, શ્રી વલ્લભ કેવા છે ? જેઓ ભક્તની અવિદ્યા દૂર કરીને હૃદય રૂપી કમળને ખિલાવવાવાળા છે. અંધકાર રૂપી અજ્ઞાનનો નાશ કરવા આધિદૈવિકભાનું સદા સ્વપ્રકાશ આપી અજ્ઞાન તિમિરનો નાશ કરે છે. તેથી હૃદય રૂપી કમલને રાત્રિનો ભય રહેતો નથી તેથી કમલ સદા વિકસિત થઈ રહે છે. અન્ય સાધનો જેમ કે યોગ, જ્ઞાન, વૈરાગ્ય, જપ, તપ, વિગેરે સાધનોનો સંગ છોડી મારાથી દૂર ભગાડી દીધા છે હવે મારે એની જરૂર નથી. તો પાસ રાખીને શું કરું ?સારમાં સાર સમજીને શ્રી વલ્લભનાં ચરણ કમલનું ધ્યાન કરીને શિર નમાવવું જ ઉત્તમ ગણ્યું છે. ફકત શ્રી વલ્લભનું શરણ ગ્રહીને રહેવું અને અન્ય જગેથી ચિત્તની વૃતિ હટાવી શ્રી વલ્લભ ગુણ ગાય ને આનંદ માનવો. આટલું હું સમજું છું.

### પદ ૧૧૩મું (રાગ : કેદારો) આશ્રય

**જયશ્રી વલ્લભ ચરન કમલ શિર નાઇયે ।**
**પરમાનંદ રૂપ સાકાર શશિ શરદ મુખ**
**મધુર બાની ભક્ત જન સંગ ગાઇયે ॥૧॥**
**રાજસ તમસા મધ્ય સત્વ કે સંગ વ્હે,**
**રાખી વિશ્વાસ પ્રેમ પંચ પાઇયે ।**
**કહત 'વૃજાધિશ' વૃંદા વિપિન દંપતી**
**ધ્યાન ધર રહીયે દગન સિરાઇ યે ॥૨॥**

**ભાવાર્થ** - શ્રી વલ્લભનાં ચરણમાં શિશ ઝુકાવીએ. પરમાનંદ સાકારરૂપ શ્રી વલ્લભ છે. જેમનું તાપ હરણ સુખકરણ મુખની ઝાંકી કરતાં જ આનંદ ઉરમાં આવે છે. આપનાં ચરણ નખચંદ્ર શિતલ મધુર પ્રકાશ ભક્તનાં મનને તાપનો નાશ કરી મધુર આનંદ દેવાવાળા છે. આવા પ્રભુનું યશોગાન ભક્તોની સાથે મળીને કરીએ. સત્ત્વ રજ તમ ત્રણે ભાવવાળા ભક્તોનો નિશ્ચય ભાવથી કરીએ. પ્રભુ શ્રી વૃંદાવનમાં વિહાર કરવાવાળા યુગલ સ્વરૂપની અનેક લીલાનું ધ્યાન ધરીયે ગુનગાન કરીએ આનંદ માનીયે. હૃદય અને નેત્રોની પ્યાસ બુઝાઈયે.

### પદ ૧૧૪મું (રાગ : બિહાગ) આશ્રય

**ભરૂસો શ્રી વલ્લભ હી કો રાખો ।**
**સગરે કાજ સરેંગે છીનમેં ઈનહી કે ગુણ ભાખો ॥૧॥**
**નિશદિન સંગ કરો ભક્તનકો અસમર્પિત નવ ચાખો ।**
**'વલ્લભ' શ્રી વલ્લભ પદ રજ બિના ઔર તત્વ સબ નાખો ॥૨॥**

**ભાવાર્થ** - જેણે શ્રી વલ્લભનો દઢ આશ્રય કર્યો છે તેણે જોઈતું પ્રાપ્ત કર્યું છે. માટે ભક્ત વલ્લભ કહે છે કે ભરૂસો તો શ્રી વલ્લભ પ્રભુનો જ રાખવો પુષ્ટિ માર્ગી જીવ શરણે આવીને પુષ્ટિ ફલની ઈચ્છા રાખે છે તેને ઈચ્છા મુજબ શ્રી વલ્લભ દાન આપે છે ને આપશે જ આવી દઢતા પૂર્વક આશ્રયે રહેવું તે સૂકૃતિ છે. જીવનની સફલતા કાર્યની સિધ્ધિ બધું, જેમનાં ચરણોમાં દઢ વિશ્વાસ રાખી રહેવાથી મળે છે માટે શ્રી વલ્લભનો આશ્રય એમનું જ ગુણ ગાન તેમાં સહાયક ભગવદ્ ભક્તનો સંગ કરવો શ્રી વલ્લભ ની આજ્ઞાનો વિચાર કરી જીવનમાં ઉતારવું. અન્યાશ્રય, અસમર્પિતનો ત્યાગ કરવો, ભોગ ધરીને લેવાથી (૧) શાસ્ત્રોમાં કહ્યા મુજબ અન્ન દોષની નિવૃત્તિ થાય અને પ્રભુને આરોગાવવાથી પ્રભુ પ્રસન્ન રહે તે પ્રસાદીમાં નિર્વાહ થાય ભક્તનાં સંગથી પ્રભુ સેવા, સ્મરણ થશે બીજે જગે મન ભટકશે નહી. અન્યાશ્રય દૂર રહેવાથી આશરો એક દઢ શ્રી વલ્લભનો રહેશે. અસમર્પિત નો ત્યાગ થવાથી મહાપ્રસાદ લેવાથી સદા સુંદર બુધ્ધિ રહેશે. પછી અન્ય તત્વોની જરૂર જ નથી રહેતી માટે કહ્યું કે અન્ય તત્વ સબ નાખો. એટલે તે આપણા કામની વસ્તુ નથી તેથી દૂર કરો.

### પદ ૧૧૫મું (રાગ : બિહાગ) વિનંતી

**સુખ નિધિ શ્રી ગિરિરાજ તળેટી ।**
**કુંડ કુંડ જલ અચવન ન્હાવત પુનિ પુનિ વૃજમેં લોટી ॥૧॥**
**ધરત ભોગ બેજરકી રોટી ઉપર મેવા ટેટી ।**
**'રસિકદાસ' જન શ્રી વલ્લભ પદ પરમસકલ દુઃખ મેટી ॥૨॥**



**ભાવાર્થ** - આ પદમાં શ્રી વલ્લભની કૃપાથી ગોવર્ધન ગિરિરાજની તળેટીમાં નિવાસ કરીને રહીએ, આમ બતાવ્યું છે. ગિરિ તળેટી ભક્તોને સુખરૂપ છે. જ્યાં વૃજરજની કણકણમાં ભગવદ્ ચરણનું સૌભાગ્ય છે. તે રજમાં લોટણ કરીને તે રજથી સ્નાન, તથા કુંડ કુંડમાં આચમન સ્નાન કરીએ. વૃજરજમાં લોટતા લીલા સ્મૃતિ કરીયે કે આ રજમાં પ્રભુ ગ્વાલ બાલો સાથે ખેલ્યા છે. ગાયોની પાછળ પાછળ ફર્યા છે. તેમજ શ્રી મહાપ્રભુજી પણ ખુલ્લા ચરણારવિંદથી પધાર્યા છે. આ એજ રજ છે જેમને ઉભયચરણોનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે. માટે અત્રે જ નિવાસ કરીને રહીએ. આ વૃજમાં બડે મેવા એક ટેટી તે મુજબ બેજરની રોટી અને ટેટીનું શાક તથા સંધાણું જે કાંઈ હાજર છે તે પ્રભુને સમર્પિત કરીને લઈએ આવી ગિરિ તળેટીને આશરે રહી પ્રભુને સમર્પિત કરી પ્રસાદ લઈએ ને તળેટીમાં વૃજરજમાં બેસી ગુણાનુવાદ કરીએ રસિકદાસ જન કહે છે જેણે શ્રી વલ્લભની કૃપાથી તળેટીમાં રહી સેવા સુમરન કર્યું તેને પછી કોઈ સુખ દુઃખ રહેતું નથી.

### પદ ૧૧૬મું (રાગ : બિલાવલ) વિનંતી

**દેખોગે કબ મેરી ઓર ।**
**શ્રી વલ્લભ નિજ દીન જાન કે કરૂણાકર નયનકી કોર ॥૧॥**
**કહિ હો કબ વચનામૃત શિતલ મો તન મુશ્ક દાસ તું મોર ।**
**કબ હું કાઢ લેહો ભવ જલતે બૂડેકો કર ગહી ભૂજ જોર ॥૨॥**
**યહ નિશ્ચય જાન્યો જીવ અપનો નાહી મો સમ સેવા ચોર ।**
**વિષય વાસના વસત નિરંતર કરત વિચાર યહી નિશ ભોર ॥૩॥**
**ચરન શરન અબ આશ ગહેહોં મન ક્રમ વચન સબન સોં તોર ।**
**રસનિધિ જાનો સોહી કીજે તુમ બીન હમ હી ઔર નહી ઠોર ॥૪॥**

**ભાવાર્થ** - પ્રભુ હું તો અનેક અવગુણોથી ભરેલો છું પણ હવે તો આપનો શરણાંગત છું તો પણ આજ્ઞા મુજબ ચાલી શકતો નથી. શ્રી વલ્લભ પ્રભુ હવે મારે આપના સિવાય બીજુ કોઈ નથી. મારા ઉપર આપ ક્યારે કૃપાદ્રષ્ટિ કરી જોશો! મને દીન, હીન જાણીને કરૂણાની દ્રષ્ટિ ક્યારે કરશો. હું આપને શરણે આવ્યા પછી આપનો જ કહેવાઉ છું. ક્યારેક તો સંસાર સાગરમાં ડુબતો જોઈ કરૂણાવંત કરૂણા કરી મને હાથ પકડી ખેંચીને બહાર કાઢશો. પ્રભુ ! હું આપની આજ્ઞા મુજબ સેવા એ મુખ્ય ધર્મ છે. પરંતુ હું તો સેવા ચોર છું. જાણવા છતાં કરી શકતો નથી. આમ મારી યોગ્યતા જોવા જેવી નથી. ઉલટી મતી મારી છે. વિષય વાસના મારા મનમાં જ ઘર કરી બેસી ગઈ છે તે નિકળતી નથી. ચાહું છું કે જે વસ્તુ

ભક્તિ માર્ગમાં નડતર રૂપ હોય, મનને ભટકાવતી હોય, તેને દૂર કરી નાંખવી જોઈએ. આનો જ વિચાર દિવસ રાત કર્યા કરૂં છું. હું આપના શરણમાં આવ્યો છું તેથી કેવળ શરણનું જ બળ છે. હું ચાહું છું કે મન ક્રમ વચનથી બધાથી નાતો તોડીને કેવળ આપ સમરથની પાસે આવીને ઉભો છું કે ક્યારે મારા ઉપર આપની કૃપા દ્રષ્ટી થશે. હજુ સુધી થઈ નથી, હું કેવળ વિનંતી કરી શકું મારા મનને પરિપકવ આપ જ કરી શકો છો હવે આપને રૂચે તેમ કરજો પરંતુ મને હવે આપના સિવાઈ બીજુ કોઈ સ્થળ પ્રિય નથી. હું તો આશા રાખી બેઠો છું, ક્યારે આપ પ્રસન્ન મુખે સુંદર વચનામૃત કરશો કે તું મારો દાસ છો આવું હું ક્યારે સાંભળીશ.

## પદ ૧૧૭મું (રાગ : બિહાગ) વિનતી

**શ્રી વલ્લભ લીજે મોહી ઉબારી ।**
**યા કલી કાલ કરાલ વિષમ તે લાગત હે ડર ભારી ॥૧॥**
**તૃષ્ણા તરંગ ઉઠત ભવ સિંધુ તે ડારત છે ઉછારી ।**
**કરત ભંવર મદમત્સર મોકું દાવ દેત પતારી ॥૨॥**
**કામક્રોધ ઔર લોભ મોહ જહાં જલ જંતુ રહે મુખ ફારી ।**
**ચરણાંબુજ નૌકા નહી સૂજત બિચ અવિદ્યા પહારી ॥૩॥**
**કહો કહાં લગ કરૂં વિનતી વિધિ ન જાત વિસ્તારી ।**
**ચરણ રેણુ સેવક કો સેવક કહત 'રસિક' પુકારી ॥૪॥**

**ભાવાર્થ** - ભવસાગરામાં ભટકતા ક્યાંય ઉગરવાનો આરો નથી એવો બધી રીતે ઘેરાયેલો હું આપનાં દાસોનો દાસ થવા ચાહું છું. મહાન કરાલ કલી કાલ જેણે બધાયની મતી અપભ્રંષ કરી નાખી છે. પ્રભુ પ્રાપ્તિનો માર્ગ દુર્લભ થઈ પડ્યો છે. એવે ટાણે હું ભવરૂપી સાગરમાં અથડાતો રહ્યો છું. આ સાગરમાં તૃષ્ણા રૂપી તરંગોમાં ઉછળી રહ્યો છું. તેમાં કરમ રૂપી ભંવરમાં ગોળગોળ ભટકી રહ્યો છું. તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ જેવા મોટા મોટા જંતુઓ મોઢું ફાડીને તૈયાર રહ્યા છે. તેઓ પોતાના મુખનો ગ્રાસ કરવા ચાહે છે. આમ ઉગરવાનો આરો નથી આપનાં ચરણ કમલ રૂપી નાવજ બચાવી શકે તેમ છે. પરંતુ તે નાવ મારાથી દૂર છે કેમ કે વચ્ચે પહાડ જેવી અવિદ્યા આડી આવે છે. હવે આવા સમયમાં કહોકે હું ક્યાં સુધી વિનતી કરી શકું ? આ દુઃખની વાત કેટલી કહું. ટુંકામાં કહું છું કે આપના સેવકનો સેવક બનાવજો રસિક (શ્રીહરિરાયજી) કહે છે કે હું પોકારી ને કહું છું 'શ્રી વલ્લભ લીજે મોહે ઉબારી'.



## પદ ૧૧૮મું (રાગ : બિહાગ) વિનતી

**જીન શ્રી વલ્લભ રૂપ ન જાન્યો ।**
**જનની જઠર આય કહા કીનો જન્મ અકારથ માન્યો ॥૧॥**
**સકલ વેદ વિધિ સકલ ધર્મ વિધિ કરત જો વેદ વખાન્યો ।**
**કહા ભયો જો સકલ શાસ્ત્ર પઢ્યો નાહક ફાટ્યો પાન્યો ॥૨॥**
**અગ્નિ રૂપ પ્રભુ સકલ શિરોમણી દેત અભય પદ દાન્યો ।**
**'રસિકપ્રીતમ'કે ચરન ભજનતે સકલ પદારથ જાન્યો ॥૩॥**

**ભાવાર્થ** - આવા કઠોર કલીકાલમાં જ્યાં ઘોર અજ્ઞાન છવાઈ રહ્યું છે.તેવા સમયમાં તેજોમય પ્રકાશ રૂપ શ્રી વલ્લભનું પ્રાકટ્ય થયું છે. તે તરફ આંખ વિંચી ને ભટકવાવાળા શ્રી વલ્લભ સ્વરૂપને ક્યાંથી જાણે ? તો પછી માતાનાં ઉદરમાં રહીને માનવ દેહધારી બનીને કર્યું શું ? જન્મ લઈ વૃથા ગુમાવ્યો છે. બીજું ઘણું ઘણું પ્રાપ્ત કર્યું. જેમ કે વિધિ નિષેધ જાણ્યું, શાસ્ત્રો ખૂબ વાંચ્યા, તેમાંથી સાર ન લીધો તે નકામાં પાના ફાડ્યા ફેરવ્યા સમજો. આ કાળમાં તો અગ્નિરૂપ સકલ શિરોમણી શ્રીવલ્લભ પ્રભુ શરણાગત જીવને અભય દાન દેવાવાળા છે. તેને જાણ્યા નહી તો કર્યું શું ? રસિક પ્રીતમ કહે છે કે અગ્નિરૂપ શ્રી વલ્લભ અભય આપે છે 'અદેય દાન દક્ષ' છે. જીવની કૃતિ મુજબ ફલ નહી, પરંતુ ચાહે તેવો જીવ હોય, ઉંચ હોય કે નીચ, તેમજ તેની કરણી ઉંચી કે નીચી, તે તરફ ધ્યાન દેતા નથી. ન દેવાનું દાન પ્રભુ આપે છે, યોગ્યતાનો વિચાર કરતા નથી. જે જીવો શ્રી વલ્લભનાં શરણે આવ્યા દઢ આશ્રિત બનીને રહ્યા તે બધા કૃપાને પાત્ર બન્યા. પરંતુ જેણેશ્રી વલ્લભ રૂપ જાણ્યું નહી તેનો જન્મ વૃથા ગયો જેવા આવ્યા તેવા ગયા.

## પદ ૧૧૯મું (રાગ : કાન્હરો) આશ્રય

**ગિરિધર લાલ શરન તેરે આયો મહા પદ પાયો ।**
**ચરન કમલ કી સેવા દીજે ચેરો કર રાખ્યો ઘર જાયો ॥૧॥**
**બલ છલ બાંધ પાતાલ પઠાયો હરિ યશુમતી કે હાથ બંધાયો ।**
**કંચન લંક વિભિષણ દીની હરિ ગોરસકો દાન લગાયો ॥૨॥**
**જે નર વિમુખ ભયે ગોવિંદ સોં જન્મો જનમ બહુત દુઃખ પાયો ।**
**'શ્રીભટ'કો પ્રભુ દીજે અભય પદ યમ ડરાયો તબ દાસ કહાયો ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં શ્રી ભટજી પ્રભુને વિનંતી કરે છે કે, મને યમનો ડર લાગ્યો ત્યારે હું આપનો દાસ થયો.

ગિરિરાજને ધારણ કરવાવાળા, શ્રીગોવર્ધનવાસી, વૃજવાસીયોની રક્ષા કરવાવાળા, હું શ્રી ભટ્ટ આપની શરણે આવ્યો છું. મને આપ ઘરનો જ સમજીને દાસ કરીને રાખો, મને આપનાં ચરનકમલની સેવા આપો. આપ મહાન ઉદાર ચરિત્રવાન છો. આપની અવતાર દશાની લીલા અટપટી છે.

બલિરાજા ભક્ત તો આપનોજ હતો તેને દેવતાઓથી વૈર હતું. દેવતાઓ તેને મારી નાખવા ભગવાન પાસે ગયા, ત્યારે તેને વગર વાંકે યુધ્ધ કરી કેમ જીતાય ? તેથી છળકપટ કરી તેને લુંટી લીધો. અને પાતાળનું રાજ્ય દીધું. ત્યારે બલીયે તમને સર્વ સમર્પિત, આનંદ પૂર્વક કરી આત્મ નિવેદન કર્યું હતું. જેથી બંને ચરણાર વિંદ પકડી લીધા ને કહ્યું કે જેનાં માટે મેં સર્વસ્વ ત્યાગ કર્યું, એ જો હાથથી જાય તો - તો હું ખરેખર લુંટાઇ જ ગયો છું. માટે પ્રભુ હું આપને નહી છોડું. પછી લક્ષ્મીજી, શિવજી, બ્રહ્માજી, નારદજી સૌની વિનંતીથી ચાર ચાર માસ ત્રણ દેવો વારાફરતી પાતાળમાં રહે, એ શરતે છોડ્યા. છળ કપટ કરીને છળવા ગયા ત્યાં, પોતે સામેથી છળાઇ ગયા, આવી લીલા આપની છે. ગોકુળમાં માત યશોદાજીએ દામડાથી બાંધ્યા ત્યારે દીન બની ગયા, પરંતુ હાથેથી છુટી ન શક્યા, માતાને દયા આવી ત્યારે તમને છોડ્યા. વળી દાણનો નવો રસ્તો શોધી કાઢયો જેમાં વૃજનારીઓ મહી વેચવા જાય ત્યારે અધવચ રોકી મહીનાં દાણ લીધા, નંદબાવાને નવલખ ધેનુ હતી શું ખામી હતી. આપની લીલા અટપટી જ છે. સૂવર્ણ લંકાનું રાજ્ય વિભિષણને આપી દીધું. આપને કોઇ ચીજનો મોહ નથી. રાવણનાં કર્મ અનુસાર મારીને રાજ્ય પોતાનું થયું હતું. પરંતુ સર્વ રાજ્ય સોનાની નગરી વિભિષણને આપતાં લોભ ન લાગ્યો. અને વૃજમાં મૈયારી પાસે દાણ લેવાના લોભ લાગ્યો. આવા આપનાં ચરિત્રો આશ્ચર્યજનક છે. પરંતુ સાર તો એવો જ નિકળે છે, કે જે કોઈ આપનું શરણ ગ્રહણ કરે છે તેનાં સર્વ રીતે રક્ષક આપ બનો છો. આવું જાણી ને જ શ્રી ભટ્ટ કહે છે કે હું તો યમરાજના ભયથી ડરી ગયેલો આપને શરણે આવ્યો છું. અને કાયમી દાસ બનીને જ રહીશ, જેથી આ લોક, પરલોકની ચિંતા મને લેશ માત્ર નથી.

## પદ ૧૨૦મું (રાગ : ગોરી) વિનતી

**યશુમતિ સુત દીજે મોહી દરશન ।**
**તન મન પ્રાન તપત હે નિશદિન છીન એક હોત બરાબર વરસન ॥૧॥**
**સિયશે હોંતોં પહલે હૃદયો, અબ તો અખિયાં લાગી તડફન ।**
**'રસિક પ્રિતમ' વિનતી ચિત્ત ધરીયે તુમસે સરસ કહાં લગે અરસન ॥૨॥**



**ભાવાર્થ** - યશોદાજીનાં પ્રાણ પ્રિય પુત્ર મને દર્શન આપો. આપનાં દર્શન વિના મારા પ્રાણ તડપી રહ્યા છે. તન ને મન તપી રહ્યા છે. કેમ કે પ્રાન વિનાની દેહ શું કામની આવી હાલત થઇ રહી છે. મારા પ્રાણનાં પતિ તો આપ જ છો. આપનાં વિરહમાં એક ક્ષણ વરસનાં જેવડી વિતે છે. પહેલાં તો મારૂં હૃદય શિતળ હતું, પ્રેમની પીડા ન હતી. હવે તો આપનાં દર્શનની પ્યાસી અખિયાઁ વ્યાકુળતામાં તડફી રહી છે. ને હૃદય ઉભરાય આવે છે. રસિક પ્રીતમની આ વિનતી ચિત્તમાં ધારણ કરો. હવે તમારા દર્શન વિનાં બીજું એવું કોઇ નથી જે મારા હૃદય, તન મનને પ્રાણ ને સુખ આપી શકે ? માટે આપ કૃપા કરો.

## પદ ૧૨૧મું (રાગ : બિહાગ) વિનતિ

**શ્રી વલ્લભ અબકે લેહો બચાય ।**
**કોટી જનમતે ભટકત આયો અબ આયો હું લજાય ॥૧॥**
**કલી કે કપટ ખલ ધર્મ કે કારન લીપટ રહ્યો મન કોહી સજાય ।**
**'માધુરી' રાખો ચરન કમલ તર ઔર નહી હે ઉપાય ॥૨॥**

**ભાવાર્થ** - ચૌર્યાશી લક્ષ યોનિમાં ભટકીને માનવ દેહ મળે છે તે અણમોલ છે. આ અવતાર પ્રભુ ભક્તિ માટે સર્વશ્રેષ્ઠ છે. આવા કરોડો જન્મોથી વારે વારે આવીને માયાનાં ગુણોમાં જ મગ્ન રહ્યો. સારા નરસાં કર્મો કર્યા અને પાપ પૂન્યનાં કર્મમાં વધારો કર્યો. આ વખતે આપનું બિરદ જાણીને શરણે આવ્યો છું પણ લજ્જાનો માર્યો મુંહ છૂપાવી રહ્યો છું. આ કલીકાળમાં તો અસત્ય, અધર્મ, છળકપટ વિગેરેનું જ જોર હોઈ હું પણ એમાં લપટાયેલ છું. હવે આપને વિનતી કરૂં છું કે આવા દોષોને હું દૂર કરી શકું તેમ નથી, ખુબી તો એવી છે કે કલીનાં ધર્મો અને તેનું ફળ જાણવા છતાં મનથી તેને દૂર કરી શકતો નથી. તેથી વધારે લજ્જીત છું શરણાંગત વત્સલ શ્રી વલ્લભ પ્રભુ આ વખતે મારો ફેરો ખાલી ન જાય તે માટે આપનો આશ્રિત બનીને રહું. પૂર્વનાં મારા કેવા કેવા કર્મનાં બંધનો હશે તેનું લેખું થાય તેમ નથી સારમાં સાર આપ જ ચરણ શરણે રાખો. તે પણ કૃપા બળથી જ રાખો, યોગ્યતા આવે તે વખતે કૃપા કરવી આવું વિચારવું વૃથા શ્રમ થશે.

## પદ ૧૨૨મું (રાગ : બિહાગ) વિનતી

**અબહી આયો હું નેરો શ્રી વલ્લભ અબહી આયો હું નેરો ।**
**કોટી જન્મતે વિછુર્યો જબ તે વૃથા ગમાયો ફેરો ॥૧॥**
**કરો કૃપા ઐસી અબ મોં પર દૃટ કર ચરન ગહું રે ।**
**દૃટ આશ્રય પાઉં ઈન ચરનનકો નેક ન દૂર રહું રે ॥૨॥**
**કઇક કાલતે ભટકત ડોલત શ્રમિત ભયો કહું ચેન ન પાયો ।**
**'માધુરી' સર્વ સમર્થ જાનકે દૌરકે શરણ મેં આયો ॥૩॥**

**ભાવાર્થ** - શ્રી વલ્લભ પ્રભુ હું તો હમણાંજ આપની શરણે આવ્યો છું કોટી જન્મથી વિખુટો પડ્યો જીવ, વારંવાર માનવ દેહ મળી હશે પરંતુ ફેરા બધા ખાલી ગયા. હવે તો આપ શરણે આવ્યાની લાજ રાખો. આપ કૃપા વિચારો તો જ મારૂં કામ બની શકે. આ વખતે તો આપનાં ચરણમાં દ્રઢતા રાખી સ્થાયી નિવાસ કરીને રહું. પ્રભુ, આપ સર્વેશ્વર છો તેથી સર્વનાં મનની આપ જાણો છો. મારા જેવા તુચ્છ જીવની શું યોગ્યતા છે કે આપનાં ચરણ શરણમાં મને આશ્રય મળે. પરંતુ આપ તો પ્રમેય બળથી જીવોનો ઉધ્ધાર કરવાવાળા, છો ઘણાં જીવો આપનાં કૃપાપાત્ર બન્યા છે તેમાં આ એક યોગ્યતા વગરનો દોડતો દોડતો આવીને ઢાઢીની માફક જ યાચનાં કરતો આશા બાંધીને ઉભો છે. મેં આપનો યશ આપનાં ભક્તોના મુખથી સાંભળ્યો ત્યારથી જ અત્રે આવવા મન લલચાયું છે. હવે આપનાં સિવાય મારો હાથ કોઈથી પકડાઇ તેમ નથી. દૈવિ જીવોનો ઉધ્ધાર કરવા આપ ભૂતલ પર પધાર્યા છો. વળી આપનાં સ્વવંશ દ્વારા જીવને શરણે લઇ તેને આશ્રય આપો છો. વળી મારા જેવા ભટકતા જીવો પણ આપને શરણે આવે છે તેનાં ઉપર આપની કૃપા દ્રષ્ટિ રહે છે. જેઓનાં ભાગ્ય ફલિત થવાનાં હોય તેને જ આપનું શરણ પ્રાપ્ત થાય છે. આવા પ્રત્યક્ષ ગુણોનો અનુભવ થાય છે તેથી જ ઢીલ ન કરતાં જે સર્વ સામર્થ્યવાન એવા આપને જ શરણ છું. હવે મારે ક્યાંય ભટકવું નથી.

## પદ ૧૨૩મું (રાગ : કાન્હરો) આશ્રય

**શ્રી વિઠ્ઠલ નાથ કે શરનમેં આવત દોષ કલીમલ દૂર નસેરી ।**
**જો કોઉ જીવ શરન મેં આયે તિન કે તાપ ત્રિવિધ સબ દુર ગયેરી ॥૧॥**
**આનંદરૂપ છીનમેં કરત ઔર હૃદય નિવાસ હરિ આપ કરેરી ।**
**ભક્તન કે સંગ વાસ મિલે કહે ''માધુરી' ભ'ક્તિ કોહી વહ પ્રાપ્ત કરેરી ॥૨॥**

**ભાવાર્થ**- શ્રી ગુસાંઇજી પરમ દયાળુ એવા આપનાં સ્વભાવને અનુરૂપ જે કોઇ જીવ આપની સન્મુખતા પ્રાપ્ત કરતાં જ તેના ત્રિવિધ દોષ તાપ સંતાપ દૂર થઇ જતાં અને તેને કોટી કંદર્પ લાવણ્ય આવા સ્વરૂપનાં દર્શન થતાં તેમના શરણમાં આવતાજ કલીમલ દોષ દૂર થઇ જતાં અને પ્રભુની સેવા સુમરણ કરવાની યોગ્યતા પ્રાપ્ત થતી શ્રી ગુસાંઇજીની સન્મુખ થતા જ શરણ ગ્રહણ કરવાની ઈચ્છા થાતી, શરણે આવી સેવા કરતા પ્રભુ તેમનાં હ્રદયમાં બિરાજતાં હતા. જેઓને ભક્તોનો સંગ મળતો તે સંગના પ્રભાવથી ભક્તિથી ભગવંતની પ્રાપ્તિ થતી, શ્રી ગુસાંઇજીના શરણમાં આવવાવાળા કૃપાવંત થઇ સેવા સુમરન કરી પોતાનાં સંગીને લાભ દેતા, આમ ભક્તનાં સંગમાં રહી ભગવદ્ પ્રાપ્તિ શ્રી ગુસાંઇજીના કૃપા બળથી થાય.



## પદ ૧૨૪મું (રાગ : મલ્હાર) આશ્રય

**ભૂતલ અદ્ભુત વર્ષા આઇ ।**
**શ્રી વલ્લભ પ્રભુ પ્રકટ હોય કે રસ વરસા વરસાઇ ॥૧॥**
**જૈસે ધરણી તાપ નસાવત બદરન અંબર છાયે ।**
**તૈસે દૈવિ જીવન કે હીયકે તાપ સંતાપ સિરાયે ॥૨॥**
**જૈસે મેઘ મૃદંગ બજાવત બિજુરી ચમકત ન્યારી ।**
**ઐસે શ્રી મુખ છટા દિખાઇ મોહ અવિદ્યા તાપ નિવારી ॥૩॥**
**શ્રી મુખ બાની બરખત નિશદિન સુબોધિની સરસાઇ ।**
**'માધુરી' વાક્પતિ વિબુધેશ્વર ચરનકમલ શુધ્ધિ પાઇ ॥૪॥**

**ભાવાર્થ** - ઉષ્ણકાળમાં જેમ તપત થયેલી ભૂમિને જેમ વર્ષા આવતાં શાન્ત બને છે. અત્રે અદ્ભુત વર્ષા જે અમૃત ધારાનું વર્ણન છે. આ વર્ષા તો હૃદયના તાપને શાંત કરવાવાળી છે. શ્રી મહાપ્રભુજીએ દૈવિ જીવોનો ઉધ્ધાર કરવા વચનામૃતરૂપી વર્ષા કરી જડી લગાડી દીધી વાણીનાં પતિ વિબુધેશ્વરની કૃપાથી દૈવિ જીવોનાં હ્રદયો ચિરકાળથી તાપમાં તપી રહેલાં તેમને શાન્ત કર્યા, આકાશમાં જેમ વાદળા શ્યામ રંગે થઇ વરસે છે, તેમ મેઘશ્યામ રૂપે શ્રી વલ્લભ વાણીથી વર્ષા કરીને ભક્ત હ્રદયને શાન્ત શિતલ બનાવ્યા, તાપ સંતાપ દૂર કર્યો. જેવી રીતે આકાશમાં મેઘ મૃદંગ બજાવે છે. તેમ મહાપ્રભુજીએ ગર્જના કરી માયાવાદને પડકાર કર્યો અને ભક્તિ રસને અનુકુળ વર્ષા કરી. વિજરી ચમકથી આંખો અંજાઇ જાય તેમ શ્રી વલ્લભનાં મુખારવિંદ તેજોમય જોઇ માયાવાદીની આંખો મિંચાઇ ગઇ. તેમજ ભક્ત ગણ પણ શ્રી મુખની છટા નિહાળે છે. પરંતુ વર્ણન કરી શકતા નથી શુક વાણીનો ગુઢાર્થને શ્રી સુબોધિનિજીમાં પ્રગટ કર્યો. અને આપનાં શ્રીમુખથી રસ વર્ષા વરસાવી તેમાં સમય ઋતુ કોઇ વસ્તુનો પ્રબંધ નથી જ્યાં ત્યાં જ્યારે ભક્તજનોની ટોળી પહુંચી તે સમયે રસની વર્ષા કરી છે. વરસાદ જેમ ગામ જંગલ કે જળાશય કાંઇ જોતું નથી. તેનું કામ વરસવાનું છે. તેમ અત્રે કોઇ કાળ, જ્ઞાતિ, નાના મોટા એવું કાંઇ જોયું નથી અને સહુને રસપાન કરાવ્યું છે. પાત્ર અપાત્ર પણ જોયું નથી. બહુધા અપાત્ર પણ તે રસધારાનું પાન કરીને પાત્ર બન્યા છે. મોટા મોટા વિદ્વાનો, જેઓ ગુરૂપદ ધરાવતા શિષ્યો બનાવતા તેઓ પણ આપને શરણે આવી શિષ્ય બની તે અમૃત રસનું પાન કરનારા ભોગી બન્યા. અત્રે માધુરીદાસ કહે છે દેવોના દેવ એવા વાણીના પતિ શ્રી વલ્લભ આપના ચરણમાં ચિત્ત સદા લાગ્યું રહે. આમ કહીને હ્રદયમાં ચરણ કમલની શુધ્ધિ લાવે છે.

## પદ ૧૨૫મું (રાગ : બિહાગ) વિનતિ

શ્રી વિઠ્ઠલ નાથ જુકે ચરન કમલ પર સદા રહે મન મેરો ।
સિતલ સુભગ સદા સુખદાયક ભવસાગરકો બેરો ॥૧॥
રસનાં રટત રહોં નિશવાસર પ્રભુ પાવન યશ તેરો ।
'સગુનદાસ' ઇતની માંગત હે ભૃત્ય ભૃત્ય કો ચેરો ॥૨॥

ભાવાર્થ - શ્રી ગુસાંઇજીનાં ચરણ કમલોમાં મારૂ મન લાગી રહે અને હું દાસાનું દાસ બનું આવી વિનતી સગુણદાસજીયે કરી છે.

પ્રભુ ચરણ, આપની પાસે હું વિનતી કરીને માંગુ છું કે આપનાં ચરણકમલમાં નિવાસ કરી સદા શાન્તિથી રહું આપનાં ચરણો તે કલ્પવૃક્ષ સમાન છે. જેથી આશ્રય કરી રહેલા ભક્ત હોય કે અભક્ત, સહુનાં ઉપર આપની કૃપા વરસતી રહે છે. અને ભવોભવનાં ફેરા ટળ્યા છે. આપની કૃપા બળનું હું શું ગાન કરી શકું! આપની કૃપાથી મનુષ્ય તો શું, પક્ષિયોનો પણ ઉધ્ધાર થયો છે. આપની તો પ્રતિજ્ઞા હતી કે ઓછામાં ઓછા બે જીવ શરણે આવે પછી જ ભોજન કરવું. તે વખતે મહાનુભાવી ચાચા હરિવંશજી બે પક્ષીને પકડી લાવ્યા તેને શરણે લીધા પછી ભોજન કર્યું. આ પક્ષી કબુતર અને કબુતરી તેઓ વૈષ્ણવ આવે તો તેની પાસે આવીને બેસતા, ભગવદ્ વાર્તા સાંભળતા. તેઓ વૈષ્ણવની આસપાસ ફરતા રહેતા. એકવાર પારધીનાં હાથમાં સપડાય ગયા હતા. પારધીયે રાજાને સોંપી દીધા. રાજાને રોગ થયો હતો, ત્યારે વૈદે તેની કબુતરનું રુધિર લગાડવાનું કહ્યું હતું. બંને પંખીને પાંજરામાં પૂરી રાજાએ પોતાની પાસે રાખ્યા હતા. રાજા પક્ષીયોની ભાષા જાણતો હતો. કબુતરે કહ્યું કે વૈદ્ય મૂર્ખ છે. અમારી વિષ્ટા ચોપડે તો તુરત આરામ થાય તેથી રાજાએ ચોપડી જોયું તો આરામ થયો, પછી પક્ષીયોને છોડી મુક્યા. આવા પ્રભુ શરર્ણાગતની રક્ષા કરવાવાળા છે. જેથી સગુનદાસ કહે છે આપનાં ચરણ કમલોમાં મારું મન લાગ્યું રહે હું આપના દાસોનો દાસ બનું. મારી વાણી દિવસ રાત આપનાં ગુણોનું ગાન કરે.

## પદ ૧૨૬મું (રાગ : બિહાગ) વિનતી

શ્રી વલ્લભ જૈસો હું તૈસો તેરો ।
પહલેકી ભઇ સબહી વિસારો હોય કામ તબ મેરો ॥૧॥
હોં અપરાધી બહુત જનમ કો ભયો દોષકો ટેરો ।
શરન પર્યો અબ સબ હી વિસારો રાખ લેહો અબ નેરો ॥૨॥
કરૂના કીજે કરૂનાં સાગર ટારો ભવસાગરકો ફેરો ।
'દાસ' કી વિનતી મોહી નિભાવો અધમ આપકો ચેરો ॥૩॥



ભાવાર્થ - આ પદ દાસનાં છાપનું છે. તેમાં શ્રી મહાપ્રભુજીને વિનતી કરી છેકે પ્રભુ મને ભવસાગરથી પાર કરો.

શ્રી વલ્લભ કૃપા નિધાન હવે હું આપને શરણે આવ્યો છું તેથી બીજા કોઇનો નહી આપનો જ કહેવાઇશ. હવે જેવો છું તેવો પણ આપનો જ છું, મારી કરણી પહેલાની યાદ કરવા જેવી નથી તેને તો ભુલવી જ પડશે. કૃપાનિધાન આપનું બિરદ પાળો. તો જ મારૂ કામ બને તેમ છે. મેં આજ સુધી કેટલા જન્મ લીધા શું શું કામો કર્યા તેને તપાસતા કેવળ આપને શ્રમ થશે. કેવા કેવા કર્મ કરીને કેટલા બંધનમાં બંધાયો છું તે બધું જોયા જેવું જ નથી. આ સમયમાં આપની શરણે આવ્યો તેથી હવે હું આપનો જ છું હવે આર્ત નાદથી વિનતી કરૂં છું કે આપ શરણ ગ્રહણ કર્યાની લાજ રાખો. પૃથ્વીનાં રજકણો કદાચ ગણી શકાય પરંતુ એથી વધારે દોષોથી હું ભરેલો છું આપ તો કરૂણાસાગર છો. કરૂણા કરીને આ ભવનો ફેરો મારો સુધારો આપની કરૂણા પાસે મારા દોષો નિર્બળ છે. પર્વત સમાન દોષો ક્ષણવારમાં બળીને ભસ્મ થઇ જાય છે. આવું જાણીને અધમ એવો હું જન્મો જન્મથી અપરાધી છું. અપરાધી તો હું મહાન છું, પરંતુ હવે તો આપનો દાસ છું હું અધમ છું, આપ અધમ ઉધ્ધારણ છો. આપ અંતયાર્મિ છો સર્વના મનની જાણો છો. છતાં હું આતુર છું. ગભરાય ગયો છું તેથી વિનતિ કરૂં છું. આપનાં સિવાય બીજો કોઇ મારો ઉધ્ધાર કરવા સમર્થ નથી.

## પદ ૧૨૭મું (રાગ : બિહાગ) આશ્રય

શ્રી વલ્લભ મહા રસ સિંધુ સમાન ।
સદા સુમિરત હોત તિનકું હોત અભય પદ દાન ॥૧॥
કૃપા જલ ભરપુર હે જહાં ઉઠત ભાવ તરંગ ।
રત્ન ચૌદહ સબ પદારય ભક્તિ દસ વિધ સંગ ॥૨॥
પુષ્ટિ મારગ બડી નૌકા ચલત અન આયાસ ।
ટીંગ ન આવત બુધ્ધિ આસુરી મગર મિન નિરાસ ॥૩॥
સેતુ બાંધ્યો પ્રકટ વ્હૈ સુત વિઠ્ઠલેશ કૃપાલ ।
ભયો મારગ સુગમ સબકો ચલત નેક ન આલ ॥૪॥
પુષ્ટિ રસમય સુધા પ્રકટી દઇ સુર નિજ દાસ ।
અસુર વંચેં મનુજ માયા મોહે સુખ મૃદુ હાસ ॥૫॥
છાંડ સાગર કૌન મૂરખ ભજે છિલ્લર નીર ।
''રસિક'' મન તે મિટી અવિધા પરસ ચરન સમીર ॥૬॥

**ભાવાર્થ** - આ પદમાં શ્રી વલ્લભ પ્રભુને સમુદ્રની ઉપમા આપીને ગાન કર્યું છે. જેમ કે નાના મોટા સરોવરો તેને છિલરની ઉપમા દીધી છે. તેમની સીમા માપી શકાય છે. તેમજ કાળે કરીને સૂકાય જાય છે. પરંતુ અગાધ સિંધુ સુકાતો નથી. પરંતુ અત્રે મહારસ સિંધુ સમાન કહી બતાવ્યું છે જેની સીમા માપી શકાતી નથી જેમ કે ગણિતાનંદ દેવોનું ભજન કરવું અને અગણિતા, તે મહારસ સિંધુ છે મર્યાદામાં દરેક કર્મમાં ફળ લગાડી દીધા છે કયાંક અતિશયોક્તિ દેખાય છે. જેમ કે એક એકાદશી કરવાથી દશ હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ, હજાર ગૌદાનનું ફળ આખર તો બધાની મર્યાદા છે અત્રે તો જેની સીમા માપી શકાતી નથી માટે લોભામણા ફળમાં લોભાવું નહી સમુદ્રમાં અથાહ જળ હોય છે. તેમ અત્રે કૃપા રૂપી અથાહ જળ ને મહાન રસનો ભરેલો છે. સમુદ્રમાં જેમ લહેરો ઉછળતી રહે છે તેને ગણી શકાતી નથી તેમ અત્રે ભાવરૂપી તરંગોની ગણત્રી થઈ શકતી નથી જે કોઈ સદા શ્રી વલ્લભનું નામ સ્મરણ કરી આશ્રિત બનીને રહે છે, તે નિભર્યતા પ્રાપ્ત કરે છે. અને અભય પદ પ્રાપ્ત કરે છે. સમુદ્રમાં ૧૪ રત્નો સંઘરાયેલ હતા જેમ કે ચંદ્ર, લક્ષ્મી, ઐરાવત, વિગેરે તેમ અત્રેપણ દસવિધ ભક્તિ અને ચાર પ્રકારની મુકિત ૧૦+૪ = ચૌદહ રત્નો જુદી જુદી જગો પર વિતરિત થયા છે. તેમાં જેને જે જોઈએ તે લઈને જન્મ સફલ બનાવ્યો.

આ ચૌદહ રત્નોની વિગત નીચે મુજબ આપી છે.

પહેલું રત્ન શ્રી વલ્લભનાં દાદાજીનું શ્રીમદ્ ભાગવત

બીજું રત્ન નંદરાયજીનાં વખતનાં શાલિગ્રામજી અનંત સાવંતજી

ત્રીજું રત્ન શ્રી મહાપ્રભુજી રચિત સુબોધિનીજી

ચોથું રત્ન શ્રી ગુંસાઈજીએ સાતો બાલકોને સાત સ્વરૂપો પધરાવ્યા તે સાત સ્વરૂપો શ્રી મથુરેશજી, શ્રી વિઠ્ઠલેશ, શ્રી દ્વારકેશજી વિગેરે સાત રત્નો.

૧૧મું રત્ન શ્રી મદનમોહનજી અષ્ટ વિધિ રમણ શ્રી વિઠ્ઠલ નાથકે

૧૨મું તે કાશીમાં બિરાજતાં શ્રી મુકુન્દરાયજી

૧૩મું શ્રી કલ્યાણરાયજી વડોદરા

૧૪મું શ્રી નટવરલાલજી રાજનગર

આ ચૌદ રત્નો શ્રી વલ્લભ રસ સિંધુથી પ્રાપ્ત થયા છે. સાગર પાર કરવા પુષ્ટિ માર્ગ રૂપી નૌકા છે આ નૌકામાં બેઠા પછી નિર્ભયતા પ્રાપ્ત થાય છે. સાગરમાં જેમ મોટા મગર મચ્છોનો ભય રહે છે. જેમ કે કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા વિગેરેનો ભય રહેતો નથી. તેમજ આ કૃપા સિંધુને પાજ બાંધી જેથી સરળ રીતે પાર કરી શકાય અત્રે શ્રી ગુસાંઈજીયે ગોપિજનોનાં ભાવ મુજબ ભાવનાં



રાખી સેવા માર્ગ વિકસાવ્યો છે, તેમજ નિર્ભય સેવા કરવાનું કહ્યું છે. પોતાના ઉધ્ધારની ચિંતા છોડી, સેવામાં મુખ્ય ભાવરૂપ બતાવી સુખરૂપે સેવા કરવાનું બતાવ્યું છે. અમૃતનું પાન કરો અત્રે તો લીલા રસ અમૃત છે. સમુદ્રનું અમૃત માદક છે. ત્યારે આ અમૃત તો દીનતા ભાવ સિધ્ધ કરવાવાળું છે. સમુદ્રનાં અમૃતનું પાન અસુરોને ન મળ્યું. જેથી ભટકતા રહ્યા, અને વિશ્વ વિમોહિની માયામાં મોહિત થયા. તેમ શ્રી વલ્લભરૂપને ન જાણનારા કેવળ માયામાં લીન થયા અને સાંસારીક સુખો મેળવવા આમ તેમ ભટકતા રહ્યા જે સુખ સ્થિર નથી. નાશવંત છે, તેને મેળવવા આયુષ્ય ગુમાવી દીધી. રસિક કહે છે કે એવો કોણ મુરખ હોય કે જે, સુંદર રસ સિંધુ ને છોડીને કાદવ કીચડ જેવા છિલ્લર તળાવનો મોહ રાખે. મતલબ કે કૃપા માર્ગ તે પિરસેલી થાળીને છોડીને જ્યાં ત્યાં ભટકીને આસુરી વૃતિ વાળા બની જાય. મારી તો ભ્રમણાં બધી દૂર થઈ ગઈ છે, જેથી પુષ્ટિ રૂપી નૌકામાં બેસી પાર થવું ઉત્તમ માન્યું છે. જે નૌકા કેવળ કૃપાથી જ ચાલે છે. પવન કઈ દિશાનો છે તેનું મહત્વ નથી. પુષ્ટિ રૂપી હવા હવે મને લાગી છે. તાત્પર્ય કે મને શ્રી વલ્લભનાં ચરણોની રજકણીકા પ્રાપ્ત થઈ છે. તેનાં પ્રતાપ બળથી શ્રી વલ્લભનું ગુણગાન કરવાની પ્રેરણા મળી છે માટે પુષ્ટિમાર્ગીય શરણાગત જીવો તમે પણ આ રસ સમુદ્રથી નીકળેલું અમૃત તેનું પાન કરી જીવન સફલ બનાવો.

## પદ ૧૨૮મું (રાગ : બિહાગ) આશ્રય

**શ્રી વલ્લભ ચરન લગ્યો ચિત્ત મેરો ।**
**ઈન બિન ઔર કછુ નહી ભાવત ઈન ચરનનકો ચેરો ॥૧॥**
**ઇન ત્યજ ઔર જ્ઞાનકું ઘ્યાવે સો મુરખ જુ ઘનેરો ।**
**'ગોવિંદદાસ' યહ નિશ્ચય કર સોહી જ્ઞાન ભલેરો ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં મનની દઢતા બતાવી છે કે મારૂ મન તો શ્રી વલ્લભનાં ચરણ કમલમાં લાગ્યું છે આનાં સિવાઈ બીજું કાંઈ મનમાં આવતું નથી કેમ કે આ કલીકાલમાં તો કેવલ શ્રી વલ્લભ રૂપ સહાયક છે અન્ય યુગોમાં અન્ય સાધનો ફલ દેવાવાળા છે. સતયુગ, દ્વાપર, ત્રેતામાં જપ, તપ, તિરથ, વૃત, યોગ વિગેરે છે પરંતુ કલીયુગમાં કેશવકિર્તનથી જ જીવ કૃતાર્થ બને છે. શ્રી મહાપ્રભુજીએ સેવા, સ્મરણ, પ્રભુની શરણાંગત રહીને આનંદથી દિવસો વિતાવવાનું કહ્યું છે. શ્રી વલ્લભ કલ્પતરુ રૂપ છે. તેથી તેની છાંહમાં રહી દઢતા પૂર્વક આશ્રય ગ્રહણ કરી રહેવાથી જ 'સુખ સેવ્યો દુરાધ્યો' જે પ્રભુને પ્રાપ્ત કરવા દુર્લભ છે તેની સુખપૂર્વક સેવા બતાવી છે. તેથી સુંદર ઉપાય આપનાં ચરણ શરણ સિવાય બીજો નથી. આમ દઢતા પૂર્વક કહ્યું છે. કે હવે મને બીજી વસ્તુ ધ્યાનમાં પણ લેવી ગમતી નથી.

આ ભવરૂપી સાગરમાં મને ભટકતાં કેટલો સમય ગયો, કેટલા જન્મો લીધા, શું શું કર્મો કર્યા તેનું મને જરા પણ ભાન નથી. વળી કલીયુગનાં ધર્મ શાસ્ત્રો ઘણાં મૂળરૂપ છોડીને બીજી બીજી વાતોથી ભરેલા જોઈ ધ્રુજારી છૂટતી હતી ધર્મ કર્મથી ભ્રષ્ટ આવા વિચાર વાળા સમયમાં શું કરવું ? શું ન કરવું ? આવા વિચારોમાં ઘેરાઈ રહ્યો હતો. ખારા સાગરમાં જેમ મીઠી વિરડી હોય અને તે અખૂટ ધારા શ્રી વલ્લભ પ્રભુનું શરણ પ્રાપ્ત થયું જે વિરડી નહી પણ મહા સમુદ્ર સમાન હોઈ, ખારો સમુદ્ર નાનો દેખાય છે. આવા કૃપા સિંધુનું ચરણ કલ્પવૃક્ષ સમાન ઈચ્છિત ફલ દેવાવાળું હોય પછી અન્ય જગો ભટકવાની જરૂર રહેતી નથી. આવું સુંદર અભય સ્થાન છોડીને જે કોઈ અન્યની આશાએ ભટકે છે. તે મહા મુરખ જ કહેવાય. તેને ભટકતા રહેવાની સહજ ટેવ પડી છે. તે પિરસેલી થાળી મુકીને જગો જગો ભટકે છે. આ કલિકાળમાં જેમણે મહાન પ્રતાપ બળ બતાવ્યો છે તીર્થોમાં ફરી તેનાં દોષો દૂર કરી પવિત્ર બનાવ્યા, વેદ શાસ્ત્રોનો સરળ અર્થ કરી સમજાવ્યો, મિથ્યા વાદનો નાશ કર્યો, ઉગ્ર પ્રતાપ બળ આંખોની સામે દેખાય છતાં અન્ય જગે ભટકે તે મુરખ જ કહેવાય. સંસારી સુખની ઈચ્છાથી કોઈ સ્વર્ગ મોક્ષની ઈચ્છા રાખવાળા કદી સ્થિર થઈ શકતા નથી. આમ જ્યાં ત્યાં ભટકતાં ઉંમર પૂરી થઈ જાય છે. બુધ્ધિમાનો મોટા મોટા વિદ્વાનો તથા જેઓ સ્વામી કહેવરાવતા હતા તેવા સાત્વિકો શ્રી વલ્લભને શરણે આવી સ્વામી મટી સેવક બન્યા છે. બીજા તામસ વિદ્વાનો કલીયુગની લપેટમાં આવી કેવળ માયાનાં ગુણમાં લોપાયમાન થયા તેઓ પોતે ડુબે, ને સેવકોને ડુબાડે છે. સાત્વિક બુધ્ધિવાળા જેઓ સત્યની શોધમાં સદા રહેતા તેઓ તો શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કરીને ચરણમાં પ્રતાપ બળથી પ્રભુ પ્રાપ્તિ કરીને ધન્ય ધન્ય થયા. આ કલીમાં એક જ આધાર રૂપ શ્રીવલ્લભ રૂપ છે. વલ્લભનાં શરણમાં શું મળશે ? (૧) ગોપીજન વલ્લભનું નામ, સ્મરણ, સેવા કરી પ્રેમ, આસકિત, વ્યસન દશા સુધી પહુંચાશે, ગોપિજનોની ભાવના રાખવાથી સંયોગ વિપ્રયોગ બંન્ને રસનો અનુભવ થશે. સુદઢ ભક્તિથી જ પ્રભુ પ્રસન્ન થશે. અને લીલારસનું અમૃત પાન મળશે. ઉધ્ધવજી જેવા મહાન જ્ઞાનિ ગોપીજનોનાં ભાવની ભુરી, ભુરી પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ધન્ય તમારી ભાવનાને આવી ભક્તિ આજ સુધી બીજું કોઈ કરી શક્યું નથી. એમ કહી ગોપિજનની ચરણ રજ પોતાનાં માથા ઉપર ચઢાવી હતી ગોવિંદદાસજી કહે છે કે મારે હવે બીજા કોઈ જ્ઞાનની જરૂર નથી, દઢ નિશ્ચય કરી શ્રી વલ્લભનાં ચરણોમાં મારૂ મન સ્થિર થઈ રહે એટલું જ જ્ઞાન મારા માટે ઘણું છે.



## પદ ૧૨૯મું (રાગ : બિહાગ) વિરહ

**વૃજ કે વિરહી લોગ વિચારે ।**
**બિન ગોપાલ ઠગેસે ઠાડે અતિ દુંબલ તન હારે ॥૧॥**
**યહ મથુરા કાજર કી રેખા જો નિકસે સો કારે ।**
**જે કોઇ કાન્હ કાન્હ કહી ટેરત અખિયન બહત પનારે ॥૨॥**
**માત યશોદા પંથ નિહારત નિરખન સાંઝ સવેરે ।**
**'પરમાનંદ' સ્વામી બિન ઐસે જૈસે ચંદ્ર બિન તારે ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં પરમાનંદદાસજી સંયોગ વિપ્રયોગ બંનેનું ધ્યાન દોરે છે. વૃજમાં રહેવાવાળા લોકોને શ્રી કૃષ્ણ પ્રત્યે અગાધ સ્નેહ હતો. શ્રીકૃષ્ણ મથુરામાં પધાર્યા પછી, સંસારમાં રહી સુખનાં અનુભવથી વંચિત થઈ ગયા હતા. કૃષ્ણ વિરહમાં અતિ દુર્બલ બની ગયા હતા. ફક્ત આવવાની આશા એ જ જીવન ટકાવી રાખ્યું હતું. જેનું સર્વસ્વ લુંટાઈ ગયું હતું માનસ વૃત્તિમાં બીજું કાંઈ વિચારવાની શક્તિ જ હણાઈ ગઈ હતી. જેમ કોઈ ઠગોએ તેમને ઠગી લીધા હોય, તેવા બની ગયા હતા. ચાલતી વખતે ધીરજ આપી હતી કે હું ચાર દિવસમાં આવીશ તે ચાર દિવસો કે દીવસે પૂરા થશે. આમ વિચારતા રહેતા આવવાની આશા એ જ જેમની જીવાદોરી રૂપ હતું. કૃષ્ણ કૃષ્ણ કહેતા જ જેમનું હૃદય ભરાઈ આવતું. અને નેત્રોથી જળની ધારા વહેતી રહેતી, અને કહેતા કે આ મથુરા કાજરની રેખા છે તેમાંથી જે નીકળે તે કાળાજ હોય કૃષ્ણ પણ મથુરામાં જ જન્મ્યા હતા. તેણે આપેલું વચન પાળ્યું નહી.

મૈયા યશોદા તો સાંજ સવારે મથુરાથી આવતી વાટ જોતી રહેતી કે, હમણાંજ મારો બારો કન્હૈયો આવશે. દોડીને મારા કંઠથી લપટાઈ જશે. એમ વિચારતા કૃષ્ણની બાળ લીલાની સ્મૃતિ આવતી અને નેત્રોથી જળની ધારા વહેતી. પરમાનંદજી કહે છે જેમ અમાવસની રાત્રી અંધકાર હોય તેમ અમો ગોકુલવાસી કરોડો તારારૂપી છીએ, કોઈપણ પ્રકાશ આપી શકતા નથી, હમારો ગોકુલચંદ એકજ બધાને પ્રકાશ દેવાવાળો છે. અનગનિત તારા હોવા છતાં અંધકાર દૂર થઈ શકતો નથી. ગોપીજન કહે છે કે સાંજ પડે ગૌચારણ લીલા કરીને વૃજમાં પધારતા ત્યારે અમે કહેતા, હવે અમારો ગોકુલચંદ ઉદય થયો છે. વિયોગ રૂપી અંધકાર દુર થયો. તેથી શ્રી કૃષ્ણનું વદનચંદ્ર નિહાળીને આનંદમાં ડુબી જતાં. હવે તારા બધા નિસ્તેજ છે. કૃષ્ણ ચંદ્ર વિના કોઈ વિરહને શાન્ત કરે તેમ નથી.

આવા વૃજવાસીયો કૃષ્ણ નામ લેતાંજ પાગલ બની જતાં. નિરાશાનું જીવન જીવી રહ્યા હતા. વૃજમાં નિવાસ કરી રહેલ લોકો, જુદી જુદી ભાવનાં વાળા હતા. જેમ કે ગ્વાલ બાલોને બચપણની ખેલ કુદ તથા ગૌચારણ વખતનો આનંદ વનની

લીલાનું અનુસંધાન થતા અશ્રુની ધારા વહેતી. ગોપિજનોમાં પણ જુદી જુદી ભાવનાં વાળા હતા. જેઓએ જે જે સુખ લીધું હતું. તેની સ્મૃતિ અસહ્ય થઈ પડી હતી. તેમાં ઉત્તમ ભાવવાળા એવા ગોપીજનોએ અંતરાનુભુતિ વખતે થાતું કે પ્રભુ મથુરા ગયા જ નથી તે તો અમારી પાસે જ છે. પરંતુ જ્યારે બાહ્યાનુભુતિ થાતી ત્યારે તેઓ પણ સૌની જેમ વિરહનો અનુભવ કરતા હૃદયાનુભુતિમાં વિચારતાં કે યુગયુગમાં અવતારી પ્રભુ શ્રી કૃષ્ણ મથુરામાં અવતાર દશાનું કામ કરવા પધાર્યા છે. આમ બાહ્યાનુભુતિ થતી ત્યારે જ વિરહનો અનુભવ કરતા આમ સંયોગ વિપ્રયોગ બંનેનું અનુસંધાન રહેતું.

વૃજમાં પ્રભુએ ચર્તુવ્યુહ રૂપે લીલા કરી છે. વાસુદેવ, પ્રદ્યુમન, સંકર્ષણ, અનિરૂધ્ધ તેમાં જેવું કામ તે વ્યુહ કાર્ય કરે પ્રભુ તો સદા આનંદમય લીલા કરતાં કેમ કે, આનંદરૂપ આપ સ્વયં છે સદાય બાળાવેષ બાળરૂપ ધારી આનંદ માનવા વાળા આમ ગોપીજનો વિચારતા કે જેણે સુખ લીધું હોય તે જ વિયોગનાં દુઃખને જાણી શકે.

જ્યારે ઉધ્ધવજી સાથે ગોપિજનોયે સંવાદ કર્યો હતો ત્યારે પ્રથમ ગોપીયોએ પ્રભુએ કરેલી વિવિધ લીલાનું અવગાહન કરાવ્યું હતું. અને આજની સ્થિતિ બતાવી હતી કે જુઓ કૃષ્ણ વિયોગે વૃજનાં લોકો, વન ઉપવન, ગાયો, વિગેરેની શું હાલત છે. વિરહાનુ ભાવ થતાં પોતે દેહનું ભાન ભૂલી ગયા હતા. પ્રેમા વેશમાં પ્રભુને જેમ મેણાં મારતા હોય તેમજ ક્રુરતા બતાવતા હોય તેમ નિઠુર કહ્યા હતા. ત્યારે ભ્રમર રૂપમાં પ્રભુ ત્યાં પધાર્યા તેને દૂત કહીને જે કાંઈ કહેવું હતું તે કહ્યું હતું પ્રભુએ ત્યાં પધારી પોતાની દશાનું ભાન કરાવ્યું હતું. પાછળથી ગોપીજનોએ કહ્યું કે ઘડી બે માં વાંસલડી વાગશે મારો વાલો આમ પાસે આવી કંઈક માંગશે ! જુઓ સાંઝ પડી છે હમણાંજ શ્રી કૃષ્ણ ગાયોને ગોવાળો સાથે આવશે. આમ નિત્ય લીલા પણ બતાવી, ત્યારે ઉધ્ધવજી પ્રેમને જોઈને આશ્ચર્યચકિત થયા કે આવા પ્રેમી ભક્તને હું શું જ્ઞાન આપી શકું ! આમની પદ રજ ત્રણે લોકને પાવન કરવાવાળી, છે અન્ય વૃજવાસી કૃષ્ણ વિના ઠગે સે ઠાડે રહી ગયા હતા. તેમને કેવળ વિરહનું જ દુઃખ સહન કરવું પડતું તેઓ આવવાની રાહ જોતા જેથી વિરહી લોગ વિચારે.

### પદ ૧૩૦મું (રાગ : ખમાચ) વૈરાગ્ય

**હરિ હરિ છાંડકે દૂસરી ન કીજે બાત**
**એક એક પલ એ તો કરોડનકી જાત હે ।**
**ઘડી પલ દિન ખોઇ ફેરહુ ન આવે સોચ**
**ક્ષણ ભંગુર દેહ તામે મરણસી ઘાત હે ॥૧॥**



**હરિકો સંભાર તુંહી બકવો વિસાર ડાર**
**તજ કે અમૃત વિષ કાહેકો ખાત હે ।**
**કહે 'હરિદાસ' યહી શ્વાસ કો કહા વિશ્વાસ**
**એક ઘડી એક મે નિકસ નિકસ જાત હે ॥૨॥**

**ભાવાર્થ** - આ સંસારમાં આવી કોને કેટલું જીવવું છે તે કોઈ જાણતું નથી સંસારી જીવન રમત માત્રમાં બચપણ અજ્ઞાન અવસ્થામાં ગયું. યુવાવસ્થામાં સંસારમાં આવી સુખી કેમ થાઉં તે માટે ચોતરફ મનને ભટકાવ્યું, બુઢાપો આવ્યો દેહ ઈન્દ્રિયો શિથિલ થઈ ત્યારે એટલું ભાન આવે છે કે ક્યારેક તો જાવું જ પડશે. નામ તેનો નાશ નિશ્ચિત છે. સંસારમાં જન્મ લીધો તે દેહને ત્યાગવોજ પડશે પરંતુ ક્યારે તે કોઈ જાણતું નથી. પાછલી જીંદગી દુઃખરૂપ થઈ જાય છે. પરંતુ મોહ મુકાતો નથી. માટે આ દુર્લભ દેહથી બને તેટલું હરિનું સ્મરણ કરવું. 'હરિહરિ સુમરન કરો હરિ ચરણારવિંદ ઉરમાં ધરો', તે મુજબ જો મન સમજે અને તે રસ્તે ચાલે તો જીવન સફલ થાય છે. માટે જીવનનો સાર સમજી વૃથા સમય ગુમાવવો નહી. જે ઘડી પળ ગઈ તે પાછી આવતી નથી. કોઈ કહે કે ઘડપણમાં ગોવિંદ ગાશું, પરંતુ અત્રે ક્યાં સુધી રહેવું છે તેની ખબર નથી. અચાનક કાળ આવી કોળીયો કરી જશે, માટે કર્યું તે કામ. જીવનની એક એક પળ કરોડની જાય છે. બહુમુલી માનવ જીવન, વૃથાલાપ, વૃથાક્રિયામાં ગુમાવવો નહી. સંસારી કામ કરતાં પણ નામ લઈ શકાય છે.

એક વાવ પર બે વૈષ્ણવો ભેગા થયા તેઓ બેસીને ભગવદ્ વાર્તામાં તલ્લીન થઈ ગયા, પછી જુદા પડતા ભીંત ઉપર લખ્યું કે બે ઘડી જીવ્યા. મતલબ કે આટલો સમય જીવ્યા પ્રમાણ.

વૈષ્ણવો પરસ્પર મળે છે ત્યારે પ્રભુ સંબંધીજ વાર્તા કરે છે. ભાવિક વૈષ્ણવ છુપા રહેતા નથી તેમ તેને નાત જાત કે અન્ય સંબંધ હોતો નથી. તેઓ તો પોતાના પ્રિય જે બંનેના એક જ છે, એવા નંદનંદનનું ગુણગાન કરી લીલા સ્મૃતિમાં આનંદ માણે છે. માટે હે જીવ તું પ્રભુનું સ્મરણ કર શ્યામ રંગમાં હૃદયને રોળી દે. પ્રભુને છોડી વૃથા લાપ કરવો તે બકવાદ છે. વિષ સમાન છે. શા માટે તું અમૃત ને છોડીને વિષ ગ્રહણ કરે છે. હરિદાસજી કહે છે કે જે કામ મહત્વનું છે તેને મુલતવી ન રખાય અને રાખે તેનાં માઠા પરિણામ ભોગવવા પડે જેમ કે ગૃહ રૂપી જીવનમાં આગ લાગી, તેને બુઝાવવી તેને મુલતવી રખાય તો માઠા પરિણામ આવે. હરિનું ભજન કરવું છે પણ શું કરીએ સમય મળતો નથી. એવાને તો કાળ અચાનક આવી કોળીયો કરી જાય, માટે પ્રભુ ઉપર ભાવ રાખી સત્સંગ અવશ્ય કરવો.

દિવસ આખાનું કામકાજ કરી રાત્રે ભગવદ્ વાર્તા કરી મનને તે ભાવમાં દોરવું. બીજા કામ કરતાં પણ ભગવદ્ નામ લઈ શકાય છે. સંસારનું કોઈ કામ પુરૂ કરી ગયું નથી કામો અધુરા રહી જાય છે. ને જાવું પડે છે. માટે અત્રે બુધ્ધિનો ઉપયોગ કરી, "હરિ હરિ છાંડકે દુસરી ન કીજે બાત."

## પદ ૧૩૧મું (રાગ : જંગલો) દૈવિ જીવન

**જગમેં સોહી જીવ બડભાગી ।**
**શ્રી વલ્લભ કે શરન આયકે હરિકી સેવા માગી ॥૧॥**
**શ્રી ભાગવત રસ પાન કરત નિત સત સંગત અનુરાગી ।**
**રાખત દયા સબે જીવન પર લોક વાસના ત્યાગી ॥૨॥**
**ઔર ભાંત મનમેં નહી આવત હરિસું લગની લાગી ।**
**"દાસકી" વિનતી હરિ પદ પંકજ પકરત સોહી સુહાગી ॥૩॥**

**ભાવાર્થ** - દાસ છાપનું આ પદ છે તેમાં દૈવિ જીવન જીવવા માટે સાત વસ્તુ તરફ ધ્યાન દોર્યું છે.

(૧) મહાન ભાગ્યવાન કોણ ?
(૨) શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કરવું.
(૩) પ્રાણી માત્ર ઉપર દયા
(૪) લૌકિક તુચ્છ એવી વાસનાનો ત્યાગ.
(૫) હરિથી લગની.
(૬) ચરણ કમલમાં આશ્રિત બનીને રહેવું.
(૭) સતસંગમાં પ્રીત કરી સુહાગી જીવન જીવવું.

આ જગતમાં મહાન ભાગ્ય શાળી તો તેને જ કહી શકાય જેણે શ્રી વલ્લભનાં શરણમાં આવીને શ્રી ઠાકુરજીની સેવા માગીને લીધી અને આજ્ઞાનુસાર તન મન ધન સમર્પિ સેવા પરાયણ જીવન બનાવ્યું. પ્રાણી માંત્ર ઉપર દયા રાખવી. કોઈનાં પ્રત્યે દ્વેષ બુધ્ધિ ન રાખવી લૌકિક વાસનાને તુચ્છ સમજીને તરછોડી દેવી. શ્રીમદ્ ભાગવતનું રસપાન નિત્ય કરવું. રોજ સતસંગમાં ચિત્તને લોભાયમાન રાખવું. પ્રભુની સેવા પ્રેમથી કરે તો પણ સત્સંગની જરૂર રહે છે. સત્સંગ પ્રભુમાં ભાવને વધારે છે. સત્સંગમાં અનુરાગ રાખી ભાવના વિચારી સેવા કરવાથી સેવાનો આનંદ વિશેષ આવે છે, સેવામાં નિત્યનો પ્રકાર, ઉત્સવોનો પ્રકાર, વાઘા, વસ્ત્ર, શૃંગાર આભૂષણ કઈ વસ્તુ કેના ભાવથી આવે છે, આમ ભાવ વિચારે સેવા કરે તો વિશેષ આનંદ આવે છે. અનોસરનો સમય તેમાં વનની ભાવનાં છે પ્રભુ અત્યારે ક્યાં બિરાજતાં હશે. અત્યારે તો છાક આરોગીને કદમનાં વૃક્ષ નિચે કે ગિરિ કંદરામાં



વિશ્રામ કરતાં હશે. આમ સમય સમયની ભાવના જેનાં હૃદયમાં ઉછળતી રહે છે. તેનું જ જીવન દૈવિ જીવન અને તેને જ બડભાગી કહી શકાય. તે જ ધન્યવાદને પાત્ર છે કે જેણે જીવનનું મુલ્ય જાણ્યું. જાણ્યા પછી તેને જીવનમાં ઉતાર્યુ. મન તો એક જ છે. ચાહો તો ભગવદ્ માર્ગમાં લગાડો, ચાહો તો લૌકિક પ્રવૃતિ કરી આયુષ્ય પુરૂ કરો.

સદ્ઉપયોગ - જેમ કે શારિરીક શક્તિ, માનસિક વૃત્તિયો, બુધ્ધિ, મન, વાણી, વિગેરે ભગવદ્ પરાયણ બનાવે આમ કરી પ્રાપ્ત થયેલું તન મન ધન દરેકનો સદ્ઉપયોગ કરે. પરંતુ આયુષ્યનો ભંડાર મળ્યો છે. તેને અન્ય રીતે વેડફવી ન નાખે. જીવન સુફલ બનાવવા શ્રી મહાપ્રભુજીને શરણે આવી આજ્ઞાકારી સેવક બનીને રહેવું સેવા પધરાવી સેવા સાથે સત્સંગ કરવો. આખા દિવસનું કાર્ય પુરૂ થયે રાત્રિનો સમય આરામ કરવાનો છે. તેમાંથી સમય સત્સંગ માટે રાખવો આવું જીવન જીવવાવાળા સોહાગી છે.

## પદ ૧૩૨મું (રાગ : કેદારો)

**શ્રી મહાચાર્ય જુકે ચરન નખ ચંદ્રકો ધ્યાન ઉરમેં નિશદિન રાખો ।**
**હરત સબ તિમિર મહા દુષ્ટ કલિકાલકે**
**ભક્તિ રસ ગૂઢ દ્રઢ હોત જીનકે ॥૧॥**
**જંત્ર અરુ તંત્ર બહુ ભાંતિકે અસુર અરુ સુરન કો ડર નહી જીનકે ।**
**રહત નિરપેક્ષ અપેક્ષા નહી કાહુ કી ભજન આનંદ મન ગિને ન કીનકે ॥૨॥**
**છાંડ ઈનકો સદા ઔર કો જે ભજે તે પરે સંસૃતિ કૂપ ભટ કે ।**
**ધાર મન એક શ્રી વલ્લભાધિશ પદ કરન મન કામનાં હોત જીનકે ॥૩॥**
**મન ઉન્મત સોં ફીરત અભિમાન મેં જન્મ ખોયો સદા રાત દીનકે ।**
**કહત શ્રુતિસાર નિરધાર નિશ્ચે કરી શરન 'રઘુનાથ' સર્વદા જીનકે ॥૪॥**

**ભાવાર્થ** - આ પદમાં શ્રી રઘુનાથજીએ બતાવ્યું છે કે શ્રી મહાપ્રભુજીનાં ચરણોમાં આશ્રય કરી રહેવાવાળા તે સદા જાગૃત છે. તેને કાળ કર્મનો લેશ માત્ર ભય નથી. અને માનવ દેહનું મુલ્ય તેઓ જાણે છે. અને દૂર રહેવાવાળા જાગતા છતાં સુતાજ છે. 'જાગે સો પાવે. સોવે શો ખોવે'. આ વાકય મહત્વનું છે. જ્યાં સદા શ્રીમહાચાર્યજીનાં નખચંદ્રરૂપી ચંદ્રપ્રકાશ અવિચલ રહે છે. જેથી જે કોઈ તે ચંદ્ર પ્રકાશમાં રહ્યું હોય તે જ જાણી શકે છે. દૂર રહેવા વાળાને અજ્ઞાન રૂપી અંધારામાં માર્ગ વિહોણા બની જ્યાં ત્યાં ભટકવાનું જ હોય છે. જે કોઈ શરણે આવી દ્રઢ આશ્રય કરી રહે છે તે જ જીવનનું મૂલ્ય જાણે છે. તેઓ જ સંશય રહિત બનીને આનંદનો અનુભવ મેળવે છે. તેનાં તિમિર અજ્ઞાન દૂર થઈ અને ભક્તિ

રસ ગુઢ રસ દઢ બને છે. પછી અન્ય જગો કે અન્ય વસ્તુનું ધ્યાન સુધા આવતું નથી. તેથી નીડર બને છે. તેને જંત્ર મંત્ર એવી કોઈ જાતની ક્રિયાઓ તેને અસર કરતી નથી. એટલું જ નહી દેવ અગર દાનવ કોઈનો તેને ડર રહેતો નથી. તેમજ વૈદીક ક્રિયા મુજબ અનેક દેવોની ઉપાસનાં બતાવી છે. ઘણાં ઘણાં કર્મો પણ બતાવ્યા છે. અને તે ન કરે તો હાનિ પહુંચે છે આવું બતાવ્યું છે, પરંતુ તેમાંનુ કાંઈ તેને બાધારૂપી બની શકતું નથી, કેમ કે શ્રી વલ્લભનો આશ્રિત તો કોઈ જાતની અપેક્ષા રાખતો નથી તેને તો પુષ્ટિ રીતે ભજનાનંદ જ પ્રિય છે અને તેમાંજ આનંદ માણે છે. પરંતુ જે જીવ શ્રી વલ્લભનાં શરણનો આશ્રય છોડીને જ્યાં ત્યાં ભટકે છે. તે તો સંસાર રૂપી કુવામાં જ આમ તેમ ભટકતો રહે છે. તેને બહાર નિકળવાનો રસ્તો જ મળતો નથી પરંતુ જેણે દઢ નિશ્ચય કરી 'સબ વૃત ભંગ કીયો એક જ વૃત નિશ્ચય કર લીયો' તેની મનોકામનાં પૂર્ણ થાય છે. તેથી ઉલટા જેઓ સંસારમાં આવીને જેમણે ઉન્મત દશામાં મિથ્યા અભિમાનમાં જ્યાં ત્યાં ફરવાનું કામ કર્યું તેણે રાત દિવસ સુતા રહીને વૃથા આયુષ્ય ગુમાવ્યું છે. શ્રુતિયોનો સાર જોતાં સમજાય છે કે પ્રભુ પૂર્ણ બ્રહ્મ છે તે સર્વ કાંઈ કરી શકે છે. ગમે તે રૂપ ધારણ કરી શકે છે. સાકાર, નિરાકાર, સગુણ, નિર્ગુણ જે કાંઈ છે તે બધું એક જ છે. અત્રે પૂર્ણ બ્રહ્મ પરમાનંદ રૂપ સાકાર રૂપે પ્રકટ્યા છે. તેનોજ આશ્રય માને છે. ટુંકમાં શ્રી વલ્લભનો દઢ આશ્રય જેણે કર્યો તે જ શ્રુતિનો સાર સમજ્યાં છે. જેમ કે ભક્ત કવિ સૂરદાસજી, કૃષ્ણદાસ, પરમાનંદદાસજી, કુંભનદાસજી વિગેરે સર્વ સાર સમજીને કેવળ દઢ ઈન ચરન ન કેરો આ પદમાં ગાયને બતાવ્યું છે. તેથી 'શ્રી વલ્લભ નખચંદ્ર છટા બિન સબ જુગમાંજુ અંધેરો' - આમ ગાયું છે.

## પદ ૧૩૩મું (રાગ : બિહાગ)

**વૃજ ભૂમિ મોહની મેં જાની ।**
**મોહન કાન્હ મોહન વૃંદાવન મોહન જમુના મહારાણી ॥૧॥**
**મોહન નાર ગોકુલ કી ઠાડી બોલત અમૃત બાની ।**
**મોહન ''સૂરદાસકો'' ઠાકુર મોહન રાધા રાની ॥૨॥**

**ભાવાર્થ** - શ્રી નંદનંદન યશોદોત્સંગની રમણભૂમિ તે મોહિની છે. આ ભૂમિમાં શ્રી ઠાકુરજીએ શ્રી રાધિકા સહિત અનેક લીલાઓ કરી છે. સૂરદાસજીયે નાના એવા પદમાં ઘણું ઘણું કહી દીધું છે. તેમાં મોહન શબ્દની અનિવાર્યતા રાખી છે. મોહન જેનાં નામ લેતાં નિરખતાંજ મનનું હરણ કરે તે મોહન-ચિત્તની વૃતિ ત્યાંની ત્યાંજ વળગી રહે. બીજું જોવાનું મન થાય નહી તે મોહન, આવી ભૂમિમાં બિરાજતાં નંદનંદન લીલાને અનુસાર વૃંદાવન મોહન, શ્રી યમુનાજી મોહન, ગોકુલની



નારીયો આવી લીલાની ભૂમિ તે મોહની, સારસ્વત કલ્પમાં ગૌલોકાધિપતિ વૃજમાં પધાર્યા ત્યારે જેઓ આનંદમય લીલા કરવાવાળા છે. તેમણે ગૌલોક ભુમિનો નાનો એવો ભાગ પહેલાથી જ ભૂતલ ઉપર અવતરીત કર્યો હતો.

તે પૃથ્વી ૮૪ કોષ પુરતી જ છે. તેટલાંમાં જ લીલાને અનુકૂલ સામગ્રી જેમ કે યમુનાજી, શ્રી ગિરિરાજજી, શ્રી વૃંદાવન, શ્રીમદ્ ગોકુલ વિગેરે તથા પ્રભુની સાથે લીલા કરવાવાળા ગોપ, ગોપી, ગ્વાલો, વિગેરે ભૂતલ પધાર્યા હતા શ્રી રાધિકાજી સહિત પ્રભુ ભૂતલ પધાર્યા. પ્રભુ નંદનંદન રૂપે અને રાધિકાજી વૃષભાન કુમારી કિરતિ કન્યા રૂપે પ્રકટ થયા હતા રાધિકાજી લીલા શ્રેષ્ઠ રાસ લીલાનાં અધિપતિ હતા. તે વખતનાં ગ્વાલરૂપે અષ્ટ સખા (જે સખિ રૂપ હતા) પ્રભુ સંગે ક્રિડા કરવા માખન ચોરી, વનમાં ગોચારન લીલામાં સાથે જ રહેતા, તે અષ્ટ સખાઓ શ્રી વલ્લભ અવતારે આઠો સમયમાં કીર્તન કરી સમય સમય પર ઋતુ અનુસાર લીલાને અનુસાર કીર્તન કરી પ્રભુને રીઝવતા તે વખતે પક્ષિગણ પણ લીલાને અનુસાર કલરવ કરીને આનંદમાં વૃધ્ધિ કરતા.

આઠ સખાઓ જેમણે કૃષ્ણાવતારમાં લીલા નજરે નિહાળી હતી. તેથી તેવી લીલાઓનું ગાન કરીને પ્રભુને રીઝવતા. આ કલીયુગમાંજ શ્રી મહાપ્રભુજીનું પ્રાકટ્ય થતા મોહનની મોહની લીલા બધી પ્રકટ કરી. નહી તો લીલા જુની થઈ જાત. આ બધું વૃજમાંજ થયું, તેથી 'વૃજભૂમિ મોહની, મેં જાની' શ્રી યમુનાજી ગિરિરાજજી વિગેરે લીલા સ્થળો બધાં દર્શન કરતાં જ ચિંતન કરતાં જ મોહ ઉપજાવે છે. સર્વ શ્રેષ્ઠ લીલા તે રાસ લીલા, તેમાં 'વધુ વધુ પ્રતિ વપુ ધરે' સર્વ ભક્તોની ઈચ્છા હતી કે રાસ રમતાં પ્રભુ મારી સાથે જ રમે, તેથી જેટલા ભક્તો તેટલા રૂપો ધારણ કરીને તેમની સાથે રાસ રમ્યા. રાસમાં રમતા રાગ, તાલ, સ્વર, તાન બંધાન તેવા જ સુંદર વાદ્યોથી વૃંદાવન શોભાયમાન બન્યું હતું. જળ સ્થળ બંને લીલાઓ કરી પ્રભુએ ભક્તોનાં કોડ પૂર્યા હતા. ગોકુલ, વૃંદાવન જ્યાં નંદબાવા રહેતા તે બધું ગોકુલ જ કહેવાતું. ગોકુલની નારીયો અમૃત સમાન મીઠી વાણીથી પ્રભુને રીઝવતી. બાળલીલા, કિશોરલીલા બંનેનો આનંદ લેતી તે નારીયો જ્યારે મૈયા લાલનને પાલને ઝુલાવતી ત્યારે ગોપીજનો દર્શને આવતી; નયન કટાક્ષોથી મનની ભાવના બતાવતી, પ્રભુ પણ દૃષ્ટિ માત્રથી સર્વનાં મનને હરણ કરી લેતા. જેની જેવી ભાવનાં તેવું તેને ફલદાન કરતા. વૃંદાવન શ્રી યમુનાજીના તટ પર વસેલું હોવાથી સર્વ લીલાઓ માટે અનુકૂલ સ્થાન બધું મનને હરણ કરવાવાળું છે. કિશોરલીલામાં વનમાં ગાયો ચરાવતા બાળકોની સાથે રમતા, દિવસે વન વાસિયોને આનંદ આપતાં, સાંજે ઘેર પધારતા. સહુને સુખદાતા એવા

કૃષ્ણની મૈયા આરતી ઉતારી પ્રસન્ન થતા. આમ વૃજની દરેક લીલા લતા પતા સહુ મોહક છે. રોજ ગોચારણ કરવા પધારતા. ત્યારે વનની વૃક્ષ લતાઓ ઝુમીઝુમીને પ્રભુને પ્રણામ કરતી, હવાનાં લેરખાથી પુષ્પો ઉડી આપનાં ચરણમાં પથારી રૂપે થઈ જતા કે આપને ચાલતા શ્રમ ન પડે, પ્રભુ જે જે રસ્તેથી પધારતા ત્યાં ત્યાં લીલા સામગ્રી પોતાનું આધિદૈવિક રૂપ ધારણ કરી પ્રભુની સન્મુખતા પ્રાપ્ત કરી આનંદ લેતી. શ્રી યમુનાજી તો ભક્ત અને ભગવાન બંનેને આનંદ દેવાવાળા છે. અને લીલા સામગ્રીનાં ભંડાર રૂપ છે. જેમની કુંજ નિકુંજો લતા પતા નાના મોટા વૃક્ષો લીલોપયોગી વાતાવરણ કમલ પૂષ્પથી સુગંધિત બનેલો વાયુ - સર્વ રીતે સુખદાયક છે. આ વૃજનું સ્વરૂપ મેં મોહિની રૂપે નિહાળ્યું, આમ સૂરદાસજી કહે છે. નંદકુમાર અને રાધિકાને રીઝવવાવાળી દરેક લીલા સામગ્રી મોહક છે, તેનો ઉપભોગ કરવાવાળો મારો ઠાકુર અને ઠકુરાણી મોહક છે.

### પદ ૧૩૪મું (રાગ : ખાગેશ્રી) આશ્રય

**તુમ શરનાંગત આયો શ્રી વલ્લભ ।**
**સબ દુ:ખ દૂર ગયે તુમ દેખત સુખકો પાર ન પાયો ॥૧॥**
**આજ્ઞાતે ગોવર્ધનધરકી બ્રહ્મ સંબંધ કરવાયો ।**
**અખિલ હી લીલા પ્રગટ દિખાઇ સેવા સુખ હી બતાયો ॥૨॥**
**શ્રી ભાગવત કથારસ મથકે અપનો પંથ જતાયો ।**
**ઐસે ઉદાર શ્રી લછમન નંદન 'રસિકનકે' મન ભાયો ॥૩॥**

**ભાવાર્થ** - શ્રી વલ્લભ હવે હું આપનાં શરણમાં આવ્યો છું આજ સુધી ક્યાં ક્યાં ભટક્યો તેની ખબર નથી. પરંતુ હવે મારૂ સ્થાન આપનાં શરણમાં જ છે શરણે આવવાથી જ આપનાં પ્રતાપ બળની ઝાંખી થઈ. મનમાં ઉઠતાં અનેક તરંગો બધા શાન્ત થયા, આમ ભટકવાનું બંધ થતા દુ:ખનું નિવારણ થયું અને સુખ મળ્યું છે. શ્રી ગોવર્ધનધરની આજ્ઞા મુજબ મને બ્રહ્મસંબંધ મળ્યું.

**શ્રાવણે શ્યામલે પક્ષે એકાદશ્યાં મહા નિશિ**
**સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષર ઉચ્ય તે**
**બ્રહ્મ સંબંધ કરણાંત સર્વેશાં દેહ જીવયોઃ**

આમ શ્રાવણ માસની શુકલ પક્ષની એકાદશીયે મધ્ય રાત્રિનાં સમયે શ્રી ગોવર્ધનધારી શ્રીજીએ આપને આજ્ઞા કરી હતી તે મુજબ મને બ્રહ્મસંબંધ આપી પાંચ પ્રકારનાં દોષોની નિવૃતિ કરી, વેદોમાં જેનું મોટું પ્રાયશ્ચિત બતાવ્યું છે. જે દોષો (૧) સહજ (૨) કાલ (૩) દેશ (૪) સંયોગ (૫) સ્પર્શ. વિગેરે પાંચ દોષોની નિવૃતિ નિવેદન કરાવતા દૂર થયા. જીવને દોષોની નિવૃતિ કરી સેવા યોગ્ય



બનાવ્યા, અને આજ્ઞા કરી હતી કે તમે જેને શરણે લેશો તેને હું કદી નહી છોડું મતલબ તે જીવ કૃપાને પાત્ર બનશે. આમ આપની કૃપાથી મને સર્વ સુખ મળ્યું છે. સારસ્વત કલ્પની લીલાઓ આ યુગમાં પ્રગટ બતાવી અને સેવા માર્ગની સુંદર રચના કરી છે. તેમાં મુખ્ય ધર્મ રૂપ સેવા બતાવી છે. સ્વામી પ્રભુ અને સેવક વૈષ્ણવજન તે સહુ કોઈ સેવા સ્મરણ કરી સંયોગ વિયોગ રસનાં અનુભવ કરી શકે. તેમજ શ્રીમદ્ ભાગવત રૂપી સમુદ્રનું મંથન કરીને તેમાંથી નવનિત રૂપે પુષ્ટિ પંથ, સેવા માર્ગ પ્રકટ કર્યો. શ્રી લછમન નંદન શ્રી વલ્લભ મહાકારૂણીક એવા આપ આપનાં રસિક ભક્તોને અતિપ્રિય બન્યા. પુષ્ટિ પંથ પ્રગટ કરવો તે આપની કેવળ કૃપા બળ છે. આપની આજ્ઞા મુજબ ચાલવાવાળા ગુઢ લીલાનું અવગાહન કરી તન્મય બની જાય છે. ભક્તને સુખદાયક આપ રસિકોને આનંદરૂપ છો.

### પદ ૧૩૫મું (રાગ : બિહાગ) આશ્રય

**યામેં કહા ઘટેગો તેરો ।**
**નંદ નંદન કર અપનો ઠાકુર આપ હોય રહો ચેરો ॥૧॥**
**ભલી ભઇ જો સંપતિ બાઢી બહુત કીયો ઘર ઘેરો ।**
**સુત વનિતા બહુ યુથ સંકેલે વૈભવ ભયોજુ ઘનેરો ॥૨॥**
**કહૂં હરિ સેવા કહૂં હરિ કથા કહૂં ભક્તનકો ડેરો ।**
**'સૂર' સમર્પન કરો શ્યામ કો યહ સાંચો મત મેરો ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં સૂરદાસજી કહે છે કે જેઓ સંસારમાં આવી ધન, ધાન્ય, પુત્ર, પરિવાર સર્વ રીતે સુખી છે. તો ઉત્તમ વાત છે નંદ નંદન પોતાનાં ઠાકુરની સેવા કરી, દાસ ભાવના રાખી રહે, જેથી હું ને મારૂં ઓછું થશે. જેમ કે આ ઘર મારૂં છે. મેં જ આટલું ધન કમાઈને એકઠું કર્યું છે મારી પત્નિ, કુટુંબીજનો, નાના મોટા સહુ મારા છે. આવી મમતા રહે છે. પરંતુ હું તો પ્રભુને સમર્પિત છું અને દાસ છું જેથી જે કાંઈ છે તે બધું એમનું જ છે. અને એમને જ સમર્પિત કરી મારે તો જીવન નિર્વાહ કરવો છે, હું તો આ ઘરનો વડીલ માત્ર છું. મારે મારી ફરજ બજાવવી છે. અત્રે જે સ્વજનો છે તે અગાઉ કેના હતા, આગળ કેનાં થશે, તેમજ ક્યારે કોણ આ કુટુંબથી નાતો તોડીને ચાલ્યું જશે, તેની પણ ખબર નથી. કોઈ કહે સર્વનો ત્યાગ કરીને તપશ્ચર્યા કરો, પરંતુ તે શક્ય નથી. પુષ્ટિ રીતે તો પ્રભુમાં વિનિયોગ કરવો, તે જ ઉત્તમ છે. માટે ભલું કર્યું ભગવાન આટલી સંપતિ મળી હવે તો તે દ્રવ્યનો પ્રભુની સેવામાં વિનિયોગ કરવો. જે દ્રવ્યથી સારા નરસાં બંને કામ થાય છે. તેને વાપરવાની સત્તા મારી પાસે છે. જેથી પ્રભુની સેવામાં જ

વિનિયોગ કરી આનંદ માનું પવિત્ર દ્રવ્યથી પવિત્ર કાર્ય થશે. આવી જ રીતે પુત્રાદિક પણ પ્રભુનાં જ આપેલાં છે, પરિવાર વધ્યો તે પણ ઉત્તમ જ છે. ઘરનાં નાના મોટા સર્વ ઉપયોગી બને. ભાવનાં સર્વની જુદી જુદી જાતની હોય કોઈને કિર્તનની સેવામાં રસ હોય, કોઈને સામગ્રી, કોઈને સત્સંગ, કોઈને નિત્ય નવા વાઘા વસ્ત્રની સેવામાં રસ હોય, આમ પોત પોતાની ભાવનાં મુજબ સેવા કરે તે ઉત્તમ જ છે. સંપતિ વધી તેનો આ રીતે સદ્ઉપયોગ થાય. ક્યાંક હરિ સેવા, ક્યાંક સત્સંગ, ભક્તોની આવજા થાય. સૂરદાસજી કહે છે સર્વ સમર્પણ કરીને રહેવું આજ મારી મતી છે. આમ કરવામાં તારું કાંઈ ઘટી જાય તેમ નથી ઉલટાનો આનંદ વધશે કે એક જ ઘરમાં આટલા બધા વૈષ્ણવોનો સાથ મને મલ્યો છે. ઘરનો હું વડો છું પરંતુ વૈષ્ણવમાં કોઈ નાનું મોટું નથી, બધા મળીને સેવા સત્સંગમાં આનંદની વૃધ્ધિ કરાવે છે. પ્રભુ બિરાજે છે. તેથી દેશ ઉત્તમ છે. સર્વ વસ્તુનો વિનિયોગ પ્રભુમાં થાય છે તેથી તે સર્વ વસ્તુ ઉત્તમ છે. આ રીતનો સમય વ્યતિત થાય છે. તેથી તે પણ ઉત્તમ છે માટે સદ્ઉપયોગ કરી લેવો.

### પદ ૧૩૬મું (વિરહભાવનું) સોરઠ

**કોન રસિક હે ઇન બાતન કો ।**
**નંદનંદન બિન કાસું કહીયે સુન રી સખી મેરે દુઃખ યા તન કો ॥૧॥**
**કહાં યે યમુના પૂલીન મનોહર કહાં વે ચંદ શરદ રાતન કો ।**
**કહાં વે મંદ સમીર અનિલ રસ કહાં વે ખટપદ જલ જાતિન કો ॥૨॥**
**કહાં વે સેજ પોઢવો વનકો ફૂલ બિછૌના મૃદુ પાતન કો ।**
**કહાં વે દરસ પરસ 'પરમાનંદ' કમલ નયન કોમલ ગાતન કો ॥૩॥**

**ભાવાર્થ** - અનિલ રસ = સિતલ, મંદ, સુગંધ આમ ત્રણ પ્રકારનો વાયુ. ખટપદ = છ પગ વાળો ભ્રમરો. જળ જાતીનકો = શરદ ઋતુનાં ખિલેલાં કમળ, ગાતન કો =શ્રી અંગનો

આ પદમાં વિરહનું દુઃખ, એક સખી પાસે બતાવતા રાધાજી કહે છે કે એવો કોણ રસિક છે કે તેની પાસે હું મારૂં દુઃખ જે વિયોગનું છે તેને કહી સંભળાવું. જેમણે પ્રભુની સાથે રહીને દરસ પરસ હાસ્ય વિનોદ વિગેરેનું સુખ લીધું હોય તેને જ વિયોગનું દુઃખ સતાવે. પરમાનંદદાસજી આ કીર્તનમાં સારસ્વત કલ્પનાં સમયનું લીલાનું અવગાહન કરતા કહે છે - જેઓ લીલા વખતે હાજર રહેતા હતા, જેણે પ્રેમ રસનું પાન કરેલ છે, તેઓ જ આ વિયોગનું દુઃખ સમજી શકે.

એકવાર શ્રી સ્વામિનીજી વિરહ દશામાં બિરાજતાં હતાં. ત્યાં એક સખિ આવીને પૂછે છે. પ્યારીજુ આજ આપ આટલા બધા ઉદાસીન કેમ દેખાવ છો. ત્યારે કહ્યું કે



કોન રસિક હે ઈન બાતનકો. હે, સખી એવો કોણ રસિક છે કે જેની પાસે હું મારૂં દુઃખ વર્ણન કરૂં. હે સખિ, એ તો એક નંદનંદન જ છે. આમ કહેતા નેત્રોમાંથી જળધારા વહેતી થઈ ગઈ જળધારા વહેતી જાય અને અનેક લીલાની સ્મૃતિ આવતી જાય, તેથી દુઃખી મનથી કહ્યું અત્યારે તે મારી પાસે નથી. એક એક વસ્તુ યાદ આવતાં અશ્રુઓની ધારા રોકી શકાતી નથી. જુઓ શ્રી યમુનાજી એના એ જ છે. તેમનાં કિનારા વૃક્ષાવલી બધું એનું એજ છે, છતાં આજે રૂપ કેમ દેખાતું નથી? મને બધું ઉદાસિન દેખાય છે. શ્રી નંદનંદને જે જે લીલાઓ અત્રે કરી છે. તેમાં નટવર રૂપી ધારણ કરેલી લીલાઓની સ્મૃતિ આવતાં નિસ્તેજ દેખાય છે. અનેક વૃક્ષલતાઓ નાના પ્રકારની કુંજ નિકુંજો તટપર વૃક્ષાવલી જાુમી રહી, ફૂલો વિખેરતી રહેતી, લતાપતાઓ જાણે કેમ પ્રેમાવેષમાં હસી રહ્યા હોય તેમ દેખાતા હતાં. તે આજે કૃષ્ણ વિરહમાં શુષ્ક તેજ વગરની થઇ અને મૌનધારીને ઉભી છે. શરદ ઋતુમાં ખિલેલા કમળો જેના ઉપર ભ્રમરો ગુંજાર કરતાં રહેતા. પૂર્ણિમાની સોળ કળા સંપૂર્ણ ખીલેલી ચંદ્રની ચાંદની, તે આજે ક્યાં છે? તે સમયે વાયુ-સિતલ મંદ સુગંધીત થઈને વહેતો રહેતો તે આજે ક્યાં છે? એ સુખ આજે ક્યાં છે? જ્યારે રાસમાં રમી સ્થળ લીલા કરી પછી શ્રી યમુનાજીમાં શ્રમનિવારણ કરી દરસ પરસથી સર્વ સુખ દેવાવાળુ સુખ આજે ક્યાં છે ? વળી ગોચારણ લીલા વખતે છાક લઈને વન પહોંચતા અમારી છાકને પ્રેમથી આરોગતા સખાઓને પરસ્પર કોર દઈ આનંદ માનતા, અનોસરમાં વૃક્ષોની છાંહમાં કોમલ પાંદડા સુંદર સુવાસિત પુષ્પોની શૈયામાં પોઢતા તે સુખ આજે ક્યાં છે? કદમ વૃક્ષોનાં ફૂલો ખીલીને વૃક્ષોને રંગ રંજીત કરતા હસતા આજે ક્યાં છે? શ્રીકૃષ્ણ જે રસ્તેથી પધારતાં ત્યાંની વૃક્ષલતાઓ નીચે નમીને પ્રણામ કરતી ફૂલો વિખેરતી રહેતી. તરેહ તરેહના પક્ષીયો ઝાડ પર બેસી આમ તેમ ડોલતા મધુર કલરવ કરતા તે પક્ષિયો આજે શ્યામ વિરહમાં નિરાશા પામેલા હોવાથી મધુર સ્વર કાઢી શકતા નથી. વેણુ નાદથી પશુ-પક્ષી, પૃથ્વી, આકાશ વિગેરેમાં આનંદની છોળ ઉછાળતા તેવો નાદ આજે ક્યાં છે? જેમના કમળ સમાન નેત્રો છે કોમળ શ્રી અંગ છે તેમનો દરસ પરસ આજે ક્યાં છે ? આવી અનેકો લીલા કરવાવાળા નંદનંદન આજે ક્યાં છે ? તેનાં કોમલ શ્રી અંગનો પરસ આજે ક્યાં છે ? આમ વિરહનો અનુભવ કરતાં આ પદ ગાયું છે. ટુંકામાં વિરહી ભક્ત હોય તેજ વિરહીનાં દુઃખને જાણી શકે છે. જેટલો સ્નેહ તેટલું જ વિરહનું દુઃખ, 'કોન રસિક હે ઈન બાતન કો.'

## પદ ૧૩૭મું (રાગ : સોરઠ) વિરહ

**નાહિન પરત ચિત્ત ચેન ।**
**જાહી લાગી સોહી જાને સાંવરેકી સૈન ॥૧॥**
**હરિ બિન કછુ ન સુહાય સખીરી કલ ન પરત દિન રૈન ।**
**'સૂર' શ્રી ગોપાલકી છબિ ચૂભ રહી મેરે નૈન ॥૨॥**

**ભાવાર્થ** - એક સખિ બીજી સખિ પ્રત્યે કહે છે, હે સખિ ! હું કોને કહું ? નંદનંદન શ્રી કૃષ્ણ મન ભાવનની સેન જેણે અનુભવી હોય તે જ જાણી શકે. શ્યામ સુંદર મદન મોહન મુરલીધર મનોહર લાવણ્યરૂપ ચિત્ત ચોર સાંવરીયાની સેન જેને લાગી તે જ જાણે.

તું તો મારી સાથે રહેવા વાળી છો. તેં તો બધુ અનુભવ્યું છે. પાસ રહી બધું સુખ લીધું છે અત્યારે સમાન વિરહનો અનુભવ કરીએ છીએ. સાંવરીયાએ જેને સાનમાં સમજાવ્યું હોય તે જ જાણી શકે. જેણે સાંવરી સુરત માધુરી મુરત પાસ રહી નિરખી હોય તેનાં નયન કટાક્ષની માધુર્યતા જેણે નિહાળી હોય તે કેમ ભૂલી શકે. મને તો એ નટખટ બિહારી વાંકી નજરે જોવાવાળી મુખાકૃતિ જ્યાં જોઉં ત્યાં, નજર સામી દ્રષ્યમાન થાય છે. સન્મુખતા પ્રાપ્ત કરવાની લાલસા સદા મનમાં ઉભરી રહે છે. હું તો ઘરમાં રહું કે બહાર રહું, પનઘટ પર કે રસ્તામાં કુંજ ગલીઓમાં, જ્યાં નજર કરું, ત્યાં બધી જગો તેના સિવાઈ કાંઇ જોવું ગમતું નથી. બધે એજ દેખાય છે. પરંતુ સાક્ષાત દર્શન વિના નયનોની પ્યાસ બુઝાતી નથી. મારા નયનો સદા ભ્રમણાથી ભરેલા રહે છે. આતુર નયનો પ્યાસા રહે છે. હું તો સાંવરીયાની તીરછી નજર જ જોવા ચાહું છું. આ આંખથી બીજું જે કાંઇ દેખાય તે ત્રાસ રૂપે જ દેખાય છે. સૂરદાસજી કહે છે કે જેમ આંખોમાં કોઇ ચૂભી રહી હોય તેમ શ્રી ગોપાલની છબિ મારી આંખોમાં ચૂભી રહી છે. જેથી એના સિવાય બીજું દેખાતું નથી. આવી રીતે વિરહી ભક્તોને પોતાનાં પ્રાણ પ્રિય સિવાઈ અન્ય કાંઇ રૂચતું નથી આ પદનો ભાવ તો જેઓ સદા રસ મગ્નમાં રહેવા વાળા વિરહી ભક્ત જ જાણી શકે. જેનાં હ્રદયમાં સદા લીલારૂપી તરંગો ઉછળતા રહેલા હોય આમ વિરહાનંદ કે સ્વરૂપાનંદને પ્રાપ્ત કરાવે છે.

## પદ ૧૩૮મું (રાગ : ઇજાન) વિરહ

**ચંદા લગ્યો દુઃખ દેન પિય બિન ।**
**તારા ગિનત ગિનત હોં હારી પલક ન આવત ચેન ॥૧॥**
**કહાં વે યમુના પૂલીન મનોહર કહાં હે સુખ કી રેન ।**
**'સૂરદાસ' પ્રભુ તિહારે દરસ બિન વિરહીનકું નહી ચેન ॥૨॥**



**ભાવાર્થ** - ચાંદની રાત સોહામણી હોય છે ચંદ્ર પ્રકાશના કિરણો શિતલતાનું સુખ દેનાર આનંદકારી હોય છે, છતાં તે વિરહી જનને દુઃખ દાયક નિવડે છે. વિરહી ભક્તને આ સોહામણી રાત્રિનાં પૂર્વે સુખ પ્રાપ્ત કરેલું તેની સ્મૃતિમાં ચંદ્રની ચાંદની જોતાંજ કહે છે હે, સખી ! 'પિય બિન ચંદા લગ્યો દુઃખ દેન'. જે રાત્રિયે પ્રભુએ રાસલીલા કરીને સુખ આપ્યું હતું તે જ શરદ રાત્રિ પ્રાણ પ્રિયની રાહમાં દુઃખદાયક નિવડે છે. વિરહી નાયીકાના ભાવનું આ પદ સૂરદાસનું ગાયેલું, તેમાં કહે છે - આકાશ તરફ દ્રષ્ટિ કરતાં સ્મૃતિ આવે છે પૂનમનાં તારાગણ કોઇ કોઇ દૂર દૂર દેખાતાં તેને ગણતા ગણતા થાકી જવાણું પણ પ્રભુ હજુ પધાર્યા નહી. આ સુંદર યમુનાજીનો કિનારો ચાંદનીરાત બધું સુખદાયક હતું. અત્યારે કેવળ સ્મૃતિ માત્ર રહી ગયું છે. શ્રી યમુનાજીનાં બંને કિનારા વૃક્ષલતાથી ઝુમતા પ્રભુને અંગીકાર થવા ઉત્સુક ઝુકી ઝુકીને પ્રણામ કરતી લતાઓ આજે શુષ્ક દશામાં દેખાય છે. શરદ ઋતુ છે. શ્રી યમુનાજી એના એજ છે, ચંદ્રપણ સોળ કળા ખિલી રહ્યો છે. પરંતુ આજે તો પ્રાણપ્રિયની યાદ સતાવતા દુઃખ રૂપ બન્યું છે. જેમ ચંદ્ર વગરની રાત્રિ અમાવસ કાળી રાત્રિ દેખાય તેમ અમારો ગોકુલ ચંદ્ર વિના આ ચંદ રાત્રિ દુઃખદાયક બની રહી છે. વિરહી જનને પોતાનાં પ્રાણ પ્રિય વગરનું કોઇપણ સુખ તે દુઃખ રૂપે દેખાય છે. તેને કોઇપણ સુખ હોઇ તે દુઃખરૂપને બેચેન બનાવી દીયે છે.

## પદ ૧૩૯મું (રાગ : કાન્હરો) દીનતા

**હોં તન રંક તિહારો શ્રી મહાપ્રભુ ઔર કાહુકો નાંહી ।**
**બુડત હોં ભવસાગર મહીયાં પકર લેહુ પ્રભુ બાંહી ॥૧॥**
**મેરે સર્વસ્વ શ્રી વલ્લભવર ઔર કછુ નાંહી જાન્યો ।**
**મન ક્રમ વચન વિના વ્હે કરત હું તુમસો હી મન માન્યો ॥૨॥**
**તિહારી બાત સબે જીય ભાવત ઔર કછુ નહી ભાવત ।**
**ક્ષુધિત રહત વનમેં દિન સપ્તહી કેશરી તૃણ નહી ખાવત ॥૩॥**
**સ્વાતિ બુંદ વિના ચાતક જૈસે કરત નહી જલ પાન ।**
**તૈસે મોહી પર કૃપા કીજે ઔર સુનો નહી આન ॥૪॥**
**તિહારે ચરન કમલ બિન મોસો કહીં નહીં વિસરામ ।**
**મન અટક્યો શ્રી વલ્લભ વરસો જપત હી નિશદિન યામ ॥૫॥**
**ઐસો ધ્યાન રહી આવે જીય મેરે કહત હું ગોદ પસારી ।**
**શ્રી વલ્લભ પદ રજ 'હરિદાસનકો' લેંગે પાર ઉતારી ॥૬॥**

**ભાવાર્થ** - આ પદમાં ભવ પાર કરવાં શ્રી વલ્લભ પ્રભુને દીનતાપૂર્વક વિનય કરેલ છે. તેમાં બે દ્રષ્ટાંતો આપી દઢતા બતાવી છે. (૧) કેશરી સિંહ

(૨) ચાતક પક્ષી

શ્રી વલ્લભ પ્રભુ હું એક રાંક એટલે અન્ય સાધનો વગરનો અને આપનાં ચરણ કમલમાં સ્થિર થવાની યોગ્યતા વગરનો છું. હજી કાચો છું. તેથી ભવસાગરમાં ડુબવાનો મને ભય રહે છે. આપ જ મારા સ્વામી છો. દયાળુ છો, કૃપાળુ છો. સર્વ સામર્થ્યવાન છો, તેથી વિનવું છું, કે હું તો ડુબવાવાળો છું, તેથી મારી બાંહ પકડીને ડુબતો બચાવો, હવે મારૂ તો સર્વસ્વ આપ છો. બીજું કાંઈ મેં જાણ્યું નથી. હું મન ક્રમ વચનથી આપનો બનવા ચાહું છું મારૂં મન આપનાથી જ માન્યું છે. આપના કરૂણા જનક વચનો મને અતિ પ્રિય લાગે છે. સ્થિરતાનાં દ્રષ્ટાંત

(૧) વનનો રાજા સિંહ કદાચ આઠ દિવસ ભુખ્યો રહે પણ ઘાસ ખાતો નથી.

(૨) ચાતક પક્ષીને સ્વાતિ નક્ષત્રનાં જળની જ ચાહનાં રહે છે. તેથી તે બારો માસ સ્વાતિ સ્વાતિનું રટણ કરે છે. બીજુ કાંઈ બોલતું નથી તેમ રટણ છોડતું નથી. પૃથ્વી પર વરસતા બીજા નક્ષત્રોનાં જળની તેને ચાહનાં નથી તેમ નદી સરોવરો ભર્યા છે. તે જળની તેને અપેક્ષા નથી. આવા દઢતાવાળા ચાતકને મેઘ જે તે જડ છે તેને સ્વાતિનાં જલથી તૃપ્ત કરે છે, તેમજ મારા ઉપર આપ કૃપા કરો. જેથી મારી પણ દઢતા પરિપકવ આપનાં શરણોમાં રહે છે. આપનાં દર્શન કરૂં, આપનાં જ ગુણગાન કરૂં, આપનાં જ ગુણો શ્રવણથી સાંભળું, આપનોજ બની રહું, બીજાનો કદી થાઉં નહી. અન્યનો વિશ્વાસ કદી મને આવે નહી, મારૂં મન તો કેવળ શ્રી વલ્લભવરમાંજ અટકીને રહે. જેથી રાત દિવસ શ્રી વલ્લભ નામ જપતો રહું આવું જ ધ્યાન મારા હૃદયમાં સદા રહે એ માટે ગોદપસારી હરિદાસજી કહે છે કે શરણે આવેલ હરિદાસને પાર ઉતારી લેશો. હું રાંક છું એમ જાણી કૃપા કરી મારો હાથ પકડીને ડુબતાને બચાવી લેશો.

## પદ ૧૪૦મું (રાગ : બિહાગ) માહાત્મ્ય

**જે જન શ્રી વલ્લભ વર વર્યો ।**
**નહી વ્યાપત સંસાર ધર્મ ગંધ સદા અમૃત રસ ભર્યો ॥૧॥**
**જીનતે બ્રહ્માદિક ભય ભીતે ઈંદ્ર રહત નિત ડર્યો ।**
**અંતહી અપેક્ષા કી  હે ત્રિપુરારી તાંડવ નૃત્ય કર્યો ॥૨॥**
**રસનાં એક અનેક મહાતલ કો કહી શકે વિસ્તારી ।**
**'રસિકદાસ' જન ધન્ય ધન્ય તે ચરન કમલ અનુસારી ॥૩॥**

ભાવાર્થ - શ્રી વલ્લભ પુરૂષોત્તમ રૂપને જેણે સર્વ ભાવનાથી ભજ્યા છે. જેમ કે એક વર્યો ગોપીજન વલ્લભ તેમ અત્રે શ્રી વલ્લભ વર જેને મન ક્રમ વચનથી



વર્યો છે, તેને સંસારી ધર્મો બાધા કરી શકતા નથી. કેમ કે શ્રી વલ્લભ થકી ગોપીજન વલ્લભ સાથે નાતો જોડાઈ જાય છે. તેથી ચરણ શરણ રહી અને અનંત લીલાનું તેને અવગાહન રહે છે. તેથી લૌકિક વૈદિકનું તેને અનુસંધાન રહેતું નથી સંસારી જીવ કોઈ વધારે પડતું ઉચ્ચકાર્ય કરે ત્યારે સૌ પ્રથમ ઈંદ્રને ડર લાગે છે કે ક્યાંય મારૂ સિંહાસન છિનવાઈ ન જાય. બ્રહ્માજી પણ વિચારે છે કે શ્રી વલ્લભના દાસનો ભૂલે ચૂકે પણ અપરાધ ન પડી જાય તે સમજીને સાવધાન રહે છે મહાદેવજીએ અપેક્ષા કરી તાંડવ નૃત્ય કર્યું હતું. મહાદેવજી પ્રભુની આરાધના કરતા વર્ષો સુધી તાપમાં વિતાવે છે. ગુનગાનમાં મગ્ન થઈ રહે છે તેઓ ઈચ્છે છે કે પ્રભુનાં ભક્તનો પણ અપરાધ ન પડી જાય. કૈલાસમાં એકવાર ચિત્રકેતુએ મહાદેવજીને સતી સાથે બિરાજેલા જોઈ મશ્કરી કરી હતી, ત્યારે સતિએ તેને શ્રાપ દીધો હતો. જા પૃથ્વી પર રાક્ષસ થઈ જા. ત્યારે મહાદેવજીએ સતિને વાર્યા હતા; કે સતિ તમે આને શ્રાપ દીધો ! આ તો વિષ્ણુભક્ત છે, તે તમને સામેથી શ્રાપ આપી દેત, પરંતુ તેણે શ્રાપ સ્વીકારી લીધો અને કૃપા માની કે મને દંડ મળવો જરૂરી હતો. એમ કહી ક્ષમા યાચના કરી. હું વિષ્ણુ ભક્ત થઈને અવિચારી બોલું તે ભૂલ જ કરી છે. આ પ્રસંગમાં શ્રી મહાદેવજી બતાવે છે વિષ્ણુનાં ભક્તનો પણ અપરાધ ન કરવો. આમ પ્રભુ પણ ભક્તનો જે અપરાધ કરે છે તેને ક્ષમા કરતા નથી. અત્રે તો જે જન શ્રી વલ્લભવર વર્યો તે જ બડભાગી જન કહેવાય. જેમણે પોતાની ચિત્ત વૃત્તિ વલ્લભ ચરણ જોડી અને રાત દિવસ નામ સ્મરણ કરે છે. તેણે જ શ્રી વલ્લભ વર્યો છે. શ્રી વલ્લભ નામ અગાધ હે કો કરી શકે ગુણ ગાન શ્રી વલ્લભનાં ગુણાનુવાદમાં આનંદ મગ્ન બની જવું તેટલું બની શકે બાકી 'કો કરી શકે તિહારો ગુણગાન' તેમજ ગુણગાન કરવાની કોની શક્તિ છે ! જેનાથી જેટલું બને તેટલું નામ સ્મરણ કરવું. વલ્લભ ગુણ ગાવાને ગાવા. અવસરીયા નહી આવે આવા. આ કીર્તન મુજબ સુંદર અવસર પ્રાપ્ત થયો છે તેનો લાભ લઈ લેવો, શ્રી વલ્લભ ચરણ કમલમાં દઢભાવ રાખી તેમની આજ્ઞા મુજબ સેવા સુમરણ કર્યું તે જ શ્રી વલ્લભને વર્યો. રસિક દાસ કહે છે તેવા ભક્તને ધન્ય છે, જેણે અમૃતરસનું પાન કર્યું. તેને સંસારી સુખની ગંધ પણ વ્યાપતી નથી.

## પદ ૧૪૧મું (રાગ : બિહાગ) આશ્રય

**ચતુરાઇ તાકી સાચી જો શ્રી વલ્લભ નંદન કો સ્મરણ કરે ।**
**સો જન નિકટ રહે કે દૂર રસનાં શ્રી વિઠ્ઠલેશ ધરે ॥૧॥**
**સેવા કરે કે ન કરે મન ક્રમ વચન ઈનહી કે ચરણ કમલ અનુસરે ।**
**'ચતુર બિહારી' કહે એસો ભક્ત મેરે હૃદય તે ન ટરે ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં ચતુરાઈ કોની સાચી ચતુર કોને કહેવો. તે વિષે કહ્યું છે, કે જે જન શ્રી વલ્લભનંદન શ્રી વિઠ્ઠલેશનું સ્મરણ કરે. પુષ્ટિમાં મુખ્ય ધર્મ સેવા છે. પરંતુ સેવા કરતા મનની ભાવના સેવામાં જ રહેવી જરૂરી રહે છે. પ્રભુ કૃપાળુ છે કેના ઉપર ક્યારે ને કેટલી કૃપા કરશે તે કોઈ જાણતું નથી. ચિત્તની ચતુરાઈ તો સૌ કોઈ પણ વ્યાવહારીક કામમાં લગાડે છે. બચપણમાં વિદ્યાભ્યાસમાં મોટા થતાં ધન પ્રાપ્ત કરવામાં ચતુરાઈથી કામ કરી બતાવે છે તેમ અત્રે પ્રભુ વચન બતાવ્યું છે કે સાચી ચતુરાઈ તો શ્રી વલ્લભનંદન શ્રીમતપ્રભુચરણ શ્રી ગુસાંઈજીમાં ચતુરાઈ વાપરે છે તેની ચતુરાઈ સાચી, મહાનુભાવી શ્રી ગોપાલદાસજીએ નવાખ્યાનમાં શ્રી ગુસાંઈજીનું સ્વરૂપ, લીલાનું ગાન કરતાં બીજા આખ્યાનની પ્રથમ કડીમાં "તે પદ વંદુ શ્રી વલ્લભ નંદજી ત્રિભુવન મંગલ પરમાનંદજી" આમાં ઘણું ઘણું ગુઢગાન કર્યું છે. આમાં નંદનંદનાં રૂપે રાસલીલા કરી વિગેરે વિસ્તાર પૂર્વક ગાયું છે. સેવા જેનાથી જે બને તે કરવી. કોઈ સેવા નાની નથી. કોઈ સેવા શૃંગાર, કોઈ સામગ્રી, કોઈ પરચાનગી, કોઈ કિર્તનાદીક કોઈ આજ્ઞા મુજબ, જે બતાવે તે કરે. રાઈ જેટલી સેવાને પ્રભુ મેરૂ સમાન માને છે.

એકવાર ગુજરાતથી એક વૈષ્ણવ પાસમાં રહીને સેવા કરવાનાં વિચારથી શ્રી ગોકુલેશજી પાસે આવ્યો. તેને દૂર દેશાવર મોકલ્યો. તે વૈષ્ણવ, આજ્ઞાનું પાલન કરવા તુરત રવાનાં થયો. ત્યારે ત્યાં પાસમાં બેઠેલાં વૈષ્ણવોએ વિનતી કરી જે જે કૃપાનાથ તે તો પાસમાં રહી સેવા કરવાનાં ઉદેશથી જ અત્રે આવ્યો હતો. તેને આપે દૂર દેશાવર મોકલી દીધો. તેથી તેનો ઉદેશ તો રહી ગયો ત્યારે શ્રી ગોકુલેશજીએ આજ્ઞા કરી કે નિકટતા હૃદય મનની જ સાચી છે. પાસ રહે કે દૂર, તે મહત્વનું નથી. મારા મનમાં તે પાસે જ છે. અને તેના મનમાં હું તેની પાસે જ છું. આમ માર્મિક વચન કહ્યા હતા. આ પદમાં શ્રી ગુસાંઈજીનાં નામ સ્મરણની મહીમા બતાવી છે. જેનું મન શ્રી ગુસાંઈજીનું સ્મરણ કરે છે તેનાથી કદાચ સેવા ન પણ બની શકે તો પણ તે સદા નિકટ જ રહે છે જેનું મન સેવાનાં સમયમાં બાહરી લૌકિક કાર્યમાં ભટકતું રહે તો તે પાસમાં રહેવા છતાં દૂરજ છે. નામ સ્મરણ માટે શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે.

**સેવાયાં વા ક્યાયાં વા યસ્યા સંક્તિ દખ ભવેત્**

આમાં સમજાવ્યું છે કે જેની આસકિત સેવા અગર સ્મરણમાં છે તેનાં ભાવનો નાશ થતો નથી જેનો આસકિત ભાવ દૃઢ થયો છે. તે બંનેમાંથી જે બને તે કરે તેને પ્રભુ સેવા જ માની લીયે છે. પાસમાં રહેવાવાળા બધા સુદૃઢ ભાવનાંવાળા હોતા નથી ઘણીવાર દુઃખ દાયક પણ હોય છે તેને ગાયનાં આવમાં ઈતરડી



જેવા કહ્યા છે. તે દુધ પિતી નથી, પણ આવમાંથી ગાયનું લોહી પીવે છે. નિકટ રહી સેવા કરવી જેની શકિતની બહારની વસ્તુ છે તેને માટે સ્મરણ કરે તે જ સેવા છે. દ્રષ્ટાંત ૨૫૨, વૈ.ની વાર્તામાં-

શ્રી ગુસાંઈજીની સેવક કિશોરી બાઈ શરીરે અપંગ થયા ત્યારે ફકત નામ સ્મરણ કરતી તેની બેન રોજ સેવા કરીને કિશોરીબાઈને પ્રસાદ લેવડાવી જતી એક દિવસ તે આવી શકી નહી તેમ ૩ દિવસ સુધી ન આવી. પછી આવીને જુએ છે તો કિશોરી બાઈ પ્રભુની સેવામાં તન મનથી લાગી ગયા છે. આમ પ્રભુએ દયા વિચારીને સેવા યોગ્ય બનાવી. ચતુર બિહારી કહે છે જેનું મન નામ સ્મરણથી દૂર જતુ નથી, તો પ્રભુ પણ તેનાથી દૂર થતા નથી.

**સારાંશ** - શ્રી નાથજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી જુદા જુદા રૂપે દર્શન આપે છે પરંતુ તે એકના ત્રણે રૂપે દર્શન આપે છે વાસ્તવમાં એકજ અને અભેદરૂપ છે. જેમકે 'આપ સેવા કરી શીખવે શ્રી હરિ ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો'. આવું ગોપાલદાસજીએ ગાયું છે. વળી 'રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે વિવિધ લીલા કરે ભજન સાર'. આમ સેવા માર્ગ શ્રી વલ્લભ રૂપે પ્રકટ કર્યો સેવાને સુંદર રીતે શણગાર શ્રી વિઠ્ઠલ રૂપે કર્યો શ્રીજી રૂપથી સેવા અંગીકાર કરી શ્રી વિઠ્ઠલનાથ રૂપથી સેવા કરીને બતાવી છે. માટે ચતુરાઈ તો તેની જ સાચી જો શ્રી વલ્લભ નંદનનું સ્મરણ કરે, જે વલ્લભ નંદને સેવા કરી બતાવી. અને નાના પ્રકારની લીલાઓ નંદનંદન રૂપે કરી છે તે તે લીલાઓનું ગાન ભક્તો કરે છે. આવો મર્મ બતાવતા કહ્યું છે કે શ્રી વિઠ્ઠલરૂપનું સ્મરણ કરે તે સાચો ચતુર. જેની જીભાન નામ સ્મરણ રટતી જ રહે.

## પદ ૧૪૨મું (રાગ : બિહાગ) શ્રી વલ્લભ આશ્રય

**શ્રી વલ્લભ શ્રી વલ્લભ વલ્લભ શ્રી વલ્લભ દેવ હમારે સહાય । ટેક**
**ઉઠત વલ્લભ બૈઠત વલ્લભ શ્રી વલ્લભ કહેતા કહા તેરો જાય ।**
**જાગત વલ્લભ સોવત વલ્લભ શ્રી વલ્લભ સો મેરી પ્રીત સદાય ॥૧॥**
**સાધન વલ્લભ તીરથ વલ્લભ શ્રી વલ્લભ નામ નવ નિધિ પાય ।**
**'દાસ' કહે હું ઔર ન માંગુ શ્રી વલ્લભ ચરણ કમલ ચિત્ત લાય ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં શ્રી વલ્લભ નામ, સર્વકાળે સર્વે કાર્યે રટતા રહેવું એવો સાર બતાવ્યો છે. જે કાંઈ જીવનમાં કરવાનું સુકૃત્ય તે શ્રી વલ્લભ નામ છે. આવી રીતે અમારા આરાધ્ય દેવ પણ શ્રી વલ્લભ જ છે. શ્રી વલ્લભ નામ સર્વકાળે જેમ કે દિવસ હોય કે રાત્રિ હોય સવાર હોય કે સાંજ હોય. સુતા કે બેસતા જાગતા કે ઉઠતા કોઈપણ કાર્ય કરતા શ્રી વલ્લભ નામ લેવું. આમ નામ સ્મરણ કરવામાં

ગાંઠનું કાંઈ ગુમાવવું પડતું નથી સાધન અને તીર્થ જે કાંઇ છે તે સર્વ શ્રી વલ્લભ નામ છે. આમાં બધું આવી જાય છે. દાસ કહે છે હું તો એટલું જ માંગું છું કે મારૂં મન સદા શ્રી વલ્લભ નામ રટતાં શ્રી વલ્લભ ચરણમાં લાગ્યું રહે પલવાર ત્યાંથી હટીને બીજે ક્યાંય ન જાય.

## પદ ૧૪૩મું (રાગ : બિહાગ) રૂપમાધુરી

**શ્રીવલ્લભ રોમ રોમ રસ ઝલકે ।**
**ભરે સમુદ્ર અનેકન રસકે કૃપા લહર ઉર હલકે ॥૧॥**
**જો જો અધિકારી યા રસકે ભરત સંભારન છલકે ।**
**'રામદાસ' શ્રી મુખ માધુરી ચાખનકો જીય લલકે ॥૨॥**

**ભાવાર્થ** - રામદાસજી આ પદમાં ગાન કરે છે કે શ્રી મુખ માધુરી ચાખવા માટે મારો જીવ તરસે છે સારમાં મુખ દર્શન ની ઈચ્છા પ્રકટ કરી છે.

શ્રી વલ્લભનાં રોમ રોમમાં લીલા રસ ઝલકી રહ્યો છે. જેમ સમુદ્ર સાત છે તેમ અત્રે રોમ રોમમાં સમુદ્રો ભર્યા છે. આવા રસ સમુદ્રોમાંથી કૃપા રૂપી રસની હાલક ડોલક થાય છે. કૃપા રૂપી લહેરો અવિછિન્ન ચાલુ રહે છે

શ્રી ગુસાંઈજી વલ્લભાષ્ટકનાં પ્રથમ શ્લોકમાં-

**શ્રીમદ્ વૃંદાવનેન્દુ પ્રકટિત રસિકા નંદ સંદોહરૂપ સ્ફુર્જ દ્રાસાદિ લીલામૃત જલધિ ભરાક્રાન્ત સર્વોપિ શશ્વત્ ।** અલૌકિક ઐશ્વર્ય પૂર્ણ શ્રી વૃંદાવન ચંદ્ર શ્રી કૃષ્ણ ચંદ્ર ભગવાને પ્રગટ કરેલા રસિક ભક્તોમાં આનંદનાં સંદોહ રૂપે બિરાજતી રાસાદી લીલાઓનું અમૃત સાગરથી સમુહથી ભરેલા, સર્વ શ્રી અંગોવાળા હોવાથી જ ભગવાને શ્રી કૃષ્ણે પોતાની જ કરેલી લીલાઓને પ્રગટ કરવા શ્રીમદ્ વલ્લભરૂપને આજ્ઞા કરી તેથી ભૂમિ ઉપર સુન્દર મનુષ્યાકૃતિ અત્યંત કરૂણામય શ્રી વલ્લભ પ્રગટ થયા તે અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભને હું શરણે થાઉ છું.

પ્રભુ સુંદર આકૃતિ વાળા અત્યંત કરૂણામય અપ્રાકૃત હોવા છતાં પ્રાકૃત દેહ ધારણ કરી આચાર્ય રૂપે લક્ષ્મણ ભટજીના ગ્રહે માત ઈલંમાજીની કૂખે પ્રગટ થયા જેમણે કૃષ્ણાવતારની લીલાઓ જુની થઈ હતી તેને જ પ્રકટ કરી. આ માટે તે લીલાનાં અધિકારી જેણે પ્રત્યક્ષ આનંદ સાથે રહી લીધો છે. એવા અષ્ટસખાઓએ પણ લીલાને અનુરૂપ ભુતલ પર જન્મ લીધા લક્ષ્મણ નંદન રૂપે જગતમાં ભકિતનો ડંકો વગાડયો, વિજય ધ્વજા ફરકાવી, દૈવિજીવનો ઉધ્ધાર કર્યો, વેદ માર્ગ સુંદર સ્વચ્છ બનાવ્યો. આવા શ્રી વલ્લભનાં પ્રાકૃત રૂપથી બધી લીલા બતાવી. આપનાં પ્રર્ત્યક રોમ રોમમાં લીલારૂપ સમુદ્રનાં સંદોહ ભરેલા છે. તે લીલા રસની, સમુદ્રો



માહેની લહેરો ઉછળતી રહે છે. તે તે લીલાઓનો આનંદ રસિક ભક્તોને હૃદયમાં રમી રહ્યો છે. આવા પ્રભુ શ્રી વલ્લભનાં મુખ દર્શનની લાવણ્ય સ્વરૂપની ઈચ્છા કરતું મારૂં મન લોભાયમાન રહે છે. શ્રી વલ્લભ આનંદ પરમાનંદ રૂપનું વર્ણન કોણ કરી શકે ? તો પણ શ્રી ગુસાંઈજીની કૃપાથી યત્કિંચિત જાણવા મળે છે. તે ઉછલીત રસનું ભક્તજનો પોતાનાં હૃદયમાં ધારણ કરી લીલા ચિંતનનું સુખ મેળવે છે. હાલમાં પણ વૈષ્ણવો સાથે મળી ભગવદ્ વાર્તા કરે છે. સર્વોત્તમ આદીના પાઠ કરે છે તે બધું શ્રી ગુસાંઈજીની કૃપાનું બળ છે. બીજું કોણ એવું સમર્થ છે કે શ્રી વલ્લભનાં સ્વરૂપને જાણી શકે ? જેમનાં રોમ રોમમાં લીલારૂપી સમુદ્રો ભર્યા છે આવા પદોનું વારંવાર વાંચીને વિચારવાથી શ્રી વલ્લભની કૃપાને પાત્ર ભક્તગણ બને છે.

## પદ ૧૪૪મું (રાગ : માલવ)

**શ્રી વિઠ્ઠલનાથ ચંદ ઉગ્યો જગમેં ભક્ત ચાંદની છાંય રહીરી ।**
**શ્રી વલ્લભ ગૃહ પ્રકટ ભયે હે રસ વરસત ચહું દિશ સખીરી ॥૧॥**
**માયા વાદ કિયો પ્રભુ ખંડન શુક મુનિ વ્યાસ પરમ સુખ પાયરી ।**
**'છીત સ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ નિત નિત લીલા હોત નઈરી ॥૨॥**

આ પદમાં શ્રી ગુસાંઈજીનાં પ્રાકટ્યને શરદચંદ્ર ચાંદનીની ઉપમાં આપી છે. શરદ રાત્રિ જેમ તાપને હરણ કરવા વાળી, ઉજળી દૂધ જેવી, સુંદર શોભાવાળી મનને આનંદ આપવા વાળી, તેનો પ્રકાશ સહુને આનંદ આપે છે, શ્રી ઠાકુરજીએ શરદ ચાંદનીમાં રાસ રચ્યો હતો.

આ કલિકાલમાં ગુણો અમાવસની રાત્રિ જેવા છે. ઘોર અંધારી રાત ડરામણી એટલે અજ્ઞાન રૂપી તિમિરથી ભરપુર છે. જ્યાં સત્પુરૂષોની મતિ પણ ભ્રમિત બની જાય છે. તેનું વર્ણન શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણાશ્રય ગ્રંથમાં કરેલ છે. આ કાળમાં પ્રચુર માત્રામાં પાખંડનો પસારો રહે છે. આવા સમયમાં શરદચંદ્ર રૂપ પ્રગટ થયા, તેમની કૃપાને જીલવા લીલાનાં જીવ પણ પ્રગટ થયા અને શરદચાંદનીની છાંયમાં રહી આનંદ મગ્ન બની ગયા છે. શ્રીવિઠ્ઠલનાથચંદ્રનાં પ્રકાશમાં રહી આનંદ મગ્ન બની ગયા જેથી તેમને અજ્ઞાન રૂપી અંધારી ઘોર રાત્રિનો ભય નથી. અજ્ઞાન રૂપિ અંધકારથી મુકિત મેળવી અને આજ્ઞા અનુસાર શરણે આવીને સેવા માર્ગમાં આનંદ મેળવી શકયા. અત્રે ભક્ત ચાંદની કહી છે એટલે ભક્તોથી વીંટાયેલા છે. જ્યાં આપ બિરાજે ત્યાં ભક્તોનો સમુહ સાથે રહી શરદ ચંદ્રરૂપી આપનાં મુખચંદ્રનું નયનો દ્વારા પાન કરતાં ચોતરફ છાઈ રહ્યા છે.

શ્રી વિઠ્ઠલનાથજીનાં યશોને ફેલાવવા વાળા એટલે ચંદ્રની ચાંદની અથવા તો ભક્તો આપનાં ચરણ કમળમાં આશ્રય મેળવી નિર્ભય બન્યા છે. શ્રીવલ્લભ ગ્રહે અવતાર ધારણ કરીને કૃપારૂપી વર્ષાની લાણી કરી છે. જેમ ચંદ્ર તે પોતાનાં કિરણોથી પૃથ્વી પર છાંઇ રહે છે. તેમ આપની કૃપા રૂપી ચાંદની ફેલી રહી છે. માયાવાદનું નિકંદન અને ભક્તિમાર્ગનું પોષણ કર્યું. તેમજ શ્રીમદ્‌ભાગવતને અર્થ રૂપે સમજાવ્યું. જેથી શુકદેવજી તથા વ્યાસમુનિ બહુજ પ્રસન્ન થયા યોગ્ય અર્થ કરી શ્રીકૃષ્ણનો યશ ફેલાવ્યો તેથી જન્મ વખતે જ તે મુનિયોએ કહ્યું કે અમારા ભાગવતનો ગૂઢ અર્થ પ્રગટ કરશે. જેમ કે કૃષ્ણાવતારના કંઈક કાળ વિતિ ગયા છે. બાદમાં ભાગવત પણ વંચાતુ હતું તેનો ઉપયોગ ઉદર પોષણ માટે થતો હતો. ઉંડી ખોળ કોઈએ કરી નહી. શ્રી ભાગવત પૂરાણ તો ઉપદેશક હોઈ તેથી તેનો ઉપયોગ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે જ થવો જોઈતો હતો. ભાગવત જે વાંચે, સાંભળે, સાંભળીને જીવનમાં તેને અમલમાં મૂકે તો મોક્ષ મળવો તે તો સાધારણ તયા વાત હતી પરંતુ દશમ સ્કંધમાં નિરોધ લીલા છે, જેમાં પ્રભુની અનેક લીલાઓ છે. ભક્તિ રસને પ્રકટ કરી જેમણે ગુપ્ત રસ છુપાયેલ તેને પ્રગટ કર્યો. સેવા માર્ગમાં આવી ભજનાનંદનાં અનુભવથી જીવ કૃત કૃત્ય બન્યા. છીત સ્વામી કહે છે કે જે શ્રી ગિરધર છે તે જ શ્રી વિઠ્ઠલ છે. 'આપની લીલા તે વદન પોતે કહી પોતે ના ઉચ્ચરી છાની રાખી'. તે મુજબ કૃષ્ણાવતારની બધી લીલાઓનું પોતે વર્ણન કર્યું. નહી ને છાનું રાખ્યું તે શ્રી વિઠ્ઠલરૂપ ધારણા કરીને ગુપ્ત ભક્તિ રસને પ્રકટ કર્યો. આપની અનંત લીલાઓનું કોઈ સંપૂર્ણ ગાન કરી શકે તેમ નથી. 'નિત્ય લીલા નિત્ય નૌતન શ્રુતિ ન પામે પાર'. આમ કોઈ પાર પામે તેમ નથી તો પણ શ્રી વિઠ્ઠલનાથચંદ્રરૂપનાં પ્રકાશમાં આવેલા જીવોએ તે તે લીલાનું ગાન કર્યું ચિંતન મનન કર્યું. ભજનાનંદનો આનંદ મેળવ્યો. આવી લીલાનું ચિંતન મનન કરતાં હૃદયમાં આનંદ ઉછળે છે. તે કૃપા શ્રી વિઠ્ઠલનાથરૂપી ચંદ્ર પ્રકાશથી અજ્ઞાન રૂપી અંધારૂ દૂર થયું આવી રીતે શરદચંદ્ર અને તેની ચાંદની.

### પદ ૧૪૫મું (રાગ : માલવ) વૈરાગ્ય

**ઉત્તમ કુલ અવતાર કહા જો શ્રી વલ્લભ રાજ કુમાર ન જાન્યો ।**
**ચરચા ન કીની વર વલ્લભકી રુચિ પાખંડ કીયો બહુ બાન્યો ॥૧॥**
**રસિક કથા સુની નહી શ્રવનન રહ્યો વિષય રસહી લપટાનો ।**
**સોચ મિટાયો નહી ઉર અંતરકો સમજ સમજ લાગ્યો પછતાનો ॥૨॥**
**ગોવર્ધન વૃજ વૃંદાવન કબહું નયનન નિરખ ન સિરાનો ।**
**'કૃષ્ણદાસ' પ્રભુકી ગુણ મહિમાં અગમ નિગમ ન જાત બખાન્યો ॥૩॥**



**ભાવાર્થ** - જગતમાં માનવ દેહધારી ઉત્તમ કુળમાં જન્મ લીધો પરંતુ જો જીવન સાર્થક ન બનાવ્યું તો તેં કર્યું શું ? જ્યારે સમજણ આવે ત્યારે પસ્તાવો કરવાથી શું થાય ? આયુષ્ય તો બધું વેડફી નાખ્યું. આ જીવનની યાત્રા પુરી થઈ પછી શું કરી શકાય.

પંચતત્વની સાથે પ્રાણ મળે ત્યારેજ દેહધારી મનુષ્ય બને છે. અને જયારે અંત સમયે પાંચ તત્વો વિખરાય જાય પ્રાણ પણ નીકળી જાય પછી તો જડવત દેહ બની જાય. ઈંદ્રિયોનાં દેવો પ્રાણની સાથેજ દૂર થઈ જાય છે. અંત સમયે કાંઈ બનતું નથી. પાંચ તત્વ અને પ્રાણ બંને સાથે છે. ત્યાં સુધીમાં જે થાય તે કરી લેવું. દેહ શિથિલ થયા પછી નાના પ્રકારનાં રોગ દોષથી ઘેરાયેલો કાંઈ કરી શકતો નથી આમાં બુધ્ધિ અને મનનાં વિચારો પ્રબળ કામ કરે છે.

માનવ દેહ ઉત્તમ કુલ અવતાર મળ્યો પણ શ્રીવલ્લભરાજકુમારને જાણ્યા નહી, આ કલીમાં જે મોટો આધાર છે તેનો આશ્રય લેવાનું સુજયું નહી તો કર્યું શું?

**કલીમેં એક બડો આધાર ।**
**શ્રી વલ્લભ ગૃહે શ્રી વિઠ્ઠલપ્રભુ આન લીયો અવતાર ॥૧॥**

આ પદની ભાવનાં મુજબ આ કલીમાં આધારરૂપ શ્રી વલ્લભરાજકુમાર શ્રી ગુસાંઈજી છે જે કોઈ શરણે આવે તેને ભવથી પાર કરવાવાળા છે આવો આપનો ગુણ પ્રતાપ બળ છે છતાં તેં કાંઈ જાણ્યું નહી શરણે આવી શકયો નહી પછી ભવ ઉતરવાની ચિંતા તો રહેવાની જ છે. આ બાબતનાં પ્રત્યક્ષ અનુભવી કૃષ્ણદાસજીએ કહ્યું છે કે 'કૃષ્ણદાસ સુરતે અસુર ભયે અસુરતે સુર ભયે ચરનન છોઈ'.

કૃષ્ણદાસજી શ્રીનાથજીનાં અધિકારી હતા, તેમણે શ્રી ગુસાંઈજીને છ માસ સુધી શ્રીજીની સેવાથી દૂર રાખ્યા હતા. આ મહદ અપરાધથી તેઓ કૂવામાં પડી ગયા અને પ્રેત યોની પામ્યા, ત્યારે બહુજ દુઃખી થઈ શ્રીજીને વિનવતા, કે મારો અપરાધ ક્ષમા કરો. શ્રીજી તેમને દૂરથી દર્શન દેતાં પણ તેનો ઉધ્ધાર ન કર્યો વારંવાર વિનતી કરી ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે જેનો તમે અપરાધ કર્યો છે, તે જ તમારો ઉધ્ધાર કરશે આ મુજબ શ્રી ગુસાંઈજીએ તેનો ઉધ્ધાર કર્યો. કૃષ્ણદાસ સુર હતા ત્યારે જ શ્રીજીનાં અધિકારી હતા. અપરાધથી પ્રેત બન્યા એટલે અસુર બન્યા અને તેનો ઉધ્ધાર થયો ત્યારે અસુરથી સુર બન્યા (લીલાત્મક પ્રસંગ જુદી જ વાત છે અત્રે પ્રત્યક્ષ અપરાધની વાત છે)

આવી રીતે દ્રષ્ટાંતનો સાર આવે છે કે પોતાનાં અપરાધી ઉપર પણ કૃપા વરસાવવાળા, શ્રી ગુસાંઈજી દયાળુ છે, તેના શરણમાં આવ્યો નહી તેમ સતસંગમાં બેસીને સાર ગ્રહણ કર્યો નહી, શ્રી વલ્લભવરની વાર્તાલાપ ન કરી અને અન્ય વાતોમાં આનંદ માન્યો. સંસારી ધર્મ પાખંડ કર્યું. અસત્ય બોલવું, અસત્ય કરવું,

આવું જ કામ તે કર્યું, પ્રભુની આનંદમય લીલાનું શ્રવણ કર્યું નહી, અને ન કરવાનું કર્યું. એટલે પાખંડી બની રહ્યો. શ્રી ભગવદ્લીલા રસનું શ્રવણ ન કર્યું, તો પાન ક્યાંથી કરે ? રસિકો દ્વારા થતી ભક્તિ રસની લાણી તેં લીધી નહી. અન્ય રસમાં લાગ્યો રહે, વિષયા વેશમાં લપટાઇ રહ્યો. પરંતુ ક્યાંય સાચી શાન્તિ મળી નહી. ત્યાં સમય આવી પહુંચ્યો. હવે પસ્તાવાથી કાંઈ વળવાનું નથી હવે વિચારે છે, કે ધીક છે મને આ શું કર્યું ? વૃથા માયામાં લપટાઈને રહ્યો. જે ધન માટે અનેક સાચા ખોટા કર્મ કર્યા જેના માટે કર્મ કર્યા તે બધાને મુકીને એકલા ને લાંબે રસ્તે જાવું પડશે. અરેરે.. હરિ વિમુખ જીવ તેં શ્રી ગિરિરાજજી શ્રી યમુનાજીની ઝાંખી પણ કરી નહી. શ્રી ગુસાંઇજીનાં શરણે જઇને નિઃસાધનતા પ્રાપ્ત ન કરી વૃથા જન્મ ગુમાવ્યો.

### પદ ૧૪૬મું (રાગ : બિહાગ)

**કલિ યુગ સબ યુગ તે અધિકાઇ ।**
**જા જુગમેં શ્રી વલ્લભ પ્રગટે સેવા રીતિ પ્રકટાઇ ॥૧॥**
**જા જુગમેં રાય પરીક્ષિત કો શ્રી ભાગવત સુનાઇ ।**
**કહે 'હરિદાસ' શરન આયે સેવક મેરે મન કી પાઇ ॥૨॥**

**ભાવાર્થ** - યદ્યપિ કલીયુગનાં ધર્મો શાસ્ત્રોથી વિપરીત છે, તેથી તે નિંદાને પાત્ર છે. પરંતુ ખારા સમુદ્રમાં મીઠી સેરરૂપી એક ગુણ મહાન તેમાં પ્રભુએ રાખ્યો છે વળી શ્રી વલ્લભનું પ્રાકટ્ય આ યુગમાંજ થયું છે. તેથી તેની બડાઈ કરી છે કે બધા યુગો કરતાં કલીયુગ ઉત્તમ, આ પ્રાગટ્ય અને આ લીલા "ભાવિ ન ભુતો સ્યપિ" આગળ નોતું પાછળ પણ નહી થાય. જેને થોડું ઘણું શ્રી વલ્લભનાં સ્વરૂપનું જ્ઞાન હશે તે જ આ યુગમાં રહેલા ગુણને જાણી શકશે. હાલાકી કલીયુગ દોષનાં ભંડાર રૂપ છે. જેથી માયાની જાળમાં જીવને ફસાવી અધર્મ કર્મ કરાવે છે. પોતાનું શ્રેય આ સમયમાં છળકપટ કરી પોતાનો સ્વાર્થ સાધવાની વૃતિ બનાવે છે સત્પુરૂષો પણ ધનનાં લોભી બની. કર્મનાં અકર્મ કરી પોતાનો સ્વાર્થ સાધે છે. આમ સુમતી તે કુમતી બને છે. આવા દોષ વાળા કલીયે પ્રભુને વિનતી કરી હતી કે પ્રભુ હું તો ચારો યુગમાં એક જ નિંદા કરવા લાયક છું મારા ઉપર આપ કૃપા કરો ત્યારે પ્રભુએ એક મહાન ગુણ તેમાં રાખ્યો કે "કલૌ કેશવ કીર્તનાત્", "કલીયુગ કેશવ કીરતન મહીમાં એ સમ ઔર ન યોગ". આવો મહાન ગુણ કલીયુગમાં રાખ્યો છે કે સતયુગ, દ્વાપર, યુગમાં જપ, તપ, તિરથ, યોગ નું મહત્વ હતું તે કલીયુગમાં કેશવ કીર્તન ભક્તિથી પ્રાપ્ત થશે. અન્ય યુગોમાં હજારો વર્ષ તપશ્ચર્યા કરતાં મળતું તે કલીમાં નામ, સ્મરણ, કીર્તનથી મળશે તત્વ જોતાં આ એક મહાનગુણને લીધે દુષિત કલીયુગ, ફલ રૂપ પણ છે.



આવા કાળમાં શ્રી વલ્લભનું પ્રાકટ્ય ફલ રૂપ થયું. કલીયુગને સનાથ બનાવ્યો. પુષ્ટિમાર્ગ પ્રકટ કરી શ્રીકૃષ્ણની સેવા કથારસ તેપણ વૃજ ભક્તોની ભાવનાં મુજબ પ્રેમલક્ષણા ભક્તિથી જીવ કૃતાર્થ કર્યા આમ શ્રી વલ્લભનાં અવતાર થવાથી કલીમાં રહેલો એક ગુણ પ્રકટ થયો.

શ્રી ભાગવત વાક્ય મુજબ કલીયુગ દોષનો નિધિ છે છતાં તે મારા ભક્તને બાધા કરવા સમર્થ નથી. માયા તો જ્ઞાની વૈરાગીને લાગે કે જે અહંભાવના પુરૂષ ભાવ છે. હરિભક્ત તે ભક્તિ રૂપે નારી જાતી થઇ, તે દીનતા અને સ્નેહ ભાવથી ભજવાવાળા છે. ભક્તિ રૂપી સુંદરી ને માયા તેની દાસી છે. તેથી દુર રહીને તે રખવાળી કરે છે. ભકિતમાર્ગ રૂપી ગુલાબનું ફૂલ તેની રક્ષા માટે કાંટાળી વાડ તે માયારૂપી દાસી છે.

વૈદિક શાસ્ત્રાનુસાર શુધ્ધ થવા માટે પાંચ દોષોની નિવૃતિ કરવી જરૂરી છે. તેની વિધિ ઘણી મોટી છે. તેને પણ શ્રી મહાપ્રભુજીએ સરળ બનાવી, જીવને શરણે લઈ અને બ્રહ્મસંબંધ આપી આત્મસમર્પણ કરતાં પાંચ દોષો નિવૃત થઈ જાય છે જે દોષો પાંચ પ્રકારનાં છે દેશ, કાળ, સંયોગ સ્પર્શ, સહજ=૫ છે. દોષ નિવૃત થતાં જીવને પ્રભુની સેવા યોગ્ય બનાવ્યા છે. સેવા કરતાં સાનુભાવ પ્રાપ્ત કરાવ્યો છે. આમ કેવળ કૃપાબળથી જીવને વૃજભક્તોની ભાવના મુજબ પ્રેમ લક્ષણા ભક્તિ યોગ્ય બનાવ્યા. ચોર્યાશી, બસોબાવન વૈષ્ણવોની વાર્તા વાંચવાથી કૃપાબળનું ભાન થશે. કે આ કલિમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાકટ્ય વરદાન રૂપ છે. શ્રીમદ્ ભાગવતનાં પ્રથમ શ્રોતા રાજા પરિક્ષિત પણ કલીયુગમાં થયેલ છે.

જે જન શ્રી વલ્લભને શરણે આવી આજ્ઞાંકિત સેવક બની તે સેવા સ્મરણ કરશે તેને માટે તો આ યુગ સર્વ યુગથી અધિકાઈ છે. હરિદાસજી કહે છે જે શરન આવ્યા તેણે સર્વ પાઈ લીધું છે.

### પદ ૧૪૭મું આશ્રય-દીનતા

**શ્રી વલ્લભ અબતો ભયો તિહારો ।**
**જનમ જનમકો મેં અપરાધી લીખી લીખી કે હાર્યો. ॥૧॥**
**સપને હું સુકૃત નાહી કીનો ભયો પાપ ભંડારો ।**
**તુમસોં કહા કહું કરૂણાનિધિ, સકુચ હોત જીય મારો ॥૨॥**
**વૈશ્વાનર સબ સુખ કે દાતા સુનિ મન ધીરજ ધારો ।**
**'રસિકદાસ' જન બડી ઠોર કે કહા કરે અન્ય રીપુ બિચારો ॥૩॥**

**ભાવાર્થ** - આ પદમાં રસિકદાસજન શ્રી મહાપ્રભુજીને આશ્રયે આવી અને દીનતા પૂર્વક વિનંતી કરે છે.

પ્રભુ શ્રીમદ્‌વલ્લભ હું હવે આપને શરણે આવ્યો છું તેથી આપનો જ કહાવીશ શરણાંગતની લાજ રાખવાવાળા અધમ ઉધ્ધારન દૈવિ જીવોનો તો આપ ઉધ્ધાર કરો તેમાં વિશેષતા છે તેનાં કરતાં મારા જેવા જન્મો જન્મથી ભટકતા આવતા મહાન અપરાધીનો ઉધ્ધાર તો કેવળ આપજ કરી શકો. મારા જન્મો જન્મના લેખો જોઈ અન્ય કોઈ હાથ પકડવા તૈયાર થાય તેમ નથી. હું એક એવો અપરાધી છું કે ભૂલચૂકે પણ સત્કર્મ કર્યું નથી. એટલું જ નંહી સ્વપનમાં પણ સુકૃત કર્યું નથી પરંતુ પાપનાં ભંડાર ભર્યા છે. હે દીનદયાળું હું હવે આપને મારી કરણી કેવી છે કેટલી છે તે કહેતા પણ મને લજજા આવે છે. આપ વૈશ્વાનર છો. જેમ અગ્નિમાં જે પડે તે સ્વાહા અગ્નિરૂપ બને છે. લીલું કે સુકું બળી ભસ્મ થાય છે. તેમ શરણાંગત જીવનાં કરેલા કર્મોનો નાશ કરો છો. અને અગ્નિ રૂપ બનાવો છો. આમ જાણીને આપને શરણે આવ્યો છું. અને થોડી ધીરજ ધારણ કરી છે. હું તો મારા કર્મોને યાદ કરતાં થરથર ધ્રુજી ઉઠયો છું. આપ સર્વેશ્વર સર્વનાં સુખદાતા છે મને એમજ સમજે છે કે બડી ઠૌર રહેવાથી અન્ય કર્મો રૂપી દુશ્મનનું શું કરી શકે તેમ હતો. કેવળ આપનું બિરદ જાણીને શરણે આવ્યો અને આપનો કહેવરાવ્યો. આપ શરણાંગત વત્સલ છો. ભક્તવત્સલ તો આપનું નામ છે પરંતુ મારા જેવા અધમ તેનું પણ આપ જ શરણ છે.

## પદ ૧૪૮મું વિનતી

**શ્રી વલ્લભ કૃપા કટાક્ષ નિહારો ।**
**જીવકી કૃત્ય તનક જીન દેખો અપનો બિરદ વિચારો ॥૧॥**
**જો બની પરી સોહી વિમુખતા કહા કરે જીવ બિચારો ।**
**'રસિકદાસ' જન જૈસો તેસો આખર દાસ તિહારો ॥૨॥**

**ભાવાર્થ** - આ પદમાં રસિકદાસજન કૃપા કરવાની વિનતી કરે છે.

શ્રી વલ્લભ મારા ઉપર કૃપા દ્રષ્ટિ કરો તે પણ કેવળ કૃપા કટાક્ષ. જીવની કરણી તરફ દ્રષ્ટિ કર્યા વિનાજ કેવળ અધમ ઉધ્ધારણ આપનું બિરદ વિચારીને જ કેમ કે, સંસારમાં આવીને મેં કરવાનું હતું તે નથી કર્યું ન કરવાનું કર્યું આપનાં શરણે આવીને માર્ગની રીતે સેવા સ્મરણ ન કર્યું દાસ ધર્મનો મર્મ સમજયો નહી. કાંઈક જાણ્યુ તો પણ અભિમાનને આશ્રયે રહ્યો મદમાતો થઈ ફાવે તેમ વર્ત્યો. સંસારી સુખ પ્રાપ્ત કરવા માટે મેં નં કરવાનું કામ કર્યું. જાવું તું પૂર્વ દિશાએ અને પશ્ચિમ દિશાને રસ્તે ચાલ્યો, તે મુળસ્થાને કયારે પહુંચી શકે. જે કાંઈ કાર્ય કર્યું ને બધું



વિમુખતાનું કાર્ય કર્યું, હવે પશ્ચાતાપ થાય છે કે મેં જગમાં આવીને શું કર્યું ? બહુ વિચાર કરતાં આપનું શરણ યાદ આવ્યું તેથી વિનતી કરું છું, હવે જેવો હું છું, તેવો પરંતુ આપનો જ છું. 'કુપૂત કેરા અવગુણ ઢાંકે શોભા પિતાજી'. આ વાકય મુજબ પુત્ર કદાચ કપુત્ર થાય તો પણ તેનાં અવગુણો તેનાં પિતા ઢાંકી દીયે છે. કેમ કે પ્રકાશમાં આવવાથી પોતાને લજાવશે. તેવો જ હું છું આપનો થઈને હું કુમાર્ગ ચાલ્યો છું માટે જ વારે વારે વિનતી કરું છું આપનો સેવક આવો બિરદ વિચારી મારા ઉપર કૃપા કરો.

## પદ ૧૪૯મું દીનતા

**હમજોં કરેં તાસોં નરક ડરે ।**
**આપ કરો તાકી કો જાને તાતે જીયમેં ચોંચ પરે ॥૧॥**
**શરન આય (કહાય) શરન નહીં જાન્યો મલીન હોય જગ વિચારે ।**
**ભાંતિ ભાંતિકે ભેખ ધરકે ઠગી ઠગી અપનોં પેટ ભરે ॥૨॥**
**નિત ઉઠ કરી કરૂં જીયકી હીંસા યહ તજી મેરે નેક ન ટરે ।**
**અસુરાવેષ રહેત નિશ વાસર દયા ધર્મ ચિતમેં ન ધરે ॥૩॥**
**હમસોં કોઉ સૂન્યો નાહી દેખ્યો, તાકી કથા વિધિહુ ન વિસ્તરે ।**
**'રસિકદાસ' જન કે શ્રી વલ્લભ બિરદ જાની જો વરે ॥૪॥**

**ભાવાર્થ** - આ પદમાં જીવ પ્રભુને શરણે આવે પરંતુ શરણ શું કહેવાય તે જાણ્યું નહી. તે ચાલ ઉલટી ચલાશે તેમાં સાવધ રહેવાનું જરૂરી છે. હું જે કરૂં છું તેનાથી તો નરક પણ ડરે છે કે આવો અપરાધી અહીં આવશે. પરંતુ આપ જે કરો તેની કોણ જાણે આવા વિચારથી જીયમાં ખિન્નતા ઉત્પન્ન થાય છે કેમ કે શરણે આવીને શરણાંગત કહેવાણો એટલું જ, બાકી શરણાંગત થઈને રહ્યો નહી મન મલીન થઈ ઘર ઘર ભટકયો, એટલે શ્રી વલ્લભપ્રભુનો પ્રતાપ બળ જાણ્યો નહીને જ્યાં ત્યાં નાના મોટા દેવ દેવિયોને ત્યાં સંસારી સુખ માટે ભટકતો રહ્યો; કર્માદી માર્ગમાં મોહી રહ્યો, પેટ ભરવા માટે નાના પ્રકારનાં ભેષ ધારણ કર્યા, ધન માટે ઠગાઈ કરવામાં ખામી ન રાખી, કેવળ પોતાનું પેટ ભરવું તેમાં ઉંચ નીચ પાપ પૂન્ય કાંઈ જોયું નહી. નિત ઉઠી પોતાનાં સ્વાર્થ માટે ખોટું કર્મ કરવું. વિશ્વાસઘાત કરવો. તે હિંસા સમાન છે. વિના કારણ આત્મા દુભાવવો, બીજાને દુઃખી કરી તેમાં પોતે આનંદ માનવો,આ તો રોજનો વિષય થયો. આવા કર્મથી દયા ધર્મ તો લેશમાત્ર નહી અને અસુરાવેષ આઠો પ્રહર મનમાં ભર્યો રહે છે. પ્રભુ ! હું કયાં સુધી મારા કર્મો બતાઉં મારા સમાન બીજો કોઈ મળશે નહી ઔગુણનો લેખો વિધાતા પણ લખીને થાકી જાય. કહેવાનું તાત્પર્ય પ્રભુ શ્રી વલ્લભ આપનું બિરદ જાણીને જો

કોઈ ગમે તેવો હીન કર્મ કરવાવાળો શરણે આવે તેનો આપ ઉધ્ધાર કરવાવાળા છે. તો હું આવો ઉલટે રસ્તે ચાલવાવાળો આપને શરણ પડ્યો છે.

### પદ ૧૫૦મું દીનતા

સેવક કહાય સેવા નહી કીની ।
બહુ અપરાધ કીયો સ્વામીકો ક્ષણભર સમર્યો ન હરિ ॥૧॥
બડો ભગત બખાન્યો તાતે નહી કછુ, સમઝ પરી ।
દેખી પ્રતિષ્ઠા મનમેં ફૂલ્યો ભઇસો બાત સબે બિગરી ॥૨॥
તુમસોં કહાં કહું કરૂણા નિધિ જો કછુ જીયમેં હોય ખરી ।
'રસિકદાસ' જન જાની અપનો બૃહત દેખી બાંહ પકરી ॥૩॥

**ભાવાર્થ** - આ પદમાં શ્રી વલ્લભની વિનંતી કરી, અપરાધની ક્ષમા અને બાંહ ગહ્યાની લાજ.

શ્રી વલ્લભને શરણે આવ્યા, વૈષ્ણવ કહેવરાવ્યા, સેવક બન્યા પણ સેવા કરી નહી. એવો હું સેવક કેવળ પ્રભુ આપનો અપરાધીજ છું. ક્યારે પણ શ્રી વલ્લભવરને સુમર્યા નહી. વૈષ્ણવ વેષધારી બની ભક્ત કહેવરાવ્યો તેથી આગળ કાંઈ સમજ ન પડી, કેમ કે જગતમાં ભગતની છાપ લાગી ગઈ. પોતાના વખાણ સાંભળીને મનમાં ફૂલ્યો ફૂલ્યો ફરતો રહ્યો, આનાથી અભિમાન આવ્યું અને અભિમાનથી વાત બગડી ગઈ. આગળ વધવાનો કોઈ રસ્તો ન રહ્યો. પોતાનામાં ભક્તનાં ગુણો નથી. જગતમાં ભક્ત કહેવાણો આનાથી દીનતા તો દૂર જ રહી. હે કરૂણાનિધિ મારી તો આ દશા છે. મિથ્યાવેષ ને મિથ્યાકર્મ કરી પ્રતિષ્ઠા કમાણો. હું પ્રભુનો દાસ છું. મારૂ કર્તવ્ય તો દાસ ભાવને અનુસાર આજ્ઞાનું પાલન કરવાનું છે તે તે કર્યું નહી. ખોટી પ્રશંસાથી અભિમાની બન્યો. હવે મને પોતાનો જાણી એવી કૃપા કરોકે મારા દુર્ગુણો નષ્ટ થઈ જાય. એકવાર મારી બાંહ પકરી છતાં હું આવા નિંદિત કર્મ કરૂં છું, આવા હીન કર્મ કરવાવાળા ઉપર આપ કૃપા કરો. કેવળ બાંહ ગ્રહ્યાની લાજ રાખો. હું તો પોકારી પોકારીને મારા અવગુણ બતાવું છું કે સેવક કહેવાણો પરંતુ સેવા કરી જ નહી.

### પદ ૧૫૧મું દીનતા

અબ કહા સોચત અજ્ઞાની ।
કેતીક વાર તોકું સમજાયો મેરી એક ન માની ॥૧॥
બાલ કિશોર વિષય વિષ ખોયો પહોંચ્યો આપ બુઢાપો ।
જો જો કૃત્ય કીયે તેં અપને સો સબ યમને જાની ॥૨॥



માયા તમમેં પંથ ન સૂજ્યો ભટકત ફિર્યો ભુલાની ।
જૈસે પયચર અવધિ વિતે તેં ભોર ભયે અકુલાની ॥૩॥
અબ હું ચેતી ભાગ્ય કે પૂરે હોત સબે સુખદાની ।
'રસિકદાસ' જન જાની કૃપા નિધિ અપની બાંહ વસાની ॥૪॥

**ભાવાર્થ** - રસિકદાસ જન કહે છે હે મન મેં તને ઘણું ઘણું સમજાવ્યું ત્યારે ન માન્યું હવે સોચ કરવાથી શું વળશે ?

મનુષજન્મમાં જયારે સમજણ આવે ત્યારે સમજી લેવું જોઈએ કે હું કોણ ? મારૂ કોણ ? માયા તે શું ? કર્મ-અકર્મ આવા વિષયો જાણવાથી અને સમજીને જગતમાં ચાલવાથી સરવૈયું સારૂ નિકળશે. પાછળથી પસ્તાવો કરવો શું કામનો ? બાવળ વાવીને આંબાનાં ફળની આશા કરવી નકામી છે. મુળમાંથી વિચાર કરવો જોઈએ. જીવનમાં બાલ્યવસ્થા અજ્ઞાનતામાં, યુવાવસ્થા વિષયવાસનામાં વિતિ ત્યાં બુઢાપો આવી પહોંચ્યો, આટલા વરસો કેમ વિતી ગયા તેની ખબર ન રહી. 'જનમ સબ બાતમેં બિત ગયો'.

સંસારમાં આવી જે જે કર્મો કર્યા તે બધાની યમને ખબર છે મોહ માયાની જાળમાં ફસાઈ તમ અવિદ્યાહી વ્યાપી રહી. સાચો રસ્તો સુઝયો નહી અને આમતેમ ભટકીને ભવ પૂર્યો કર્યો જ્યારે સમજ આવી ત્યારે સમય પૂરો થવા આવ્યો. હજુ પણ ચેતીજા સમય છે. તેટલાનો સદ્ઉપયોગ કરી લે. અને કૃપાનિધિ શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કરી લે. તો જન્મારો સુધરી જશે. દયાળુ પ્રભુ જેની બાંહ પકડે છે તેને છોડતા નથી નહીં તો પશ્ચાતાપ હાથ આવશે. સમય ગયા પછી ઉપાય બનતો નથી જેમ કે રાતનાં ઉડવાવાળા પક્ષી પ્રભાત પહેલાં પોતાનાં સ્થાને પહોંચી જાય છે. તે જો સમયનું ભાન ન રાખે તો તેને સવાર થતાં પછતાવો થાય છે. દુઃખ રૂપ દિવસ પસાર કરે છે. તેમજ જેમ કોઈ રાતનો ચાલે અંધારે બીજે રસ્તે ચડી જાય સવાર થતાં પછતાય.

### પદ ૧૫૨મું દીનતા

ધન હી ધન કરત સબ ખોયો ।
હરિ રસ સ્વાદ તનક નહી ચાખ્યો સબ વિધિ માયા મોહ્યો ॥૧॥
દેખી અટારી ઉંચી પહેરી પરનારીન સોં મોહ્યો ।
જરા વ્યાધિને અતિ સતાયો તબ કર્મનકો રોયો ॥૨॥
માનુષ જન્મ અમોલખ ખોયો ફિરી પાછે નહી જોયો ।
'રસિકદાસ' જન બડભાગી શ્રી વલ્લભ પદ પ્રીત પ્રોયો ॥૩॥

**ભાવાર્થ** - આ પદમાં રસિકદાસ જન દીનતા પૂર્વક વિનતી કરે છે કે શ્રી વલ્લભપ્રભુ મેં તો માનુષ જન્મ યુંહી ગુમાવ્યો.

સંસારમાં ધનની અપેક્ષાની ખાતર ધન કેમ એકઠું કરવું આમાં જ મેં મારી પુરી ઉંમર ખોઇ નાખી. હું જાણતો કે, સંસારીક દરેક વસ્તુ નાશવંત છે. છતાં તેમાંજ મોહિત થઈ રહ્યો. ધન પ્રાપ્તિ માટે સારા નરસા કર્મો કર્યા. પરંતુ હરિરસનો સ્વાદ જરાપણ ચાખ્યો નહી. તે તરફ ધ્યાન જ દીધું નહી જે કાંઇ છે તે ધન જ છે, આવો ગુણ ધારણ કર્યો. ત્યાં કાયા જર્જરીત થઇ ગઇ, હવે વિચાર આવે છે કે કેવળ ધનજ બધું નથી, સંસારમાં આવીને ભક્તિ રૂપી ધન તરફ મન દોરવવું જરૂરી હતું. હું તો ધનનાં મદમાં મોટા મકાન જોઈને રાજી થયો, અને પરનારીમાં મોહિત થયો, ન કરવાનું કર્યું, હવે બુઢાપામાં જીર્ણ અવસ્થા દુઃખરૂપ બની, આધિ વ્યાધિ રોગ ગ્રસ્ત કાયા બની ગઈ. ત્યારે મારા કરેલા કર્મો કરીને રોવાનો સમય આવ્યો, મેં પાછું વાળું જોયું જ નહી કે, માનવ દેહ ધરીને મેં સુકરીત શું કર્યું. વાત વાતમાં જરા અવસ્થા આવી પહોંચી. હવે વિચાર આવે છે કે ધન્ય છે એ બડભાગી જીવોને જેણે સંસારમાં આવી જીવનનું મહત્વ જાણીને પ્રભુ સાથે પ્રીત બાંધી, જન્મનું સાર્થક કર્યું. ચિત્ત ને જ્યાં લગાડો ત્યાં લાગે છે મેં તો સંસારમાં હું સુખી કેમ થાઉં, આવા વિચારોથી બધાં કામો કર્યા. આખરી તત્વ દુઃખરૂપે સામે આવ્યું.

## પદ ૧૫૩મું આશ્રય

**નિત ઉઠી શ્રી વલ્લભ શ્રી વલ્લભ કહીયે । ટેક ।**
**પરમ આનંદ હોત તાહીક્ષણ અધર સુધા રસ પૈયે ।**
**કરિ સતસંગ નિજ દાસનકો પુલકીત પ્રેમ બઢૈયે ॥૧॥**
**દેહ ધરેકો સબ વિધિ યહ ફલ મનમેં મતો દઢૈયે ।**
**'રસિકદાસ' જન યહ માંગત હે ઈન કે હાથ બિકૈયે ॥૨॥**

**ભાવાર્થ** - સંસારમાં આવી જીવન સાર્થક બનાવવા પ્રભાતે વહેલા ઉઠીને શ્રીવલ્લભ નામ લઈએ. નામ લેતાંજ મનમાં આનંદની ઉર્મીયો જાગૃત થાય છે નામ લેતાં કાંઈ દામ લાગતું નથી તેમજ સમય પણ લાગતો નથી આતો કેવળ મનનો જ વિષય છે શ્રી વલ્લભનું નામ વારે વારે લઈને આનંદમાં રહી દિવસો વ્યતિત કરીએ શ્રી વલ્લભ નામ અધર સુધાનું રસપાન કરાવવા વાળું છે. સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુસાંઈજી 'કૃષ્ણાધરામૃતાસ્વાદ સિધ્ધિ રત્ર ન સંશયઃ' સર્વોત્તમજીમાં ૧૦૮ નામ છે તે પ્રત્યેક નામ અધરામૃતની સીધ્ધીદાયક છે. પ્રભુની સેવા અને સ્મરણમાં ઉપયોગી સત્સંગ છે સતસંગથી સેવાની રીતિ ભાવ ભાવનાં દઢ થાય છે. માટે સત્સંગમાં પ્રીતિ રાખી પ્રભુના દાસોની સાથે પ્રેમ ભાવ રાખીયે કે



આતો આપણા સાથી છે ભક્તિ માર્ગમાં ચાલતા આવો સુંદર સાથ મળે તો જલદી વાટ પુરી થાય ને મૂળસ્થાને પહુંચાય, મતલબકે ભગવદ્ પ્રાપ્તિમાં સહાયક સતસંગ છે મનમાં વિચાર કરીએ કે માનવ દેહ ધરીને સુકૃત કર્મ જે કાંઇ છે તે ભગવદ્ ભક્તિ જ છે, અન્ય જન્મમાં સુલભ નથી. આમ દઢતા રાખીને માર્ગની રીતિ અનુસાર સેવા, સુમરણ, સતસંગ, ભગવદ્ ભક્તિથી પ્રીત રાખી માનવ દેહને સુફલ બનાવો. પ્રભુની સેવા કરી દાસ ધર્મની રીત પાળીએ સ્નેહ ભાવથી પ્રભુને રીઝાવીએ ઈનકે હાથ બિકાઈએ તે શ્રી વલ્લભનું શરણ દીપાવીએ એનાં જ બનીને રહીએ, અન્ય જગો ચિત્તની વૃતિને જવા ન દેવી, જેનાથી પ્રસન્ન થઈ શ્રી વલ્લભ પ્રભુનાં કૃપાપાત્ર બનીને રહીએ.

## પદ ૧૫૪મું

**શ્રી ગોવર્ધન વાસી સાંવરે લાલ તુમ બિના રહ્યો ન જાય હો ।**
**શ્રી વૃજરાજ લડેં તે લાડીલે લાલ તુમ બિના રહ્યો ન જાય હો. ટેક**
**બંક ચિતે મુસકાય કે લાલ સુંદર વદન દિખાય હો**
**લોચન તલપે મિન જ્યોં લાલ પલ છીન કલ્પ વિહાય હો ॥૧॥**
**સપ્તક સ્વર બંધાન સો લાલ મોહન બેનુ બજાય હો ।**
**સુરત સુહાઇ બાંધિકે નેક મધુરે મધુરે સ્વર ગાય હો ॥૨॥**
**રસિક રસીલી બોલની લાલ ગિરિ ચટ ગૈયા બુલાય હો ।**
**ગાંગ બુલાઇ ધુમરી નેક ઉચી ટેર સુનાય હો ॥૩॥**
**દ્રષ્ટિ પરી જા દિવસ તે લાલ તબતે રૂચે ન આન હો ।**
**રજની નીંદ ન આવહી મોહી બિસર્યો ભોજન પાન હો ॥૪॥**
**દરસનકો નયના તપે લાલ વચન સૂનન કો કાન હો ।**
**મિલવે કો હિયરા તપે મેરે જીય કે જીવન પ્રાન હો ॥૫॥**
**મન અભિલાષા વ્હે રહી લાલ લાગત નયન નિમેષ હો ।**
**ઇકટક દેખો આવતો પ્યારો નાગર નટવર ભેષ હો ॥૬॥**
**પૂરણ શશી મુખ દેખિકે લાલ ચિત્ત ચોટયો વાહી ઔર હો ।**
**રૂપ સુધારસ પાન કે લાલ સાદર કુમુદ ચકોર હો ॥૭॥**
**લોક લાજ કુલ વેદકી લાલ છાંડયો સકલ વિવેક હો ।**
**કમલ કલી રવિ જયોં બઢે લાલ છીન છીન પ્રીતિ વિશેષ હો ॥૮॥**
**મન્મય કોટીક વારને લાલ દેખત ડગમગી ચાલ હો ।**
**ચુવતિ જન મન ફંદના લાલ અંબુજ નયન વિશાલ હો ॥૯॥**
**યહ રટ લાગી લાડીલે લાલ જૈસે ચાતક મોર હો ।**
**પ્રેમ નીર વરષા કરો લાલ નવ ઘન નંદ કિશોર હો ॥૧૦॥**

**કુંજ ભવન ક્રિડા કરો લાલ સુખ નિધિ મદન ગોપાલ હો ।**
**હમ શ્રી વૃંદાવન માલતી તુમ ભોગી ભમર ભુપાલ હો ॥૧૧॥**
**યુગયુગ અવિચલ રાખિયે લાલ યહ સુખ શૈલ નિવાસ હો ।**
**શ્રી ગોવર્ધન ધર રૂપપે બલ જાય ચત્રભુજ દાસ હો ॥૧૨॥**

**સાખી**

**શ્યામ વરણ ગિરિવરધરણ ગોપિનકે ચિતચોર**
**શ્રી વૃજરાજ કુંવર મેરે મન વસો સુંદર નંદ કિશોર**

ઉપર મુજબ ચત્રભૂજદાસજીએ બાર કડીનું પદ ગાયું છે.

**ભાવાર્થ** - શ્યામસુંદર ગિરિરાજને ધારણ કરવાવાળા શ્રી વૃજરાજકુંવર નંદરાયજીનાં લાડીલા, આપ મારા મનમાં બિરાજો. જે ગોપીજનોનાં ચિતનાં ચોર છે. જેનું ચિત્ત ચોરી લીધું છે. એવા ગોપીજનોનાં પ્રાણ પ્રિય, ગોપિજનોની ભાવનાં સર્વ શ્રેષ્ઠ છે. જેમની સર્વ સમપર્ણની ભાવનાનું સર્વ જગો ગુણ ગાન થાય છે. જેમણે લોકલાજ, કુલકાન છોડી એક નંદનંદને જ પ્રાપ્ત કર્યા છે. અને આ લોક પરલોકની ચિંતા કરી નથી જે કાંઇ છે તે નંદકુમારનું છે. તેઓ કહેતા મન તો એક જ હોય તે ચોરી લીધું છે તેથી બીજું કાંઇ વિચારવાને સ્થાન જ નથી. તેથી જ ભગવદીયો ગાય છે કે 'ગોપી પ્રેમકી ધ્વજા' તેમજ શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે, કે ગોપીજનોનાં ભાવનો જ આ પુષ્ટિ માર્ગ છે. જુઓ દાન, માન, હોરી, મિલન, વિછુડન, વિરહ, તાપ વિગેરે એ મુજબ ચત્રભુજદાસજીએ વિરહ તાપમાં મગ્ન થઇ અને આ પદ ગાયું છે. અષ્ટ સખાઓ સારસ્વત કલ્પમાં પ્રભુનાં સંગી હતા. તેઓ શ્રી વલ્લભ અવતારમાં પ્રગટ થયા અને જેમણે પ્રથમ પ્રભુની સાથે બધી લીલાઓમાં આનંદ લીધો છે. તે હિસાબે કીર્તન રૂપમાં બધી લીલાનું ગાન કર્યું છે. જેથી જ પ્રભુની સન્મુખમાં અષ્ટ સખાઓની વાણી જ ગવાય છે. જેઓ ગૌલોક ધામમાં પણ સાથે જ હતા. તેથી તેમનાં ગાનમાં ગૌલોકની ભાવનાં ઉભરી આવે છે. વેણુ વાદનથી ચિત્ત ચોરવું ગૌચારન વિગેરેની સ્મૃતિમાં તે તે વસ્તુનું ચત્રભૂજ દાસજીએ કીર્તનનાં રૂપમાં ગાયું છે. શ્રી નાથજીનાં વિરહમાં પોતે શ્રીજી સાથે સખા ભાવથી લીધેલું સુખ, અત્યારે વિરહદશામાં એક એકની યાદી કરતાં વિરહ દશાને પ્રાપ્ત થયા. જેની વિનતી સાંભળી શ્રી નાથજી મથુરાથી ગિરિરાજજી પધાર્યા હતા. મથુરા પધાર્યા સં. ૧૬૨૩. અને પાછા ગિરિરાજજી પધાર્યા સં.૧૬૨૩ વૈશાખ સુદી ૧૩નાં સાંજે આગલે દિવસે ચત્રભૂજ દાસજી ગાયેલું.



**શ્રી ગોવર્ધન વાસી સાંવરે લાલ તુમ બિન રહ્યો ન જાય**

દ્વાદશ કડીનું કિર્તન ચત્રભૂજદાસજીએ ગાયું, દ્વાદશનો ભાવ

(૧) દ્વાદશ શક્તિ પ્રભુની છે
(૨) શ્રી મદ્ ભાગવત શ્રીનાથજીના દ્વાદશ અંગ છે
(૩) લીલામાં દ્વાદશ નિકુંજો છે.
(૪) બાર ધ્વારી
(૫) બાર વનો
(૬) બાર ઉપવનો છે
(૭) દ્વાદશ કડી તે શ્રીજીનાં દ્વાદશ અંગનાં ભાવની છે.
(૮) ભગવાનની દ્વાદશ શક્તિ છે જેનાં નામ શ્રી, પુષ્ટિ, ગિરા, કાંતિ, કિર્તિ, તુષ્ટિ, ઈલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ, માયા.

સાખી - બંક, સપ્ત, રસ દ્રષ્ટ હે, દર્શન, મન અભિલાષ, પુરણ, લોક લાજ, મન્મથ, રટણ, કુંજ સદન, નિજવાસ,

(૧) બંક - બંક ચિત્તે મુસાકાઈકે - દર્શન અભિલાષ બાંકી ચિતવની
(૨) સપ્ત સ્વર - સાત સ્વરોનાં બંધનથી ગાન, વેણુ વાદન
(૩) રસિક - રસભરી વાણી રસિક વાણીમાં છૂપાયેલા ભાવો
(૪) દ્રષ્ટિ - સુંદર આપની દ્રષ્ટિમાં રહેલા ભાવો
(૫) દર્શન - દર્શનાભિલાષા દર્શન માટે તિવ્ર ભાવ નયના તપે
(૬) મન - માનસિક વૃતિ અભિલાષા મનનાં ઉડતા અનેક તરંગો
(૭) પૂરણ - પૂરણ શશીમુખનાં દર્શન કર્યા ઈકટક દ્રષ્ટિથી આંખની પલક ના લાગે
(૮) લોક - લોક લાજ વેદ મર્યાદા આપની ઝાંખી કરતાં લોક વેદકાન છૂટી
(૯) મન્મથ - કોટી કામ ન્યોછાવર આપનાં સ્વરૂપ સુંદર ઉપર કોટી કામ ન્યોછાવર
(૧૦) રટણ - ચાતકસી રટનાં ચાતક પક્ષીની સમાન રટણ.
(૧૧) કુંજ - કુંજ નિંકુજો થયેલી લીલાની સ્મૃતિ પૂર્વે સુખ લીધું છે તેની સ્મૃતિ
(૧૨) નિજવાસ - સદા જતિપુરા બિરાજવાની વિનંતી

ચત્રભૂજદાસજીએ આ પદ ક્યારે ગાયું હતું. ?

એકવાર શ્રી ગુંસાઈજી પરદેશ પધાર્યા હતા. શ્રી ગિરિધરજી શ્રીજીની સેવા કરતાં હતા. નિત્ય નવા વાઘા, વસ્ત્ર, નિત્ય નવી સામગ્રી કરી શ્રીજીની સેવામાં ઓત પ્રોત થઇ રહેતા. શ્રીજીની પ્રસન્નતા જાળવતાં સેવામાં પુરી સાવધાની

જાળવતાં કે રખેને શ્રીજીને શ્રમ પડી જાય અને કાકાજી પધારે ત્યારે શ્રીજી તેમને સંભળાવે. (અત્રે તો તન મન ધન) શ્રીજીને લાડ લડાવવા આવો વિચાર આવતો.

એકવાર શ્રીજીએ આજ્ઞા કરીકે અમે મથુરા તમારે ઘેરે પધારશું. આ સાંભળીને શ્રી ગિરધરજીએ એક નવો સુંદર રથ સિધ્ધ કરાવ્યો અને દંડોતી શિલા ઉપર ઉભો રાખ્યો અને શ્રીજીને પોતાનાં ખભા ઉપર બેસાડીને નીચે આવી રથમાં પધરાવ્યા હતા. જેમનાં હૃદયમાં આનંદ ઉછળી રહ્યો હતો. આનંદભેર મથુરા આવી પહોંચ્યા અને સતઘરાની પાછલી દિવાલને કોચીને ભિતર પધરાવ્યા હતા. શ્રીજી મથુરા પધાર્યા ત્યારે શ્રી ગુસાંઈજીનો પૂરો પરિવાર શ્રીજીની સેવામાં લાગી ગયા. બધા મળી સેવાનો આનંદ લેતા અને ભગદીયો પણ દર્શનનો લાભ લેતા, આનંદ આનંદ મગ્ન રહેતા. બીજા મથુરા વાસીયો ઉત્સાહીત બની ગયા હતા. જાણે પ્રેમની છોળ ઉછળતી હોય યમુનાજી તો ગંભીર રીતે વહેતા પણ અત્રે તો આનંદની છોળ ઉછળતી રહેતી ત્યારે આ તરફ જતીપૂરામાં અષ્ટ સખાઓ જેઓ સમય સમય પર કીર્તન કરી દર્શનનો લાભ લેતા તેમનું સુખ છિનવાઈ ગયું હતું. તેમજ વૃજવાસીઓ પણ શ્રીજીનાં દર્શન વિના વિપ્રયોગનો અનુભવ કરતાં દુઃખી હતા, અષ્ટ સખાઓ વિશેષ વિરહનો અનુભવ કરતા, સમય સમય પર કીર્તનો કરતા નિત્ય લીલા નિત્ય નૌતમ રીતે ગાન કરતા તેઓ હવે શ્રીજી ક્યારે પધારશે તેનો વિરહ તેમને સતાવતો, ઉગ્ર રૂપમાં આવી પહોંચ્યો હતો. રોજ રોજ વિરહના કીર્તનોનું ગાન કરતા અધીરા બન્યા હતા તેમાં ચત્રભૂજદાસજીનો વિરહ તીવ્ર બની ગયો. ચત્રભૂજદાસજીને આંખોમાંથી આંસુ રોક્યા રોકાતા નહી. એક દિવસ ગિરિરાજજી ઉપર શ્રીજીનાં મંદિરની સામે બેસીને વિરહદશામાં વ્યાકુલ અવસ્થામાં વિનતી કરીકે પ્રભુ હવે તો પધારો, તે પદ ગોવર્ધન વાસી સાંવરે લાલનું ગાયું હતું. આમ તેમની વિનંતિ સૂણી શ્રીજીએ શ્રી ગિરિધરજીને આજ્ઞા કરી કે મને હવે કાલે જ જતીપૂરા પધરાવો. મારા સખાઓ અધીરા બન્યા છે. અને શ્રી ગુંસાઈજીને પણ હવે પધારવાનો સમય થયો છે. જો મને મંદિરમાં નહી જુએ તો વ્યાકુલ બની જશે.

આ આજ્ઞાનું પાલન કરવા વૈશાક સુદી ૧૪ નૃસિંહ જયંતિના દિવસે મથુરાથી શ્રીજીને પ્રથમની માફક પોતાના ખંભા ઉપર બેસાડીને રથમાં પધરાવી, મથુરાથી નીકળી જતીપુરા દંડોતી શિલા પાસેથી પોતાનાં ખંભા પર બેસાડી ઉપર મંદિરમાં પધરાવ્યા. ત્યારે શ્રીજી ઠેકડો મારીને નિજસ્થાન ઉપર બિરાજ્યા આ વખતે જતીપુરા વાસીયો તથા અષ્ટ સખાઓ આનંદમાં આવી શ્રીજીનો તથા ગિરધરજીનો જય જયકાર બોલતા ગગન ભેદી અવાજથી જય હો જય હો કહી ઉત્સવ મનાવ્યો



હતો. નૃસિંહ જયંતિનો દિવસ હતો તેથી રાજભોગ સેનભોગ ભેળો થયો ત્યારથી આજ સુધી નૃસિંહ જયંતિના બેવાર (સવારે ને સાંજે) રાજભોગ આવે છે. ચત્રભૂજદાસજીએ વિરહ દશામાં ગાયેલું પદ ભાવાર્થ સહિત.

**શ્રી ગોવર્ધન વાસી સાંવરે બાલ તુમ બિન રહ્યો ન જાય હો**

**વૃજરાજ લડૈતે લાડીલે લાલ તુમ બિના રહ્યો ન જાય હો ટેક**

ગોવર્ધન જેમને પ્રિય છે એવા ગોવર્ધનધર, શ્રી ગિરિરાજજીને ટચલી આંગળીએ ધારણ કરવાવાળા વૃજવાસીઓની રક્ષા કરવાવાળા વૃજવાસીનાં દુઃખને દૂર કરવાવાળા (અત્રે સારસ્વત કલ્પની ભાવનાં છે) મારું પણ વિયોગનું દુઃખ દૂર કરો. આપનું અત્રેથી મથુરા પધારવાનું બન્યું ત્યારથી આપનો વિયોગ મારાથી સહન થતો નથી કૃપા કરીને મને આપના દર્શન આપો. આપ તો પ્રાણી માત્રને સુખ પ્રદાન કરાવવાળા હોય મને પણ આપનાં દર્શન આપી દુઃખ દૂર કરી સંયોગ સુખ આપો. શ્રી વૃજરાજ કુંવર નંદરાયનાં લાડકવાયા યશોદાનાં પ્રાણપ્રિય મારો આર્તનાદ સાંભળી મને દર્શન આપો આમ કહેતા વિરહ દશામાં તલ્લીન થઈ ગાન કર્યું જેમાં ગૌલોક, કૃષ્ણવતાર અને શ્રી વલ્લભ અવતારની લીલા સ્મૃતિવાળું છે.

**બંક ચિતો મુસકાયકે લાલ સુંદર બદન દીખાય હો**

**લોચન તલપે મિન જ્યોં લાલ પલ છિન કલ્પ વિહાય હો**

**ભાવાર્થ** - બાંકી ચિત્તવની વાંકી નજરે જોવું તે ગુપ્ત પ્રેમરૂપી વિવિધ લીલાનો સંકેત બતાવવું આવા પ્રસન્ન વદનથી મને દર્શન આપો. આપની સ્નહભરી દ્રષ્ટિ તે મનને હરણ કરવાવાળી છે. જે દ્રષ્ટિથી ગોપીજનોનાં સર્વાત્મ ભાવને પોષણ મળેલ છે. (અત્રે આવતાં સારસ્વત કલ્પની ગોપીજનોની પ્રીતની સ્મૃતિ આવે છે) આપની વાંકી દ્રષ્ટિ બાંકી ચિત્તવનીથી દ્રષ્ટિ કરતાં પ્રેમની લહરવાળા નેત્રોથી કટાક્ષ રૂપથી ગોપિજનોનાં હૃદયમાં પ્રેમ બાણ લાગી જાય છે. પ્રેમ બાણથી વિંધાઈ જતાં ભક્તજન આપને આધિન બની જાય છે. તેથી તેમનામાં સર્વ સમપર્ણની ભાવના સિધ્ધ થાય છે. તેથી આપનાં સિવાઈ અન્ય કાંઈ તેમને પ્રિય બનતું નથી. આપનાં મુખારવિંદની ઝાંખી થતાં જ ભક્તો આનંદમાં ગરકાવ થઈ અને તેને અન્ય રાગની નિવૃતિ થઈ જાય છે. તેમ મારૂં ચિત્ત મારી આંખોને જોવું કે બીજી કોઈ વસ્તુ ગમતી નથી આંખોની વૃતિ માટે દ્રષ્ટાંત દીધું કે માછલાનું જીવન પાણી છે. તે પાણી વગર પલવાર રહી ન શકે તેમ મારા નેત્રો તડપી રહ્યા છે. એક પળ કલ્પ સમાન જાય છે. માટે કૃપા કરીને શ્રી વૃજરાજકુંવર મને દર્શન આપો, આપ ભક્તોનાં પ્રાણનાં આધાર છો. દયાળુ, શિઘ્ર મને દર્શન આપી મારૂ વિયોગ દુઃખ

દૂર કરો. આમ ગાતાં, પૂર્વનું અનુસંધાન આવે છે. લીલામાં પોતાનું વિમલ રૂપે અનેક સુખ લીધા છે. તેમજ હાલમાં પણ સખા ભાવે રમત ગમત તથા લીલામય પ્રસંગોની શુધ્ધિ આવતાં વિરહમાં વૃધ્ધિ થાય છે. બંકચિત્તે વાંકા પણ આ શબ્દ ચત્રભૂજદાસજીએ એ માટે કહ્યો કે વાંકામાં છૂપી પ્રીત છે અને તે રસરૂપ હોય છે. મૃદુ હાસ્ય, વાંકી નજર તે અનેક ભાવનું સુચન કરે છે. જેમ કે નાયક હોય તે સુંદર રૂપ ગુણોથી યુકત હોઈ તો પણ વાંકા પણું નહી હોય તો અધુરું ગણાય. નાયકનું વાંકાપણું તે જ રસમાં વૃધ્ધિ કરવાવાળું છે. જેમ કે વાંકાપણું નીચે મુજબ

**ગીરીધર સબ હી અંગતે બાંકો**

**બાંકી ચાલ ચલત ગોકુલમેં છેલ છબિલો કાકો**

**બાંકી ભ્રોંહ ચલત ગતિ બાંકી બાંકો હ્રદયો તાકો**

આ પદમાં પુરૂ પદ પ્રભુના વાંકાપણાનું વર્ણન છે. બાંકી ચાલ, બાંકી ભ્રોંહ બાંકી ચિતવની, વાંકુ બોલવું આમ સર્વાંગ વાંકાપણુ બતાવ્યું છે. અને વાંકાપણામાં સામેથી કહ્યું છે કે ગિરિધરનું હૃદય પણ વાંકુ છે. વૃજજનોને મોહ ઉત્પન્ન કરવા વાળાનું પ્રત્યેક અંગ વાંકુ બતાવ્યું છે. તે પ્રત્યેક વાંકુઅંગ મનને હરવાવાળું અને સર્વરસને પ્રકટ કરી ભાવ ઉદ્દીપન કરવાવાળું છે. આ રસરૂપ આપની વાંકી ચિતવની વાળું મુખારવિંદના મને દર્શન આપો.

**સપ્તક સ્વર બંધાન સોં લાલ મોહન વેણુ બજાય હો**

**સુરત સુહાઇ બાંધિકે નેક મધુરે મધુરે સ્વર ગાય હો (૨)**

**ભાવાર્થ** - ભાવને ઉદ્દીપન કરવાવાળી વેણુ સાત સ્વરનાં બંધનમાં વગાડો વેણુની મધુર મધુર અવાજથી વૃજ ભક્તોને ભાવનાં જાગૃત કરાવી હતી. મુરલી જુદીજુદી રીતે નાદ કરે છે. અને જેને માટે નાદ કર્યો હોય તેને જ સ્પર્શ કરે છે. મુકુન્દ ભગવાન નિચલા હોઠ ઉપર રાખીને વેણુનાદ કરે છે તે સાંભળીને દેવતાઓની સ્ત્રીઓ મોહ પામે છે, એટલું જ નહી તેઓ બેભાન થઈને મૂર્છા પામે છે. વેણુને ડાબી બાજુએ રાખી નાદ કરે છે ત્યારે સ્ત્રીઓને મોહ પમાડે છે. જમણી બાજુ રાખીને વગાડે ત્યારે સ્ત્રી અને પુરુષો બંનેને મોહ પમાડે છે. વેણુને સમાન રાખી વગાડે ત્યારે જડ ચૈતન્યનાં પદાર્થોને તથા પ્રાણીયોની કામનાને જાગૃત કરે છે. નિજ ભક્તોને માટે મધુર મધુર સ્વરથી સંકેત કરે છે. આવા મધુર સ્વરથી ગાન કરો. સુંદર વેણુ વાદન કરતું મંદ હાસ્ય કરતું મુખારવિંદનાં મને દર્શન આપો. અત્રે મધુર રસાત્મકની ભાવવાળું વેણુ વાદનની ઈચ્છા કરી છે. વેણુ તો પૃથ્વી, આકાશ, મેઘ, જલ, સ્થળ, પશુ, પક્ષિ, ગાયો સર્વને મોહિત કરવાવાળી છે. આમાં જેને માટે ગાન કર્યું હોય તેને જ મોહિત કરે છે. મુરલીમાં જુદા જુદા ભાવો તાલસ્વરથી પ્રભુ વગાડે છે.



**રસિક રસીલી બોલની લાલ ગિરિ ચઢ ગૈયા બુલાઇ હો**

**ગાંગ બુલાઈ ધુંમરી નેક ઉંચી ટેર સુનાઇ હો ॥૩॥**

**ભાવાર્થ** - પ્રભુ આપ રસિક છો. તેવી જ આવી રસિક મુરલી છે. ગૌચારણ વખતે ગિરિનાં શિખર ઉપરથી ઉંચી ટેરથી ધુંમરી ગાયને બોલાવો છો. ગાય દૂર ચાલી ગઈ હોય તેને રસીલી મુરલીથી પ્રેમાળ ધ્વનિથી પાસ બોલાવતાં ગાય અવાજ સાંભળી આતુરતા પૂર્વક દોડતી આવે છે. પાસ આવતી ઉંચું પુછડું કરી હુંકાર કરી નેત્ર બંને સ્થિર કરી નિહાળતી રહે છે. એમ ગાય પોતાનો સ્નેહ પ્રકટ કરે છે. ગાય આપને પ્રિય છે. તેમ ગાયોને આપ પ્રિય છો. ગાયો પણ પોતાને પ્રભુ બોલાવે છે તેવો નાદ સંકેત સાંભળી દોડી આવે છે. અને પોતાનાં ભાવો તેમની રીતે પ્રકટ કરે છે. રસિક શબ્દથી લીલા સંબંધી ભાવો જણાવે છે રસિક ભાવમાં- મધુરતા, કોમલતા, વાત્સલ્યતા પરસ્પર પ્રેમભાવનાં હોય છે. રસિક શબ્દથી અનેક લીલા સંબંધીની સ્મૃતિ આવે છે. પ્રભુ રસિક છે તેમ રસ શબ્દને જાણવા વાળા ભક્તો પણ રસિક છે. આવી રીતે લીલા સંબંધી અનેક ભાવનાં વિચારતા વધારે વિરહનો અનુભવ કરે છે. ચત્રભૂજદાસજી લીલા સંબંધી રસમયી પ્રસન્નતા પૂર્વક મંદ મંદ હાસ્ય કરતું વેણુવાદન કરતું મુખારવિંદ મને દર્શન આપો તેવી વિનંતી કરે છે.

**દ્રષ્ટિ પરી જા દિવસ તે લાલ તબ તે રૂચે નહી આન હો**

**રજની નિંદ ન આવહી મોહે વિસર્યો ભોજન પાન હો ॥૪॥**

**ભાવાર્થ** - જે દિવસથી આ નયનોથી આપને નિરખ્યા છે તે દિવસથી જ બીજી કોઈ ચીજને જોવાની ઈચ્છા થતી નથી (બીજુ કાંઈ રુચતું નથી) રાત્રિની નીંદ તથા ભોજન પાન બધું અદ્રશ્ય થઈ ગયું છે. ચત્રભૂજદાસજી નો જન્મ પણ શ્રીનાથજીની આજ્ઞાથી થયો હતો. એકવાર કુંભનદાસજીએ શ્રીજીને વિનતી કરીકે મને સત્સંગની જરૂર છે. ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે તમારે ઘેર પુત્ર જન્મ થશે તે મહાન ભગવદ્ ભક્ત હશે તેનો તમને સત્સંગનો લાભ મળશે. જે દિવસે શ્રીનાથજીએ ચાર ભૂજા ધરી દર્શન આપ્યા હતા. તે દિવસે જ કુંભનદાસજીને ઘેર પુત્ર જન્મ થયો તેથી પુત્રનું નામ ચત્રભૂજ રાખ્યું હતું. બાળ અવસ્થામાં જ પિતાની પાસે બેસીને સતસંગ કરતાં, કોઈ લૌકિક મનુષ્ય આવે ત્યારે પાછા મુગ્ધ બાળક બની જતાં, શ્રીજી સાથે જેની પૂર્વની પ્રીતિ હતી તે કહે છે આપની પ્રથમ દ્રષ્ટિ મારા ઉપર પડી છે. ત્યારથી આપનાં સિવાઈ અન્ય કાંઈ ગમતું નથી. આપનું પ્રસન્ન મુખ નિરખી આનંદ માનું છું. પરંતુ આપનાં વિયોગમાં તો મારૂં ખાન પાન નિદ્રા બધી જાતનું સુખ છીનવાઈ ગયું છે. અત્યારે આપનાં દર્શન દૂર્લભ થયાં છે. આપ અત્રે પધારો તેની રાહમાં

દિવસો પસાર કરું છું. હવે આ વિયોગનો અંત ક્યારે આવશે ? આવું રટણ કરતું મન અધુરૂં બની ગયું છે માટે આપ અત્રે પધારો દર્શન આપી મારા નયનોને તૃપ્ત કરો. દર્શનની પ્યાસ બુઝાવો.

**દર્શનકો નયનાં તપે લાલ વચન સુનતકો કાન હો**
**મિલવેકો હિયરા તપે મેરે જીયકે જીવન પ્રાન હો ॥૫॥**

**ભાવાર્થ** - હે પ્રભુ, હું મારા તન મનની શી વાત કરું, દર્શન માટે નયનાં તપી રહ્યા છે. તે આંસુ વહે છે પણ શાન્ત બનતાં નથી તેમજ આ મારા બંને કાનો આપની સુમધુર વાણી સાંભળવા તલપી રહ્યા છે. અને મળવા માટે મારૂ હૈયુ તલપી રહ્યું છે. આપ મારા જીવનાં જીવન પ્રાણ રૂપ છો. દેહને જીવનો સાથ જરૂરી છે. મારા પ્રાણ રૂપ આપ મને દર્શન આપો.

**મન અભિલાષા વ્હે રહી લાલ લાગત નયન નિમેષ હો ।**
**ઇક ટક દેખું આપનો પ્યારો નાગર નટવર ભેષ હો ॥૬॥**

**ભાવાર્થ** - હે પ્રભુ આપનાં દર્શન ની અભિલાષા મારા મનની વધતી રહી છે. તેનાં અનુસંધાનમાં મારી આંખોની પલક બિડાતી નથી. જેમ ચાતકને સ્વાતિ નક્ષત્રની રટનાં લાગવાથી સ્વાતિ સ્વાતિ રટતું જ રહે છે. તેને બીજા નક્ષત્રનું જલ તથા પૃથ્વી પર નદી તળાવ સરોવર વિગેરેનાં જળથી તૃપ્તિ થતી નથી, તેથી તેવા જળ તરફ તેનું ધ્યાન જ હોતું નથી તેમ મારા ચાતક રૂપી નેત્રો આપનાં મુખદર્શન સિવાય અન્ય જગો જોવાનું ચાહતું નથી.

અત્રે પ્રભુનું નટવર રૂપ કે જે ગૌચારણ લીલામાં રાસલીલા વિગેરેમાં ખાસ શૃંગાર ધારણ કરેલ હોય છે શ્રી શુકદેવજીએ પણ નટવર રૂપનું ધ્યાન કરેલ છે. 'બર્હાપીડં નટવર વપુઃ' જેમનાં શ્રી મસ્તક ઉપર મોર પિચ્છ ધારણ કર્યું છે. નટવર ભેષ ધારણ કર્યો છે આવા સ્વરૂપ દર્શન માટે તલપું છું મારૂ મન, મારા નેત્રો આપનાં નટવર રૂપને નિરખતાં મારા નયનોનાં પલક ખુલ્લાજ રહે છે આડી આવતી પાપણ સ્થિર થઈ જાય છે. ઈકટક નજરે આવા રૂપ સૌંદર્યનું દર્શન કર્યા જ કરૂં.

અથવા તો હે નટનાગર આપનાં સુંદર રૂપ નિહાળવા મારા નયનો પધારવાની રાહ જોતા પલક લાગતી નથી આવો તિવ્ર વિરહ શ્રીજી સહન કરી શક્યા નહી અને તે જ દિવસે ગાયોનાં ધણ સાથે બલરામજી સહીત સાંઝ સમે ઘેર પધારતા દર્શન દીધા. ચત્રભૂજદાસજી દર્શન કરતાં નટનાગર રૂપ જોઈ કહે છે કે આ ગૌચારણ વેષને ઈકટક નજરે હું નિરખ્યા કરૂં. ત્યારે શ્રીજીએ આજ્ઞા કરી કે ધીરજ ધરો અમે કાલે જ અત્રે પધારશું આ દિવસ વૈશાખ સુદી ૧ ઉનો હતો આનું અનુસંધાન પૂરણ શશિ મુખ દેખિકે. તેમાં મળે છે.



**પૂરન શશિ મુખ દેખિકે લાલ ચિત્ત ચોટયો વાહી ઓર હો ।**
**રૂપ સુધારસ પાન કે લાલ સાદર કુમુદ ચકોર હો ॥૭॥**

**ભાવાર્થ** - પરસ્પર નેત્રોનું સુખ અત્રે ચંદ્ર ચકોરનું દ્રષ્ટાંત આપ્યું છે પ્રભુ ! આપ પૂરણચંદ્ર રૂપ છો. તેને મારા નેત્રરૂપી ચકોર તે દર્શન કરતાં અધાતા નથી, મારૂં ચિત્ત આપમાં જ લાગી રહે છે. જેમ ચકોર એક ટક ચંદ્રનાં સામુ નિહાળતા તેમાં જ મુગ્ધ બને છે અને ચંદ્ર પણ તેને પોતાનાં કિરણો દ્વારા અમૃત વરસાવે છે. તેમ આપ પૂર્ણચંદ્ર રૂપ હોય કુમુદ ચકોરની ઈચ્છા પૂર્ણ કરો, જેમ ચકોર એકટક નજરે ચંદ્ર સામું જોઈ રહે છે. તેમ હું આપનાં દર્શન કરતાં મારા નયનોની પાપણ સ્થિર કરી ઈકટક આપનાં મુખ ચંદ્રનું નયનો દ્વારા પાન કરૂં. મનની ગતિ વિરહ દશામાં આતુર બનેલી આપનાથી દૂર રહી શકતી નથી.

**લોક લાજ કુલ વેદકી લાલ છાંડયો સકલ વિવેક હો ।**
**કમલ કલી રવિ જ્યોં બઢે લાલ છિન છિન પ્રીતિ વિશેષ હો ॥૮॥**

**ભાવાર્થ** - હે પ્રભુ આપનાં લાવણ્ય સ્વરૂપમાં લોભાયમાન થઈ અને લોક લાજ, કુલકાન, વેદમર્યાદા વિગેરે છોડી દીધી છે મતલબકે તે સર્વેનું વિસ્મરણ થઈ ચૂક્યું છે. (અત્રે ગોપિજનો સદશ ભાવનાં બતાવી છે જેઓ સારસ્વત કલ્પની લીલામાં સમ્મીલીત હતા, તે સમયની સ્મૃતિ અત્રે બતાવી છે.)

કમલકોષ સૂર્યોદય થતાં જ ખીલીને પોતાની સુંદરતા વિખેરે છે. જેમ કમલને સૂર્યથી પ્રીત છે. તે સાંજે સૂર્ય અસ્ત થતાં કમલકોષ બિડાઈ જાય છે. જેમ જેમ પ્રાત : કાળ સૂર્યોદય પછી પ્રકાશ વધતો જાય તેમ હું કમલની કલીરૂપ આપ સૂર્ય રૂપ છો કમલ કલી ને વિકસિત કરવાવાળા છો. આપનાં દર્શન કરતાં ક્ષણ ક્ષણમાં પ્રીતિમાં વધારો થાય છે. જેને વાણી દ્વારા વર્ણવી શકાતું નથી આપ મારા અંતરની ગતિ જાણો છો.

**મન્મથ કોટિક વારણે લાલ દેખત ડગમગી ચાલ હો ।**
**યુવતિ જન મન ફંદના લાલ અંબુજ નયન વિશાલ હો ॥૯॥**

**ભાવાર્થ** - હે પ્રભુ આપની ડગડગી ચાલ જોઈને કોટીક કામદેવ વારી જાય છે. બાલ્યાવસ્થામાં ખાસ ડગમગી ચાલ સુંદર લોભાવની હોય છે. અત્રે સારસ્વત કલ્પની લીલાની સ્મૃતિ આવતા કહે છે કે 'યુવતિ જન મન ફંદના', વૃજયુવતીના મનમાં વસેલા, તેના ચિત્તના ચોર, આપનાં વિશાલ સુંદર નેત્રો જોઈ કોઈપણ આપમાં મોહિત થયા વગર રહે જ નહી. કમલ સરખા નેત્રો નિરખિને ચિત્તની વૃતિ આપમાં જ લાગી રહે છે. દર્શન માત્રથી સર્વ સમર્પણની ભાવનાંથી જ તેમાં જ વૃતિ સ્થિર રહે છે. ભલે પછી ગૃહ કાર્ય કાંઈપણ કરતાં હોઈ તે તો યંત્રવત્

બનતું ચિત્તની સ્થિરતા તો કેવળ આપનામાંજ રહે છે. આવા યુવતિ જન મન ફંદના મને દર્શન આપો.

**યહ રટ લાગી લાડીલે લાલ જૈસે ચાતક મોર હો ।**
**પ્રેમ નિર વરષા કરો લાલ નવઘન નંદ કિશોર હો ॥૧૦॥**

**ભાવાર્થ** - હે નંદકિશોર, જેમ મોર પપૈયા, ચાતક વિગેરે મેઘથી પ્રીતિ કરી રહે છે. તેથી મેઘની રાહમાં પોતે આવાહન કરતા હોય છે. તેમ પોતાની વાણી દ્વારા ઉપાસે છે. અને મેઘ વરસવાથી આનંદ માને છે. તેવી રીતે આપ શ્યામ સુંદર મેઘ રૂપ છો. મને હવે ચાતક મોર જેવી રટના લાગી છે. જેમ મેઘ જડ તેની ઈચ્છાને પૂર્ણ કરે છે. તેમ મારી આશા છે હે, શ્યામઘન, પ્રેમરૂપી નીરની વર્ષા કરીને મારી આશા પૂર્ણ કરો. તાત્પર્ય-શ્યામ સુંદર, કમલદલલોચન કોટી મન્મથ મન્મથ કોટી કામને લજાવે એવા આપનું સ્વરૂપ જે છે તેનાં દર્શન આપો.

**કુંજ ભવન ક્રિડા કરો લાલ સુખ નિધિ મદન ગોપાલ હો ।**
**હમ શ્રી વૃંદાવન માલતી તુમ ભોગી ભ્રમર ભુપાલ હો ॥૧૧॥**

**ભાવાર્થ** - પ્રભુ આપની નિત્યલીલા કુંજ ભવનમાં અવિચલ થતી રહે છે. તેમાં અનેક ભક્તો લીલામાં આનંદની વૃધ્ધિ કરાવે છે. વૃંદાવન અનેક લીલાનું સ્થાન છે. આમ કહેતાં વૃંદાવનની તથા ગોવર્ધનની લીલાઓ બધી યાદ આવે છે. વૃંદાવનની સુંદર પુષ્પોની વનરાઈ જ્યાં અનેક તરેહનાં પુષ્પો પ્રાતઃ કાલ ખિલી ઉઠે છે. જેમ પુષ્પોની પરાગ ભ્રમર લીયે છે. તેમ અમે વૃંદાવનની માલતી રૂપ અને આપ ભોગી ભ્રમર બની અમારામાં ભાવ રૂપી રહેલ પરાગનું આપ આસ્વાદન કરો વિરહ દશામાં, પ્રભુની સાથે લીલાનાં આનંદની વારંવાર સ્મૃતિ આવે છે. તેમ્ તેમ હૃદય ભરાઈ આવે છે તે જ પ્રમાણે ગોવર્ધન ગિરિપર બિરાજતાં પ્રભુ તે સ્થળની લીલાઓની સ્મૃતિ આવે છે. એકવાર શ્રી ગુસાંઈજીએ ચત્રભૂજદાસજીને આજ્ઞા કરી કે અપસરા કુંડથી તમે ભીતરીયાને બોલાવી લાવો, વળતા ફૂલ વિણતા આવજો, તે મુજબ વળતા ગિરિકંદરામાંથી યુગલ સ્વરૂપ બહાર પધારતા દર્શન કરી એક કીર્તન ગાયું હતું. તેની સ્મૃતિ આવતા ભાવ વિભોર બની ગયા હતા.

**ગોવર્ધન ગિરિ સઘન કંદરા રેન નિવાસ કિયો પિય પ્યારી**
**ઉઠચલે ભોર સુરત રંગભીને નંદનંદન વૃષભાન દુલારી**

આ કીર્તન ગાયું ત્યારે શ્રી સ્વામિનિજી બહુ જ પ્રસન્ન થયા હતા. તેની ભાવના નીચે મુજબ હતી. યુગલ સ્વરૂપ બાહર પધારતાં જ ચત્રભૂજદાસે તે સમય ગાયું હતું કે ગિરિકંદરામાં રાત્રિ શયન કરી બહાર પધારતાં યુગલ સ્વરૂપનાં વસ્ત્રાદિક અવનવી રીતે, અટપટી પાગ, રગમગી સાડી, આ તરફ પુષ્પોની કુમળાયેલી પણ સુંદર માલા, રગમગી ચાલ, એવી કે જાણે રણ જીતીને પધારતા, શ્રમિત અને ગર્વ



ભરેલી ચાલ જાણે કેમ કરણી સંગે ગજ રૂપ ગિરધારી જેવી ચાલ ચાલતાં, આ લીલાને કોઈ જાણતું નથી તેમ યુગલ સ્વરૂપ માનતા, ત્યાંજ ચત્રભુજદાસ આ લીલાનાં દર્શન કરીને તે વખતે પદ ગાયું હતું. આમ અનેક લીલાઓની સ્મૃતિ આવતી રહે છે. પ્રભુ શ્રી ગોવર્ધનધર મને દર્શન આપો. તે રટણ વધતું રહે છે.

**યુગ યુગ અવિચલ રખિયે લાલ યહ સુખ શૈલ નિવાસ હો ।**
**શ્રી ગોવર્ધનધર રૂપે બલ જાય ચતુરભુજદાસ હો ॥૧૨॥**

**ભાવાર્થ** - વિરહ દશામાં લીલારસમાં મગ્ન બનેલા ચત્રભુજદાસજી કહે છે, વારી જાઉં શ્રીજી આપનાં ગોવર્ધનધર રૂપ ઉપર. આપ આ સુખ ગોવર્ધનમાં સદા બિરાજમાન રહીને આપતાં રહેજો. પ્રભુ વૃજ છોડીને ક્યાંય જતા નથી, દિવસે નાથધ્વારામા બિરાજે છે. શયન તો જતીપુરામાં કરે છે. અત્રે શયનમાં દર્શન આપે છે. વૃજવાસીયો તથા બહાર ગામનાં વૈષ્ણવો સૌ આનંદ માને છે. રોજ સવારથી સાંજ સુધી સ્નાન શૃંગાર ભોગ સામગ્રી ચાલુ જ રહે છે. તેમજ ગોસ્વામિ બાળકો, કુંનવારા, છપ્પનભોગ વિગેરે આરોગાવી શ્રીજીને લાડ લડાવેજ છે. યુગ યુગ અવિચલ રાખજો આ વિનંતી શ્રીજીએ સ્વીકારી જ છે. જ્યાં પ્રભુ ત્યાં ભક્તો સાથે હોય જ છે. અદ્યાપિ નિત્ય લીલા ત્યાં ચાલુ જ છે. પ્રભુ એક કાલાવછિન્ન સર્વત્ર સર્વ લીલા કરે છે. શ્રી મહાપ્રભુજી સદા શ્રી ગિરિરાજજીમાં બિરાજે છે.

**સાખી**

**યહ મેરે અભિલાષ હે પૂરો નંદકુમાર**
**યહ છબિપર કોટીક વારને તન મન પ્રાણ આધાર**

**સાખી**

**કહા કહું રસનાં એક હે નહી હે લક્ષ કરોડ**
**કૈસે કરકે વરણવું દાસ સદા કર જોડ**

આ બંન્ને સાખીનો અર્થ સરળ છે. આવી રીતની મારી અભિલાષા છે. તેને પ્રભુ આપ પૂર્ણ કરો આપનાં આ રૂપ સ્વરૂપ પર કોટીક વાર હું વારી જાઉં. મારા તન મનને પ્રાણનાં આધાર રૂપ છો. શું કરૂં ? આપની લીલાનું ગાન કેવી રીતે કરૂં? માટે કોઈ લાખ કે કરોડ જીભ હોત તો વિશેષ ગાન કરી શકત માટે કેવળ બે હાથ જોડીને સદા સન્મુખ રહું એટલું જ માંગુ છું.

પ્રમેય બળ- ચત્રભુજદાસજી જ્યારે ૧૧ દિવસનાં હતા ત્યારે નામ પમાવ્યું હતું. અને ૪૧ દિવસનાં થયા ત્યારે નામ નિવેદન (બ્રહ્મસંબંધ) મળ્યું હતું. અજ્ઞાન બાલક હોવા છતાં શ્રી ગુસાંઈજીએ પ્રમેય બળથી અલૌકિક સામર્થ્ય તેઓમાં મુક્યું હતું. શ્રીનાથજીએ તેમને અંતરંગ સખા તરીકે રાખ્યા હતા. તેમજ યુગલ સ્વરૂપની લીલામાં મધ્યવર્તી બનવાની કૃપા કરી હતી. ખેલનાં સમયે સખા ભાવે ખેલતા.

એકવાર શ્રીજી ચત્રભુજદાસજીને સાથે લઈને એક વૃજવાસીને ઘેરે ચોરી કરવા પધાર્યા હતા. છીંકો ઉંચો હતો તેથી ચત્રભુજદાસજીની પીઠ ઉપર ચઢી શ્રીજી મટકામાંથી માખન મુખારવિંદમાં ધરતાં જાય, ચત્રભુજદાસજી સમજતા હતા કે મટુકી લઈ નીચે ઉતરી મને માખણ આપશે. ત્યાં તો ઘર ધણી આવી પહોંચ્યા, ત્યારે શ્રીજી તો ત્યાંથી પધારી ગયા અને ચત્રભુજદાસજી પકડાઈ ગયા પછી શ્રીજી પાસે આવીને કહ્યું કે માખણ તો તમે ખાધું અને માર મને પડ્યો. તમે તો તુરત પધારી ગયા, હું પકડાઈ ગયો. મને ચોર સમજીને માર્યો, ત્યારે શ્રીજીએ કહ્યું કે તારામાં સામર્થ્ય તો હતું તારે નાસી જવું હતું.

ચત્રભુજદાસજી યુગલ સ્વરૂપની ગુપ્ત લીલામાં પણ મધ્યવર્તી હતા. જેથી જે જે લીલાઓ એકાંતની થતી તે લીલાઓનું તુરત જ કીર્તન કરી ગાન કરતા અને ગુપ્ત લીલાઓનું ગાન સાંભળી યુગલ સ્વરૂપ પ્રસન્ન રહેતા. જ્યારે ગોવર્ધન ગિરિ સઘન કંદરા ગાયું હતું ત્યારે બીજું પદ-

**રજની રાજ કીયો નિકુંજ નગર કી રાની**

આમ શ્રી સ્વામિનીજીનાં મનની વાત પણ ચત્રભુજદાસજી સંગીતમાં ગાયને સંભળાવતા હતા. આવી ઉંચ કોટીનાં ભાવને પહોંચેલા હતા, તેથી શ્રીનાથજી સિવાઈ પોતાનું ગાન બીજાની પાસે કરતા નહી. તેઓ તો લીલા રસ મગ્ન થઈ સદા સમય વ્યતિત કરતા જેથી આ જગતની માયાનો તેમને સ્પર્શ જ થતો નહી.

સંસાર શું છે માયા શું છે જગતમાં શું જોવું છે. તે કોઈ વિષય તેને સ્પર્શી શકતો નહી. કેવળ શ્રીજી ક્યાં બિરાજે છે. અત્યારે લીલા કઈ અને ક્યાં કરે છે, તેમાં જ મગ્ન બનીને રહેતા. એટલે તો શ્રી વલ્લભાવતારે સારસ્વત કલ્પની લીલા દરેક રીતે અનુકુળ હતી. ચોરી, હોરી, દાન, માન, બધી લીલાઓનો આનંદ લેતા. જે દિવસે તેમને પ્રથમ લીલાનો અનુભવ થયો હતો, ત્યારથી જ વ્યાપિ વૈકુંઠ સંબંધી લીલા સર્વત્ર દ્રષ્યમાન થવા લાગી હતી. નેત્રોથી લીલામય સ્વરૂપ દર્શન સિવાઈ કાંઈ જોવું ગમતું નહી. લીલામાં સદા મગ્ન રહેવાથી અન્ય રાગને તો કોઈ સ્થાન જ નહોતું. આઠો પ્રહર તેમાં જ રચ્યા પચ્યા હતા.

એકવાર કુંભનદાસજીએ પદ ગાયું." વે દેખો બરત ઝરોખન દિપક હરિ પોઢે ઉંચી ચિત્રસારી". આ એક જ તુક ગાય તે સાંભળીને ચત્રભુજદાસજી આ પોઢવાનું પદ છે તેની બીજી તુક ગાઈ, "સુંદર વદન નિહારન કારન બહુત યતન હું રાખે કર પ્યારી" આ સાંભળી કુંભનદાસજી સમજી ગયા કે શ્રી ગુંસાઈજીની મહદ્ કૃપા આના ઉપર થઈ છે. જેથી લીલાનાં રંગમાં પુરી રીતે રંગાઈ ગયેલ છે. તેથી ચત્રભુજદાસજી ક્યાંય પણ જાય, વેલા મોડા આવે તે સમજતાં કે શ્રીજી સાથે



ખેલવા ગયેલ હશે. તેને સંસારમાં રહેવા છતાં સંસારીક કોઈ વિચારજ કદી આવતો નથી. એમનું ચિત્ત શ્રીજી સિવાઈ બીજ ક્યાંય લાગતું જ નથી, લીલાનાં દર્શન કરી તેવું જ ગાન કરવું તેમાં જ સદા મગ્ન રહે છે.

એકવાર શ્રી ગુસાંઈજી ગોકુલમાં બિરાજતાં અને ગિરધરજી આદી બાળકો શ્રીજી ધ્વારે રહેતા ત્યાં રાસધારીયો આવ્યા તે વખતે શ્રી ગોકુળનાથજીએ શ્રી ગિરિધરજીને પૂછીને પરાસોલી ઉપર રાસ કરાવ્યો. કુશળ રાસધારીયોએ બહુ જ સુંદર ગાન કર્યું. ત્યારે શ્રી ગોકુલનાથજીએ ચત્રભુજદાસજીને આજ્ઞા કરી કે તમે કાંઈક ગાઓ; તે સમયે ચત્રભુજદાસજીએ ઉત્તર દીધો કે મારૂ ગાન સાંભળવાવાળા હાજર નથી. ત્યારે ગોકુલનાથજી એ કહ્યું કે હમણાં પધારશે. આ રીતનું વચન સિધ્ધ કરવા શ્રીનાથજીએ જઈ ગિરિધરજીને જગાડ્યા અને સાથે લઈને રાસમાં પધાર્યા. ચત્રભુજદાસજીએ બંનેનાં દર્શન કર્યા અને આનંદ મગ્ન બની ગાન શરૂ કર્યું.

**પદ ૧લું**

**અદ્‌ભુત નટ ભેષ ધરે યમુના તટ શ્યામ સુંદર**
**ગુણનિધાન ગિરિવર ધરન રાસ રંગ નાચે ।**
**યુવતિ યૂથ સંગ લીયે ગાવત કેદારો રાગ**
**અવધર વર વેણુ મધુર મધુર સપ્ત સ્વરન સાંચે ॥૧॥**
**ઉરપ તિરપ લાગ ડાટ તત તત તત થેઇ થેઇ**
**ઉઘટત શબ્દાવલી ગતિ ભેદ કોઉ ન બાંચે ।**
**'ચત્રભુજદાસ' પ્રભુ વન વિલાસ મોહે સબ સુર આકાશ**
**નિરખ થકચો ચંદ્રકો રથ પશ્ચિમ નહી આંચે ॥૨॥**

શ્રી યમુનાજીને કીનારે પ્રભુ નટનાગર ગુણસાગર ગિરિધારીએ રાસ મંડલની રચના કરી સાથે યુવતિજનો રાસમાં સહભાગી બનવા પહોંચી ગયા નટવર વેષધારી પ્રભુ સાત સ્વર તિન ગ્રામ આરોહ અવરોહ સંગીતનાં ભેદ બતાવતું ગાન કરવા, મુરલીને અધર પર ધારણ કરી મધુરે મધુરે સ્વગાન શરૂ કર્યું. બીજા અન્ય વાદનો ગોપીજન વગાડવા લાગ્યા, રાસ શરૂ થયો તેમાં પખાવજનાં સુંદર બોલો સ્પષ્ટ રીતે તાલનાં રૂપમાં જેમ કે જેવા નૃત્યનાં બોલ તેવા જ સુર પખાવજથી નીકળી મુરલીમાંથી નિકળતાં સ્વરો નૃત્ય અને ગાનને અનુરૂપ બની સર્વનાં મનને હરણ કરી લેતા. ઉરપ તિરપ લાગડાટ તત તત તત થેઈ થેઈ શબ્દાવલીનું મુખથી ગાન તથા ચરણોથી તેના ઠેકા શ્રી હસ્તથી ભાવ બતાવવા પૂરા શ્રીઅંગને નચાવીને ભાવો બતાવવા વિગેરે અતિ અદ્‌ભુત તાન, ગાન, નૃત્ય હાવ ભાવાદી સહિત

નવિન કળાથી રાસમાં નૃત્ય કરતાં યુવતીની સંગે રાસ રમતા અતિ આનંદ થયો. આકાશમાં ઉગેલો ચંદ્ર તેને તો પશ્ચિમ દિશા તરફ જવું જોઈએ પરંતુ આ રાસનું સ્વરૂપ નિહાળતાં ત્યાં ને ત્યાંજ સ્થિર થઈ ગયો મોટા દેવો જેમ કે મહાદેવજી, બ્રહ્માજી, નારદમુનિ વિગેરે તાલ સ્વરને બનાવવા વાળા રાગોનાં જાણકારો તેઓ દીગ્મુઢ બની ગયા કે આવા પ્રકારની નૃત્યકળા ગાન ગાનનાં ભેદો બતાવતું અમે જાણતા નથી. તેથી સાંભળતા સ્તબ્ધ બની ગયા આવું અદ્‌ભુત નૃત્ય કર્યું આવું ભાવવાહીત પદ સાંભળી શ્રીજી શ્રી ગિરધરજી વિગેરે બાળકો ખૂબ પ્રસન્ન થયા.

પદ ૨જું (રાગ : કેદારો)

**પ્યારી ભૂજ ગ્રીવા મેલી નિર્તત પિયા સૂજાન !**
**મુદિત પરસ્પર લેત ગતિ મેં ગતિ**
**ગુણ રાસ રાધે ગિરધરન ગુણનિધાન ।૧।**
**સરસ મુરલી ધુનિ મિલે મધુર સ્વર**
**રાસ રંગભીને ગાવૈ અબ દાર તાન બંધાન ।**
**'ચત્રભુજ' પ્રભુ શ્યામા શ્યામ નટવર દેખ મોહે**
**ખગ મૃગ વન શક્તિ ભયે વ્યોમ વિમાન ।।૨।।**

પ્રિયા પ્રિતમ રાસમાં ગલે બાંહ રાખી નૃત્ય ગાન કરી રહ્યા છે. યુગલ સ્વરૂપ નૃત્યગાન તો આનંદ લેતા ગતિ ગતિ મેળવતા ગુણોનાં રાસી એટલે ગુણોની સીમા રૂપ, તેમજ ગિરિધર ગુણ નિધાન પરસ્પર કેલી કરી રહ્યા છે. શ્યામ સુંદર મુરલીમાં સ્વર પુરી મધુર નાદથી તાન બંધાન સહિત વાદન કરી રહ્યા છે. ચત્રભુજ દાસજી કહે છે કે શ્યામા અને શ્યામ બંને નટવર રૂપમાં જોઈ મોહિત થયા અને વન, વૃક્ષ, ખગ,મૃગ વિગેરે ચક્તિ થયા. તેવા જ આકાશમાં ઉડતા વિમાન ઉભા રહી ગયા ગાનમાં મોહિત બનેલા દેવો છે તેથી તેઓ સંગીતનાં તથા તાલોનાં ભેદ જાણી શકે, પરંતુ અત્રે તો અવધર તાન બંધન હર વખત નવિન કળા નવિન તાલ નવિન ગાન, આમાં દેવતાઓ સમજી ન શકે એને સાંભળવામાં આનંદ આવે પરંતુ પરખવાની શક્તિ તેમનામાં ન હોવાથી અકળાઈ જતાં આવા આવા સુંદર ભાવવાળા રસરૂપ પદો ચત્રભુજદાસજીએ ગાયા. રાસમાં સહુને બહુ જ આનંદ આવ્યો. શ્રીજી ઘેરે આવી પોઢયા-સવારે જગાવવાનાં સમયે શ્રીજીને રાતનાં જાગરણથી શ્રમ જાણી હજુ જગાવ્યા નહોતા. ત્યાંજ ગોકુલથી શ્રી ગુસાંઈજી પધાર્યા અને ગિરધરજીને પૂછ્યું કે શો સમય છે. ત્યારે કહ્યું કે રાત્રે શ્રીજી રાસમાં પધાર્યા હતા તેથી શ્રમિત સમજી હજુ જગાડ્યા નથી. ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરીકે શ્રીજી તો નિત્ય રાસમાં પધારે છે. એ તો નિત્યલીલા છે. તેમાં તે શ્રમ માનતા



નથી. પરંતુ તમોએ આગ્રહ કરીને પધરાવ્યા તેમ ન પધરાવવા. ત્યારે શ્રી ગિરધરજીએ કહ્યું શ્રીજી સ્વયં ઉંઘમાંથી ઉઠાડી સાથે લઈ ગયા હતા. મેં શ્રમ આપ્યો નથી. ત્યારે શ્રી ગુસાંઈજી સમજી ગયા કે ચત્રભુજદાસજીનું આ કામ છે. તેની ભાવનાની રીતે શ્રીજી પધાર્યા છે.

એકવાર શ્રી ગુસાંઈજી શૃંગાર ધરાવી આરસી બતાવતા હતા ત્યારે ચત્રભુજદાસજીએ આ પદ ગાયું.

(રાગ : બિલાવલ)

**સુભગ શૃંગાર નિરખ મોહનકો લે દર્પન કર પિયહી દિખાવે !**
**આપુન નેક નિહારિયે બલિ જાઉં આજકી છબિ કછુ કહત ન આવે ।।૧।।**
**ભુષન વસન રહે છબિ ઠાંય ઠાંય અંગ અંગ છબિ ચિત્ત હી ચૂરાવે**
**બાર બાર પુલકિત તન સુંદરી ફૂલન રચિ રચિ માલ બનાવે**
**અંચલ વાર કરત ન્યોછાવર તન મન અતિ અભિલાષ બઢાવે**
**'ચત્રભુજ' પ્રભુ ગિરિધરન રૂપરસ પિવત નેન પૂટ તૃપ્તિ ન પાવે**

આ પદમાં ચત્રભુજદાસજીએ શ્રી ગુસાંઈજીના મનની વાત જાણીને ગાયું છે.

શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીને શૃંગાર ધરાવ્યો તે એવી સુંદર છટાથી શ્રીજીએ દર્શન દીધા પ્રસન્નતા બતાવી કે એક મેકને નિરખતા શ્રી ગુસાંઈજી શ્રીજીનાં શૃંગારની છટા જોઈ પ્રસન્ન થયા તેમ શ્રીજી શ્રી ગુસાંઈજી તરફ દ્રષ્ટિ કરી વાત્સલ્ય ભાવથી એક મેકની દ્રષ્ટિ એક જ થતી જોઈ જાણે કેમ બંને એકજ છે ભિન્ન નથી. 'રૂપ બે ઉ એકને ભિન્ન થઈ વિસ્તરે' તે મુજબ એક રૂપે શૃંગાર ધરાવી પ્રસન્ન થયા અને બીજા રૂપે શૃંગાર ધરીને પ્રસન્ન થયા. આવી અદ્‌ભુત ઝાંખી ચત્રભૂજદાસજીને થઈ. શ્રી ગુસાંઈજીના મનમાં શ્રીજીને પ્રસન્ન રાખવાની હતી કે શૃંગાર જોતાં જ આપ પ્રસન્ન થશે. આપ શૃંગાર ધરાવી શ્રી અંગની છટા જોઈ હાથમાં દર્પન લઈને શ્રીજીને બતાવે છે આપ જરા નિહાળી જુઓ આજની છટા કેટલી સુંદર છે કે તેનું વર્ણન કરવું અશક્ય છે. શ્રી અંગમાં વસ્ત્રાભૂષણ ઠાંઈ ઠાંઈ ધરાવેલ છે, પ્રત્યેક અંગની શોભા મનહરની છે. જ્યાં દ્રષ્ટિ પડે ત્યાં જ સ્થિર થઈ જાય છે. આરસી બતાવી તેમાં શ્રીજીયે નિજરૂપ જોયું અને શ્રી ગુસાંઈજી તરફ તાકી રહ્યા આ છબીનું વર્ણન થઈ શકતું નથી. 'રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે' તે મુજબ ઝાંખી ચત્રભુજદાસજીને થઈ, વારે વારે દર્શન કરી તન પુલકિત તન સુંદરી જે ફૂલોની માળા નિતનવી સુંદર બનાવી ધરાવે છે તેનાં મનની અભિલાષા વધતી જાય છે. વૃજ સુંદરીયો કે જેનાં ચિત્ત પ્રભુએ ચોરી લીધા છે. તેઓ આજની શોભા પર વારી જાય છે. આવું અદ્‌ભુત રૂપ, રસ, મુખની શોભાનું આ નયનોથી

પાન કરતા તેને તૃપ્તિ થતી નથી આંખોનાં પલક સ્થિર થઈ જાય છે. આવું ગાન કર્યું છે.

અંતર્ગત - પ્રભુ જયારે ભુતલ પર પધારે છે ત્યારે લીલા સામગ્રી સાથે હોય છે. ભક્તોનું સંસારમાં આવવું તે પ્રભુ ઈચ્છાથી જ હોય છે. અંતરંગ ભક્તો પ્રભુની સંગે લીલા કરવાવાળા તેઓ પ્રભુનાં મનની પણ જાણે છે. સદાને માટે પ્રભુની પાસે જ રહે છે. છતાં પ્રભુ કયારેક તેને વિરહનો અનુભવ કરાવવા થોડો વિયોગ આપી સ્નેહમાં અતિ વૃધ્ધિ કરે છે. ભક્તોનાં હ્રદયમાં તો પ્રભુ બિરાજમાન હોય જ કેમ કે ભક્તનું જીવન પ્રભુ છે. લીલાનું ચિંતન કરતા ચત્રભુજદાસજીએ રાસનાં સમયમાં માન મિલાપની સ્મૃતિ આવી તે વખતે આવું પદ ગાયું હતું.

**(રાગ : કેદારો)**

રાસનાં દિવસોમાં માન મિલાપનું પદ

**મિલહી નાગર નવલ ગિરિધર સુજાન કો ॥**
**સુંદરી કનક તન સાજી ભુષન બસન**
**કુંજ કે મહલ ચલ બેગ તન માન કો ॥૧॥**
**તરનિ તનયા તીર પરમ રમણિય બન વિહર**
**સંગ કરહી બસ સબ ગુન નિધાન કો ॥**
**સુન શ્રવણન બડભાગિનિ નિરખ નટવર રસિક મુરલી ગાન કો ॥૨॥**
**''ચત્રભૂજપ્રભુ'' ચતુર ચિંતામની કરત અભિલાષ**
**તુમ અધર સુધા પાન કો ॥**
**અર્પી સર્વસ્વ કુસુમ સેજ સખિ બેઠતું ભેટ સુંદર**
**સુભગ અંગ અંગ સુઠાનકો ॥૩॥**

**ભાવાર્થ** - એક સખી શ્રી સ્વામિનીજીની પાસે જઈને વિદિત કરે છે. અભીતક પ્યારીજુ આપ યહાં બિરાજો છો હવે મારી વાત માનો મનની હઠ છોડો. નાગર નવલ ગિરિધરને જઈને મળો. (પ્રભુની નિત્યલીલા નવિનતમ હોય છે, નિત્ય માન- નિત્ય રાસ તેમજ પ્રભુનું રૂપ સૌંદર્ય નવિનતમ તેવી રીતે શ્રી સ્વામિનીજીનું પણ નિત્ય નવિન રૂપ સુંદરતા એક સરખી છતાં નવિન જ રહે છે) આજે તો નવલરૂપ સ્વરૂપે બિરાજે છે. જોવા જેવું છે.

હે કનક વરણી રાધિકા તમે પણ નવિન વસ્ત્રાભુષણ શ્રીઅંગમાં ધારણ કરીને કુંજ મહેલમાં પધારો. જુઓ શ્રી સુંદર યમુના કિનારે અતિ સુંદર કુંજ મહેલમાં તે બિરાજે છે.આસ પાસ રમણિય બધુ શોભી રહ્યું છે. ત્યાં જઈને જોતાં જ ચિત્ત પ્રસન્ન થઈ જશે. અત્યારે સુંદર મધુર મુરલીમાં કેદારા રાગનું શ્રવણ મળશે.



આવું સુંદર રસભર્યું ગાન સાંભળી નંદનંદનને પ્રેમથી ભેટી તેમને પ્રસન્ન કરો. રસિલો નંદનંદન આપની આવવાની રાહમાં મુરલી દ્વારા બતાવે છે. નિકુંજમાં કુસુમની સેજ એવી સુગંધીથી ઓપી રહી છે. આપને બિરાજવા સજાવી તૈયાર કરાવી છે, હે રાધે તુરતમા પધારો અને અધર રસનું પાન કરાવો.

આવી રીતના ભાવનાના કિર્તનો ચત્રભુજદાસજી ગાયા છે. જયારે વિયોગ થાય વિરહ થાય તે સમયે એક એક યાદ આવે તે તે લીલામાં મગ્ન બની જવાય. શ્રીજીના વિરહમાં વ્યાકુલ રહેતા. જોકે શ્રીજી તેનાં હ્રદયમાં તો સદાય બિરાજતાં પરંતુ સાથે ખેલવાનું તથા નિત્ય નવિ લીલાનાં દર્શન કરી તેવુ જ પદ ગાયને યુગલ સ્વરૂપને રીઝાવવાનું સુખ મળતું નહી તેથી વિરહ રહેતો.

શ્રી ચતુર્ભુજદાસજીના ભાવની કલ્પના આવતી નથી. પ્રભુએ જેવી બુધ્ધિ આપી તેવી રીતે સૂક્ષ્મ ભાવાર્થ લખાયેલ છે.

**પદ ૧૫૫મું (રાગ : બિહાગ)**

**દ્દઢ ઇન ચરન ન કેરો ભરોસો ।**
**શ્રી વલ્લભ નખ ચંદ્ર છટા બિન સબ જુગમાં જુ અંધેરો ॥૧॥**
**સાધન ઔર નહી યા કલીમે, જાસુ હોત નિવેરો ।**
**'સૂર' કહા કહે દ્વિવિધ આંધરો, બિના મોલ કો ચેરો ॥૨॥**

ભાવાર્થ - સૂરદાસજીએ આ પદ ગુઢ ભાવથી કરેલ છે. સુરદાસજી જયારે ચંદ્રસરોવર આવી લીલામાં પ્રવેશ કરવાની ઈચ્છા રાખતા. તે વખતે શ્રી ગુસાંઈજીની પધારવાની રાહ જોતાં હતા. આ બાજુ શ્રી ગુસાંઈજી પણ શ્રીનાથજીની સેવામાં હતા, રાજભોગ આરતી કરી ત્યાં પધાર્યા હતા. ત્યાર પહેલા વારે વારે સમાચાર પુછાવતા કે સૂરદાસજી કૈસે હે, સેવક કહેતા કે અચેત અવસ્થામાં છે. કોઈથી વાતચિત્ત કરતા નથી. શ્રી ગુસાંઈજી પણ સૂરદાસજી પાસે જવા માટે શ્રીજીની રાજભોગ આરતી કરી ચત્રભુજદાસજી વિગેરે સેવકોને સાથે લઈને સૂરદાસજીની પાસે પધાર્યા. ત્યારે શ્રી ગુસાંઈજીએ આજ્ઞા કરી કે પુષ્ટિ માર્ગકો જહાજ જાત હે જીનકું જો ચહીયે સો લેલો. તે વખતે ચત્રભુજદાસજીએ શ્રી સૂરદાસને પ્રશ્ન કર્યો કે તમે સવા લક્ષ પદ બનાવ્યા તેમાં એકેય પદ શ્રી મહાપ્રભુજીનું બનાવ્યું નથી. ત્યારે સૂરદાસજીએ કહ્યું કે મેં તો બધા શ્રી મહાપ્રભુજીના જ બનાવ્યા છે, બીજા કોઈના બનાવ્યા નથી. પરંતુ તારા માટે બનાવું છું એમ કહેતા કહ્યું કે શ્રી મહાપ્રભુજી શ્રીજી એકજ રૂપ છે, એમ જાણીને જુદુ યશોગાન કર્યું નથી. એમ કહી શ્રી ગુસાંઈજીના ચરણોમાં હાથ ધરી ગાયું. 'દ્દઢ ઈન ચરનન કેરો ભરોંસો' મને તો આ ચરણારવિંદનો જ ભરોંસો છે, હું

શ્રીજી શ્રી વલ્લભ, શ્રી ગુસાંઈજી ત્રણેને એકજ રૂપ જાણું છું. શ્રી વલ્લભનખચંદ્રની છટા બિનાં સારા જગમાં અંધારું જ છે. આ કલીકાલમાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય થયું છે. એટલે એમની જ કૃપા વિનાં અજ્ઞાન રૂપી બધુ અંધારૂ છે. પ્રાકૃતિ ચંદ્ર તો સમય પર જ આવે ને સમય સમય પર અસ્ત થાય છે. એટલું જ નહી દેખાતો ચંદ્ર તે પોતાની છાંયમાં આવવાવાળા ભાગમાંથી જ પ્રકાશ વડે અંધકાર દૂર કરે છે. પરંતુ અંતરમાં અજવાળું કરવા તે શક્તિમાન નથી, તેથી અંતઃકરણમાં પ્રકાશ કરવા માટે તો શ્રી વલ્લભનાં નખચંદ્રની છટા જ અંધકાર દૂર કરી શકે છે. વળી આ ચંદ્રની કળા ઓછી વધતી થાય છે. સુદી ૨ થી પૂનમ સુધી રોજ રોજ વધતા પૂનમે પૂર્ણ થાય વળી વદીમાં રોજ રોજ ઘટતો જઈ આખરે વદી અમાવસ સંપૂર્ણ અંધકાર બને છે. સબ જુગમાંજુ અંધેરો તે અજ્ઞાન રૂપી અંધારૂ અમાવસની રાત કહેવાય તે અંધારાને દૂર કરવા શ્રી વલ્લભ નખચંદ્ર સમર્થ છે. વળી લૌકીક વૈદિક બંને પ્રકારનું મેં નથી જાણ્યું કે નથી કર્યું તેથી બંને વાતથી હું આંધળો જ છું. બાહરી નેત્રોથી મેં કાંઈ જોયું જ નથી પરંતુ ભીતર શ્રી વલ્લભ નખચંદ્રની છટાથી હૃદયમાં પૂર્ણપ્રકાશ મળેલ છે હું તો એ રીતે બીના મોલકો ચેરો છું.

સૂરદાસજી નું નાનું એવું કીર્તન પરંતુ પૂર્ણ ભાવથી ભરેલું છે. મહાનુભાવિ વૈષ્ણવજને જેવી રીતે અક્ષરે અક્ષરનો સાર બતાવ્યો છે તે નીચે મુજબ-

દૃઢ ઈન ચરનન કેરો ભરોંસો - પહેલા પદમાં ૧૩ અક્ષર કહ્યા છે. તે અષ્ટાક્ષરનાં આઠ અને પંચાક્ષરના પાંચ મળી ૧૩ થયા. શ્રી મહાપ્રભુજીની કૃપા કટાક્ષથી અષ્ટાક્ષર પંચાક્ષરનો સાર સમજીને તેનું સ્મરણ કરવું તે સાર નીકળે છે. આ અમોલ રતન શ્રી મહાપ્રભુજીએ શરણાંગત જીવોને આપ્યા છે. શ્રી વલ્લભ નખ ચંદ્ર છટા બિન સબ જુગમાંજ અંધેરો આ બીજા પદ (લીટી)માં ૨૧ અક્ષરનો મેળ છે. તેમાં તેની શુધ્ધી જેમ કે પ્રાણ ૧૦ અને અગિયાર ઈંદ્રિયો પાંચ જ્ઞાનેન્દ્રિયો આંખ, કાન, જીભાન, નાક, ચામડી અને પાંચ કર્મેન્દ્રીયો હાથ પગ ઉદર અને આગળ પાછળની મળી ૨ ઈંદ્રિયો અને કર્મેન્દ્રીયો તે બંને મળી દશ, મન મળી ૨૧ થયા, તેની શુધ્ધિ શ્રી વલ્લભનાં નખચંદ્રની છટાથી થાય છે.

**ત્રીજું પાદ=સાધન ઔર નહી યા કલીમેં જાસો હોય નિવેરો**

આ પાદ ૧૮ અક્ષરનું છે. આના સિવાઈ કલીયુગમાં બીજું સાધન નથી કે જેનાથી કોઈ કામ બની શકે.

અઢાર અક્ષરનો વિસ્તાર શ્રી ગીતાજીનાં અધ્યાય અઢાર છે, અઢાર પૂરાણોના સારરૂપ છે. ભાગવતનાં શ્લોકો અઢાર હજાર છે. તેથી એક અક્ષરના ભાવે ગીતાજીનો એક આધ્યાય થયો, તેમ ભાગવત્ પૂરાણના એક અક્ષરના ભાવે એક હજાર શ્લોકો થયા.



ચોથુ ચરણ : સૂર કહા કરે દ્વિવિધ આંધરો - આ પદમાં ૧૯ અક્ષરો છે. તેમાં શ્રી સુબોધિનિજીમાં ૧૯ સ્વરૂપનું વર્ણન છે. તેમાં આઠ શ્રી કૃષ્ણનાં નવમાં શ્રી મહાપ્રભુજી દશમાં ગોપિનાથજી ૧૧માં શ્રી ગુસાંઈજી હવે ૧૨ થી લઈને ૧૮ તે સાત થયા. તે સાતો લાલજી મળી અઢાર અક્ષરનો સાર બતાવ્યો છે. આ પદમાં તુક બેજ છે. તેને વેદથી જોતાં કર્મ અને જ્ઞાન મુજબ બે જ લીટી જ તે વેદો ચાર છે, આ પ્રમાણે ગીતા, ભાગવત, અને વેદોનો સાર અત્રે બતાવ્યો છે. તેમજ તેની ભાવના સંયોગ અને વિપ્રયોગ સેવામાં પણ ભાવ બંને છે. સંયોગ અને વિપ્રયોગ સેવામાં પણ યુગલ સ્વરૂપની બતાવી છે. તે સેવા પણ બે પ્રકારથી સિધ્ધ થાય ભાવ ભક્તિ આમ ચાર લીટીમાં સૂરદાસજી ઘણું ઘણું કહ્યું છે.

(૧) માં ૧૩ અક્ષર (૨) ૨૧ અક્ષર (૩) ૧૮ અક્ષર (૪) ૧૯ મળી કુલ ૭૧+૧૩=૮૪ અક્ષર થયો તેમાં ધ્રવપદ ૧૩ મેળવવાથી ચોર્યાશી થાય.

ચોર્યાશી લક્ષ યોનિમાંથી મુક્ત થવા શ્રી વલ્લભનો આશરો જરૂરી છે. તેમનાં નખચંદ્રનાં છટાથી અજ્ઞાન રૂપી અંધારૂ દૂર થશે, વળી બ્રહ્મસંબંધના અક્ષર પણ ચોર્યાશી છે તે આત્મ સમર્પણ નો મંત્ર છે. આ રીતે સમર્પિત થઈને રહેવાથી ૮૪નો ફેરો ટળી જશે.

વળી શ્રી મહાપ્રભુજીના સેવકો રત્ન રૂપી ૮૪ છે. આવી રીતે આ પદનો ગૂઢાર્થ અત્રે સુક્ષ્મ રીતે આપ્યો છે.

- દા.દા. મથુરાદાસ જીવરાજ મુખીયાજીના
સદૈન્ય જય શ્રીકૃષ્ણ
તા. ૧૯-૧-૨૦૦૦, રાજકોટ.

## પદ

તારો અમુલખ અવસર જાય રે, ગોવિંદ ગારે,
ગોવિંદ ગા ગોપાળ ગા, ગોપીજનવલ્લભ ગારે;
જેણે ક્ષણે ક્ષણે હાનિ થાય, ગિરિવરધારી ગારે. ટેક૦

મૂરખ તું સમજે નહીં, આયુષ ઓછું થાય;
જયમ સરોવરની માછલી, સમજે નહીં સલિલ સુકાયરે. ગો૦ ૧

તેનું તે ભાસે તુંને, ભોર બપોર શરીર;
વહી જાતું જાણે નહીં, જયમ નદીઓ કેરૂં નીર રે. ગો૦ ૨

અમુલખ લટકું લાભનું, ચેત્યા તે પામ્યા પાર;
ચાર દિવસની ચાંદની, જાતાં નહિ લાગે વાર રે. ગો૦ ૩

માયાની મધલાળથી, કોણ ધરાયું તું ધરાશ;
દુગ્ધામાં બન્ને જશે, પાછળથી પસ્તાશે રે. ગો૦ ૪

ઠાલાં થોથાં કૂટતાં, ખુટયું દીપક તેલ;
મનના મનોરથ રહી જશે, ઓચિંતો તૂટી જાશે ખેલ રે. ગો૦ ૫

માયા મેવો મીઠડો, જયમ માંહે ધીજ;
હરિ રસાયણ ગુણ ઘણો, ઔષધ જાણીને પીજ રે. ગો૦ ૬

વૈભવ તુજને મૂકશે, કે તું મૂકી જાશ;
એ જૂઠા કેરા સંગથી, તું સાચાં ગોથાં ખાશ રે. ગો૦ ૭

પ્રભુ પાખે હે પ્રાણિયા, કયહુ મા પ્રીત કરીશ;
તારૂં ઢાંકયું અંતર ધીકશે, ટટળીને તલખી મરીશ રે. ગો૦ ૮

અંતે આવી પળ નહિ મળે, જો કરે કોટિ ઉપાય;
વિચાર વિઠલ વણ ભજે, વૃથા વહ્યું સહુ જાય રે. ગો૦ ૯

તને લક્ષ વાતની એક કહું, સમ ખાઈ માબાપ;
**'દયા'** નામ શ્રીકૃષ્ણ થકી, સમશે સહુ પરિતાપ રે. ગો૦ ૧૦



## ગરબી

(રાગ : રાધા માધવ મનમાં વસ્યાજી )

સરવનો સિદ્ધાંત સતસંગ છે,
માનોની તમે સર્વનો સિદ્ધાંત સતસંગ છે. ટેક૦

ધન્ય ભાગ્ય તેનું ત્રિભોવનમાં;
જેને હરિના સંગીનો સંગ છે. માનોની તમે૦ ૧

નિજ સરખો તે કરે મળતાં જયમ;
નીચ જળ ગંગ મળતાં ગંગ છે. માનોની તમે૦ ૨

એમાં સરવ જપ વ્રત તીરથ ધર્મ;
નેમ યોગ અષ્ટાંગ છે. માનોની તમે૦ ૩

અધમ પતિત મહા થાય સર્વોત્તમ;
એવો જેનો સબળ પ્રસંગ છે. માનોની તમે૦ ૪

ગોબરકીટને સુંધાડે પરિમલ પુષ્પનો;
એટલો પ્રતાપ તુછ ભૃંગ છે. માનોની તમે૦ ૫

વણસ્યું કામ કલપનું તે પલકમાં સુધારે;
એવી જેની બુદ્ધિઓ ઉત્તંગ છે. માનોની તમે૦ ૬

અવળાનું સવળું કરી નાખે;
ભાગે અઘ દુઃખ જે અભંગ છે. માનોની તમે૦ ૭

રાત દિવસ સતસંગમાં ગમે **'દયા'**;
તે બેઠા શ્રીહરિને ઉછંગ છે. માનોની તમે૦ ૮

## પદ

સાચું તે સગપણ રે, સમજ મન શ્યામ તણું;
બાકી સહુ જૂઠું રે, કશું નથી કામ તણું; ટેક ૦
માત તાત સુત ભ્રાત ને ભગિની, સગાં સહોદર સોય;
કુળ કુટુંબ સખા ગોત્રને જ્ઞાતિ, એમાં તારૂં તે છે નહીં કોઈ.
સગું એ તો સરવે રે, કામ ને દામ તણું.સાચું તે ૦ ૧
જનની જનક એમ કર્યાં કેટલાં, તેં જેટલી ધરી દેહ;
લ્હેણાદેણીનો સંબંધ છૂટયો, ત્યારે મૂકી ગયા સહુ તેહ,
કોઈએ ના બતાવ્યું રે, ઠેકાણું વિશરામ તણું. સાચું તે ૦ ૨
જોની આ હરિવણ હેત ધરીને, કોણ આપે મનુષ અવતાર;
પશુ પક્ષી ફોડીને આપ્યો તને ભજન તણો અધિકાર,
ભજે તેને આપે રે, પદ નિજ ધામ તણું. સાચું તે ૦ ૩
અણુ આસક્તિ કયહું મા રાખીશ, માયા મનથી છોડ;
નિશ્ચિત થઈ સહુ શોક તજીને, પ્રીત પ્રભુજી શું જોડ,
'દયા' દિન રજની રે, રટણ કર રામ તણું. સાચું તે ૦ ૪

## પદ - વિનંતિ

મહારે અંત સમય અલબેલા, મૂજને મૂકશો મા;
મહારા મદનમોહનજી છેલા, અવસર ચૂકશો મા. મા૦ ૧
હરિ હું જેવો તેહેવો તમારો, મુજને મૂકશો મા;
શ્રીગુરૂ સોંપ્યે સંબંધ વિચારો, અવસર ચૂકશો મા. મા૦ ૨
મહારા દોષ કોષ સંભારી, મૂજને મૂકશો મા;
શરણાગતવત્સલ ગિરિધારી, અવસર ચૂકશો મા. મા૦ ૩
હરિ મહારે ધર્મ નથી કોઈ સાધન, મૂજને મૂકશો મા;
નથી સત્સંગત સ્મરણ આરાધન, અવસર ચૂકશો મા. મા૦ ૪
શ્રીપતી સર્વાત્મા સર્વોત્મ, મૂજને મૂકશો મા;
મહારા પ્રાણજીવન પુરૂષોત્તમ, અવસર ચૂકશો મા. મા૦ ૫
સમર્થ કરૂણાસિંધુ શ્રીજી, 'દયા'ને મૂકશો મા;
મહારે ઓથ નથી કોઈ બીજી, અવસર ચૂકશો મા. મા૦ ૬